વ્રજ કાર્તિક કૃષ્ણ પક્ષ ૫. ૨૦૬૭


ગુર્જર આસો વદ ૫. ૨૦૬૬



।। श्रीगोकुलेशो जयति ।।

શ્રીગોકુલેશ પાઠશાળા – વિશેષ અંક

શ્રીમાલા-તિલક ઉદ્ધાર પ્રસંગ – કલ્લોલ ૮



श्रीगोकुलनाथ बड़े महाराज,

तिलक मालकी राखी लाज ।

दिल्लीपतिकौ परचौ दियौ,

भक्त मनोरथ पूरण कियौ ।।

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીમાલોદ્ધાર પ્રસંગ

નિવેદન

શ્રીગોકુલ કેરો રાય, શ્રીવ્રજમાં કરે વિહાર;

નિજ-જનના વરણાના કારણ, લિધો ભૂતલ પ્રાગટ્ય ઉપહાર. ૧

જે શોભા શ્રીમુખ માધુરી ઝલકે, જે મુખ કમલ શ્રીતિલક બિરાજે;

ઉર પ્રદેશ સુંદર સુખ રાજે, ત્યાં બિરાજે શ્રીમાલા સુખ કાજે. ૨

શ્રીમાલા-તિલકની શોભા, નિત્ય છે દિન રાત;

ઉર-લલાટ નિત્ય બિરાજે, સંગે અખિલ ભુવનના નાથ. ૩

સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક વૈષ્ણવોને જૈ જૈ શ્રીગોકુલેશ.

આપણે ગોપાલદાસભાઇ વ્યારાવાળાએ અનુભવેલ શ્રીમાલોદ્ધાર પ્રસંગનું નિદર્શન ગોપાલદાસભાઇએ ૭માં કલ્લોલથી પ્રારંભ કર્યો છે. જે આપણે હવે આ ૮માં કલ્લોલથી આગળ જોઇશું. આ એક અદ્‌ભૂત, ઐતિહાસિક, ગંભિર પ્રસંગ છે, જે આપણા સર્વદા સેવ્ય શ્રીચતુર્થકુમાર શ્રીમદ્ ગોકુલેશ પ્રભુચરણે અતિ પરિશ્રમ કરી શ્રીમાલા-તિલકની લાજ રાખી. આ પ્રસંગ આપણને આદેશ પ્રદાન કરે છે કે જે પરિશ્રમ આપશ્રીએ કર્યો છે, તે પરિશ્રમનું ફલ તો એજ છે કે આપણે પણ શ્રીમાલા-તિલકનું રક્ષણ કરીએ અને સદૈવ પોતાના શરીર પર ધારણ કરીએ.

શ્રીમાલા-તિલક તો વૈષ્ણવી શોભા છે. ગોપાલદાસભાઇએ શ્રીગોકુલેશ પ્રભુ દ્વારા વ્યક્ત શ્રીમાલા-તિલકના સ્વરૂપનું વર્ણન આપણે કલ્લોલ ૭માં જોઇ આવ્યાં છીએ, જે આપણા સૌની માટે અવશ્ય મનનનીય, આચરણીય છે. આઓ, હવે આપણે આગળ આ ૮માં કલ્લોલ સમજીએ.

શ્રીનાથજીસો પ્રીત રાખી, આચાર્ય રીત રાખી હૈ

ધર્મકી પ્રતીત રાખી, રાજ રીત રાખી હૈ

કુલકી મરજાદ રાખી, ભક્તનકી લાજ રાખી,

ભક્તિ સિંધુપેં પાજ બાંધી, ટેક દઢ રાખી હૈ

કહત ગહર ગોપાલ ખાખી, મુખ ધૂર નાખી,

આખી ભૂમિ જાકી, વાહ વાહ ભાખી,

ચારોં વેદ સાખી, શુક પુરાનન ભાખી,

તુલસીકી માલા, શ્રી ગોકુલેશને રાખી હૈ.

ભાવત્ક :- દાસ ગોપાલ અને જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

મઠપતિ કલ્યાણ ભટ્ટ

વિરચિત

શ્રીગોકુલેશ લીલા સુધા સિંધુ

અંતર્ગત

કલ્લોલ ૮

તરંગ ૧

શ્રીગોકુલેશ પ્રભુચરણને સેવકની વિનંતી :

કેટલાક સમય વીત્યા બાદ, જ્યારે શ્રીચતુર્થકુમાર શ્રીમદ્ ગોકુલેશ પ્રભુચરણ શ્રીમદ્ ગોકુલ પોતાના નિજમંદિરમાં પ્રસન્નમુખે બિરાજી રહ્યાં છે, ત્યારે આપશ્રીના એક સેવકે આવીને શ્રીગોકુલેશ પ્રભુની પાસે આવીને દંડવત્ પ્રણામ કર્યા અને હાથ જોડીને વિનંતી કરી : 'હે ઈશ્વરેશ્વર ! હે ગુણણિધિ ! કલિયુગના જીવ ઉદ્ધારવા માટે જે જે વિજ્ઞપ્તિ કરી હતી, તે સર્વ ઘણું કરીને આપે સિદ્ધ કરી છે.

હવે આટલું બાકી રહે છે; મ્લેચ્છોનો તે રાજા જહાંગીર એક દુષ્ટ સંન્યાસીના સંગથી દુષ્ટ થઇ, તેની માયાથી મોહિત થયો છે. તેના કહેવાથી જ ભગવદ્ ધર્મના વિરોધમાં તે બાદશાહ પ્રવૃત્તિ કરી રહ્યોં છે. તેના સેવકો તે ભગવદ્ધર્મ વિરોધને જ ધર્મરૂપ સમજે છે. હે પ્રભુ ! તેમનો ઉદ્ધાર કરવાનું આપનાથી જ શક્ય છે, અન્યથી નહિં. કંસ વગેરે અસુરો કરતાંય વધારે ધૂર્ત, અત્યંગ બળવાન, અને સંન્યાસી વેષધારી અસુર આપણાથી જ જીતાયો છે; અને હે પ્રભુવર ! આપશ્રી જ અખિલ વૈદિકધર્મની અને ભગવદ્ ધર્મમાર્ગની રક્ષા કરી છે. અને અત્યંત પાવનકારી અને મંગલમય તુલસીમાલા, ચક્ર, કમલ, શંખ, ગદા આદિ મુદ્રાઓ ભગવદીઓ દ્વારા ધઅરણ કરવા રૂપી માર્ગની હે ગુણસાગર ! આપશ્રી એ જ જોકે રક્ષા કરી છે.

તો પણ મથુરા અને વૃન્દાવનવાસીઓ, દેશાંતરમાં રહેતા સઘળા જે લોકો તેના સેવક હોવાથી પોતાને બરાબર ઓળખતા નથી, તેઓ પણ હે પ્રાણપતિ ! વાસ્તવમાં તો આપના જ દાસ છે; હે વિભો ! તે તે અનર્થોમાંથી આપ જ તેમનું રક્ષણ કરી શકો તેમ છો. તેમનાં જે જે ઈચ્છિત ફલ છે, તે તે આપજ પૂર્ણ કરી શકો તેમ છો. તે બળવાન સંન્યાસીએ તે સર્વને મ્લેચ્છોના ચક્રવર્તીનો ભય બતાવી તેમને ધર્મવિમુખ કર્યો છે. હે પ્રભુ ! તેમનું તે તે કાર્ય સિદ્ધ થાય તેમ આપ કરો.

વળી પોતાના જન્મસ્થળ પ્રયાગમાં જઇ, ત્યાંથી ગઢાનગર, દ્વારિકા, પછી કુરુક્ષેત્ર અને હરિદ્વાર (ગંગાદ્વાર)માં પધારી, આપે ઘણા લોકોનો ઉદ્ધાર કર્યો છે. હે સૌન્દર્યનિધિ! એમાંથી કેટલાક જીવતો આપે સાક્ષાત્ અને કેટલાકનો તો પરોક્ષ રીતે બીજાઓ દ્વારા ઉદ્ધાર કર્યો છે. પરંતુ હે પ્રાણેશ્વર! કાશ્મીરનો પ્રદેશ તો યવનોના સંસર્ગથી અત્યંત દુષિત છે. સ્વભાવથી જ તે સદ્ધર્મથી વિમુખ છે. હે પ્રભુ! જે પ્રદેશમાં સુજ્ઞ લોકો અલ્પ પણ વેદ જાણતા નથી, પુરાણો અને સ્મૃતિઓ પણ જાણતા નથી, તો પછી તેમનો અર્થપરામર્શ જાણે જ ક્યાંથી?

તેઓ વૈદિક ક્રિયાઓ પણ જાણતા નથી. વર્ણ, ધર્મ અને આશ્રમ ધર્મ પણ જાણતા નથી. વળી કેટલાક મ્લેચ્છોનો જ વેશ ધારણ કરે છે, મ્લેચ્છ ભાષા બોલે છે, ને મ્લેચ્છના જ આચાર પાળે છે. વળી કેટલાક તો અભક્ષ્ય વસ્તુનું સતત ભક્ષણ કરે છે. કેટલાક તો મ્લેચ્છના ઘરમાં જ રહે છે, બેસે છે, ભોજન અને શયન પણ ત્યાં જ કરે છે. આ પ્રમાણે તેઓ સર્વ વ્યવહાર સદા તેમની સાથે જ કરે છે. તેમની સ્થિતિ યવનોના જેવી જ છે. આમાં વધારે શું કહેવું? બીજા કેટલાકે કાસીમ સંજ્ઞા ધારણ કરી છે.

બાકીના કેટલાક અહમદ, જમાલ અને લતીફ નામવાળા છે. તેઓ આપનું નામ, પૂજા, કથા જાણતા નથી અને આપને પ્રણામ કરવાનું ય સમજતા નથી. તેઓ ઘણા જ ભ્રષ્ટ છે. પાપમાં રત એવા તે તિરસ્કાર પામેલા મૂઢ લોકો અત્યંત નિંદ્ય અને નીચ છે. હવે તો તેઓ એ દુષ્ટ સંન્યાસીના સંસર્ગથી, અત્યંત દુષ્ટ બનેલા મ્લેચ્છાદિના સંસર્ગથી, તેઓ ઘણાજ ભ્રષ્ટ થઇ ગયા છે. હે પ્રભુ! તમે જ તેમનો ઉદ્ધાર કરી શકો તેમ છો. હે સામર્થ્યસાગર! આ કામમાં આપના સિવાય બીજું કોઇ સમર્થ નથી. વળી હે પ્રાણેશ! હે રસસિંધુ! કાશ્મીર જતાં માર્ગમાં આવતાં જુદાં જુદાં ગામો, નગરો અને સ્થાનોમાં વિવિધ પ્રકારના ભાવવાલા આપણા ઘણા શ્રેષ્ઠ ભક્તો રહે છે.

તેઓ વ્યવહાર કામમાં રોકાએલા હોવાથી અહીં આવવા અશક્ત છે. તેવા તેઓ આપની સેવામાં ઉપોગી થઇ પડે તેવો સર્વ પ્રકારનો વ્યવહાર નિરંતર કરી રહ્યાં છે. આપના શ્રીમુખચંદ્રની જ્યોત્સ્નાના પિપાસુ એવા તેઓ ચકોર જેવા છે. આવા તે ભક્તો આપને માટે અત્યંત દુઃખી છે. હે પ્રાણનાથ! કૃપાસિંધુ! તેમના ચિત્તનું સમાધાન અવશ્ય કરવું જોઇએ. હે રસિકવર! ઈન્દ્રપ્રસ્થ, સિંહનંદ, કુરૂક્ષેત્ર તથા લાહોર અને મેહરાનગરમાં, તેમ જ અન્યત્ર પૂર્ણચંદ્રમુખી સ્ત્રીઓ નિવાસ કરી રહ્યાં છે. બીજાં કાર્યોનો ત્યાગ કરી, તેઓ આપની પાદુકાનું, પનહીનું, આપના શ્રીચરણકમલના પરાગનું, આપના વસ્ત્રનું, સ્વરૂપનું, આપની વાણીરૂપ માલાનું અથવા આપની નામપત્રિકાનું પ્રેમથી સેવન કરે છે.

તેઓ આપશ્રીના સ્વરૂપમાત્રનું સ્મરણ કરવામાં રત છે. આપશ્રીની કથા સાંભળવામાં વિરક્ત થયા છે, ફક્ત આપણામાં જ દઢ પ્રેમવાળા છે. ત્યાં વિવિધ મનોરથવાળી, ચંચલ નયનવાળી અનેક કોમલાંગીઓ છે. હે પ્રભુ! આપના દર્શનનાં દાન કરી તેમને પણ કૃતાર્થ કરવાં જોઇએ. હે પ્રાણેશ્વર! આપનો પ્રાદુર્ભાવ સઘળા તાપહરણ કરવા મા;, અને સ્વભક્તોને માટે સઘળાં સુખનાં દાન કરવા માટે છે, તેથી હે શ્રીગોકુલપતિ! અત્યંત સુયોગ્ય એવા આપશ્રીને જો રુચે તો, અમૃતના હજાર સમુદ્રને પોતાની લીલા વડે જીતનાર આપ પોતાની યાત્રારૂપ લીલાથી કાશ્મીર સુધીના ભૂમંડલને પાવન કરો.

કાશ્મીર પધારવાનું પ્રયોજન વિચાર :

આ પ્રમાણે આપશ્રીના અનન્ય એવા એક સેવકે આવીને વિનંતી કરી. આ વિનંતી સાંભળીને કમલનયન ભગવાન શ્રીગોકુલેશ પ્રભુ મંદ હાસ્યથી અત્યંત પ્રિય એવાં આ સેવક પ્રત્યે કહેવા લાગ્યાઃ તારી જે વિનંતી છે, તે પોતે જ યુક્ત છે. અત્યંત મધુર છે, તે બધી જ વાત સદા મારા હૃદયમાં છે જ. પરંતુ કાશ્મીર-મંડલ અત્યંત દુષ્ટ પ્રદેશ છે. તાતચરણ (પિતામહ) શ્રીમહાપ્રભુ શ્રીઆચાર્યજીની અને શ્રીપિતાજીની ચરણરજથી તે કદી અલંકૃત થયો નથી. એટલે કોઇ પણ પ્રબલ કારણ વિના ત્યાં જવામાં મારૂં મન સંકોચ પામે છે. તેથી તે કાર્યમાં હું શિથિલ છું.

તે તે સ્થળમાં રહેતા જે ભક્તો મારા દર્શન વિના અંતરમાં દુ:ખી થાય છે, તેમનો પ્રેમ તો મને નિરંતર આકર્ષે છે. શ્રુતિ, સ્મૃતિ, શાસ્ત્ર, પુરાણ, આદિથી સિદ્ધ થયેલ તુલસીકાષ્ઠમાલાનું પરિધાન વગેરે-જે વૈષ્ણવ ધર્મ છે, તેનો શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીએ અત્યંત આદર કર્યો છે. તે ધર્મનો એ સંન્યાસીએ મ્લેચ્છાધીશ જહાંગીરને વશ કરી, તેના બળથી દેશાંતરમાં સર્વ પ્રકારે લોપ કર્યો છે. બાદશાહને અનુકૂળ કરી ધર્મને સ્થિર કરવાની મારી ઇચ્છા છે. પોતાના સેવકોમાં ધર્મ સ્થિર કર્યો છે, તેથી મને સંતોષ નથી.

આ ધર્મને અન્ય સઘળા લોકોમાં દૃઢ કરવાની મારી અભિલાષા છે. આ પોતાનાં છે અને આ પારકાં છે, એવો વિચાર તો સંકુચિત મનવાળા કરે છે. બાકી ઉદારચિત્તવાળાને તો સઘળી પૃથ્વી પોતાના કુટુમ્બ જેવી છે. આ પ્રમાણે શ્રીચતુર્થકુમાર શ્રીમદ્ ગોકુલેશ પ્રભુચરણએ વાણી રૂપી અમૃતસાગરની વર્ષા કરી, ત્યારે સેવકે મંદ મંદ હસીને નજીકમાં જ બેસી રહેલા એક અન્ય સેવક તરફ જોયું. તેથી બીજા સેવકે ત્યાર બાદ ઉઠીને શ્રીગોકુલેશ પ્રભુને દંડવત્ પ્રણામ કરી હાથ જોડીને વિનંતી કરીઃ હે શ્રીગોકુલપતિ! કાશ્મીરની રાજધાનીમાં પધારવાને માટે, આપના આ દાસે એક પ્રબલ કારણ આપે મને સ્ફૂર્ણા કરી છે.

માનવલીલા જેને રૂચે છે, એવા હે પ્રભુ! આપ તેમાં અનુમતિ આપો. એ યોગ્ય છે. મ્લેચ્છોનો ચક્રવર્તી રાજા જે હમણાં ત્યાં જ કાશ્મીરમાં જે છે, તે પોતે જ, હે પ્રભુ! આપને ત્યાં બોલાવે, તેવું હુ કરીશ. તે બળવાન મ્લેચ્છ, અતિ ઉગ્રદંડના કારણરૂપ, ચક્રવર્તી બાદશાહ આપને પોતાની પાસે બોલાવે. તેના એ વચનનું તો ઉલ્લંઘન ન થઇ શકે, તેમ સઘળા લોકો માનશે. એટલે કે આપ બાદશાહના હુકમથી ત્યાં જવા પ્રવૃત્ત થયા છો, તેવું લોકોમાં માનશે. હે ગોકુલપતિ! તે બહાને આ સેવકે જે આપશ્રીની સામે જે વિનંતી કરી, તે સઘળી આપ સુખેથી સિદ્ધ કરશો.

મહેદ કૃપા તે મન લગે; તો કબહુ સુર ન જાય।

વ્યાસંગ સબ ઇન્દ્રીકે, સ્વરૂપમાં ઉરઝાય ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો પ્રથમ તરંગ પૂરો થયો।।

।। હવે તરંગ બીજો શરૂ થાય છે ।।

તરંગ ૨

અનેક લોકોનું માલા ત્યાગ વિચાર :

ત્યાર પછી શ્રીસુંદરવર શ્રીગોકુલેશ પ્રભુએ આ બન્ને સેવકોના મંદહાસ્યથી આદર કરી, ભક્તોના અનેક પ્રકારનાં વિવિધ કાર્યોમાં પહેલાની જેમ રોકાયેલા રહ્યાં. જ્યારે શ્રીગોકુલેશજીની વિલક્ષણ સેવકની પહેલાં પ્રતિજ્ઞા કરેલા કાર્યની ત્વરિત સિદ્ધિ માટે પોતે ત્યાં ત્યાં ઉચિત સ્થળોએ પોતાનાં અંશ વડે તરત પ્રવેશ કર્યો. આ પ્રમાણે અનેક અનન્ય સેવકોના અનુરોધથી દયાળુ પ્રભુએ મ્લેચ્છોના ઉદ્ધારની ઈચ્છા કરી. તે વખતે તે સંન્યાસીનાં માયા, મન્ત્ર અને દેવતા પ્રભુથી ડરવાથી નાશ પામ્યાં. પછી કેટલોક સમય પસાર થયો, ત્યારે શ્રીવલ્લભના યશથી ત્રાસ પામેલો અને તેથી તેવા ત્રાસદાયક યશથી પ્રેરાઈને તે મત્સરવાળા, પાપી, મહાઅસુર સંન્યાસીને પોતાના બધઅ જ દુષ્ટ સાથીઓ સાથે મંત્રણા કરી.

આ પ્રમાણે એક પત્ર લખ્યો કે સઘળા મથુરાવાસી, વૃંદાવનવાસી, ગોકુલવાસી તથા અન્ય સ્થાને રહેતા લોકોએ માલાદિ સર્વનો ત્યાગ કર્યો છે. પણ અત્યંત સ્વતંત્ર એવા શ્રીગોકુલનાથજીએ પોતાના પરિવાર, ચાકરો, ભક્તો અને અનુયાયીગણ સાથે તુલસીમાલા વગેરેનો ત્યાગ કર્યો નથી. ઘણા માણસોએ બહુવાર કહ્યું છતાં માન્યું નથી. સર્વ પ્રકારે બળવાન એવા આપ ચક્રવર્તીના સેવકો અને મ્લેચ્છોના ચક્રવર્તી અને યતિના પ્રભાવમાં આવેલા આપ સમ્રાટને તેમણે ગણકાર્યા નથી. એ પ્રમાણે પત્ર લખાવી તેના પર અધિકારીઓની, પ્રતિષ્ઠિત લોકોની, સેનાપતિઓની, ચૌધરી અને મ્લેચ્છોના ખજાનચીની મુદ્રાઓ લગાવડાવી.

મથુરાના બ્રાહ્મણો, લાલારામ વૈદ્ય, તેનો અત્યંત દુષ્ટ ભાઈ દામોદર, અત્યંત કુટિલ અને પાપી મિતનમિશ્ર પાસે મુદ્રાઓ લગાવડાવી તે પત્ર સેનાપતિ ઈતબારખાનને મોકલ્યો. ઈતબારખાને તે પત્ર કાશ્મીરનગર શ્રીનગરમાં રહેતા અત્યંત ઉગ્ર દંડ કરનારા મ્લેચ્છોના ચક્રવર્તી સમ્રાટ જહાંગીરને બતાવ્યો. સુવિલક્ષણ એવો તે સમ્રાટ તે પત્ર વાંચીને ગુસ્સે ન થયો. કિંતુ તે પત્રને હૃદયસરસોં ચાંપી, હૃદયને અત્યંત શુદ્ધ કર્યું. એ પત્રમાં નિર્દિષ્ટ શ્રીગોકુલેશપ્રભુના શથી તે અત્યંત હર્ષિત થયો અને શ્રીગોકુલના ચક્રવર્તી ભગવાન શ્રીગોકુલેશ પ્રભુમાં અત્યંત ભાવવાળો બન્યો. અને તેઓશ્રીને સામે ઉભેલા ન જોવા છતાં, શુદ્ધ બનેલો તે સમ્રાટ ગુણસાગર શ્રીગોકુલેશજીને પ્રણામ કરવા લાગ્યો.

એવા શ્રેષ્ઠ શ્રીગોકુલેશજીની પાસે વારંવાર પોતાના ઘણા પ્રકારના અપરાધની ક્ષમા માંગવા લાગ્યો, જેને યશ પ્રિય છે, એવા શ્રીગોકુલેશ પ્રભુને તે સમ્રાટ પોતાના વિજયમાંથી પ્રગટેલો અને બધી દિશાઓમાં વ્યાપેલો પોતાનો યશ ભેટ ધરવાની અત્યંત અભિલાષા રાખવા લાગ્યો. અનિચ્છા હોવા છતાં પહેલાં મથુરામાં પોતે જે કરેલું, તેથી હવે બસ; એટલે કે પહેલાં માલા-ત્યાગ કરવાનું કહ્યું, તેવું હવે ન કરવું, એવા વિચારને પૂર્ણ કરવા માટે સર્વજ્ઞોના સમૂહથી પ્રણામ કરાયેલા પ્રભુના શ્રીચરણકમલના પરાગ પ્રતિ તે સાવધઅન બન્યો અને પોતાના આ પ્રકારના દૃષ્ટિભાવને ગુપ્ત રાખવા માટે તેણે પોતાની આજ્ઞાના ભંગને કારણે થોડો ક્રોધ પ્રગટ કર્યો.

અને પ્રગટ રીતે કહ્યું તે શ્રીગોકુલનાથજીએ મારી આજ્ઞા ભંગ કરી છે. તેથી સૈનિકોને મોકલવા જોઈએ કે જેઓ જલ્દીથી શ્રીગોકુલમાં જઈને શ્રીગોકુલનાથ પ્રભુને અહીં લઈ આવે. આ સમયે શ્રેષ્ઠ ભક્ત પરમચતુર આસફખાને પોતાના હૃદયમાં

વિચાર કર્યો કે મ્લેચ્છ ચક્રવર્તી આ કામ માટે જો અધિકારીઓના મોકલશે, તો શ્રીમદ્ ગોકુલમાં રહેલાં પ્રભુના જે ભક્તો છે, તેઓ આ મ્લેચ્છો અમારા પ્રાણનાથને બળજબરીથી લઇ જવા આવ્યા છે-એવા વિચારથી ઉદ્ભવેલા ક્રોધથી થયેલી દષ્ટિથી તેમને જો જોશો, તો તેઓ આ મ્લેચ્છોને અને તેમના ચક્રવર્તીરાજાને અનુધ્યાનરૂપી અગ્નિથી તરત જ સર્વ પ્રકારથી ભસ્મ કરી દેશે.

લશ્કરખાનએ પ્રભુના ચરણકમલનો અત્યંગ ભક્ત છે. પણ મથુરામાં રહેતા જે મ્લેચ્છ ફોજદારો છે તેઓ તે દુષ્ટ સંન્યાસીને અનુકૂળ રહે છે, તેઓ તેને પ્રસન્ન કરવા માટે શ્રીગોકુલેશ પ્રભુનો દ્રોહ કરે છે. એવું જયદેવ દ્વારા સાંભળીને સદ્બુદ્ધિમાન લશ્કરખાને તેમને પત્ર લખ્યો. અને તેમના તરફ અત્યંત તિરસ્કાર વરસાવ્યો, અને તે શ્રીગોકુલેશ પ્રભુના સુંદર ગુણોનું સદૈવ વર્ણન કરવા લાગ્યો કે શ્રીગોકુલેશ પ્રભુની પોતાના સેવકો તરફ અત્યંત પ્રીતિ છે, તે મેં ઘણીવાર જોયું છે.

તેથી અત્યંત બુદ્ધિમાન લશ્કરખાન શ્રીગોકુલેશ પ્રભુની પાસે જઇ મૃદુતાથી વિનંતીઓ કરીને પ્રભુને શ્રીનગર પધારવા સમર્થ છે, બીજો કોઇ સમર્થ નથી. આ પ્રમાણે વિચાર કરી તે મહાભક્ત આસફખાન કે જે પ્રભુના શ્રીમુખનું દર્શન કરવાની ઈચ્છાવાળો હતો, તેણે મ્લેચ્છોના ચક્રવર્તીરાજાને કહ્યું કે શા માટે અહીંથી ઘણા સૈનિકોને વ્યર્થ મોકલવા છે? લશ્કરખાન ઉપર એવો પત્ર આપ મોકલાવો કે જેથી અત્યંત બુદ્ધિમાન સુંદર વક્તા લશ્કરખાન શ્રીગોકુલેશ પ્રભુની અહીં પધારવાની યાત્રાને સિદ્ધ કરી, જલ્દીથી પ્રભુના દર્શન કરાવશે.

આ પ્રમાણે સેનાપતિ ભક્ત આસફખાનના મુખમાંથી નીકળેલાં સુંદર વચનોથી વિરુદ્ધ તે મ્લેચ્છપતિ કંઇ ન કરી શક્યો, પરંતુ તે બુદ્ધિમાન સમ્રાટે તે વાતનું અનુમોદન કર્યું. આ પ્રકારનો વૃત્તાન્ત આસફખાને પોતાના ઘેર આવી સર્વાધ્યક્ષ ભક્ત મુકુંદદાસને કહ્યો. મુકુંદદાસે તે વૃત્તાન્ત સત્વરે કટકના ચૌધરી, અરોડા જ્ઞાતિના સુંદર નામના ભક્તને પ્રભુ કાશ્મીર પધારવાના છે-તે વૃત્તાન્ત લખી મોકલ્યો. આ શુભપત્ર સં.૧૬૭૭ના શ્રાવણમાંના કૃષ્ણપક્ષના આઠમને દિવસે મથુરાપુરિમાં સિંહજી નામના વૈદ્યના હાથમાં આવ્યો અને તે પત્ર તરત જ તે શ્રીમદ્ ગોકુલ લઇ ગયો.

તેમાં વિલંબ થવાને કારણે એક ભક્ત બીજા પર ક્રોધ કરવાની તૈયારીમાં હતી, એવા સુંદર સમયે સિંહજી નામના ભક્તે લાવેલો એ પત્ર જોઇને પ્રભુવર્ય શ્રીગોકુલેશ પોતાની સેવક પર, પર્વત અને આસફખાન પર, સર્વાધ્યક્ષ મુકુંદદાસ અને મ્લેચ્છરાજા જહાંગીર પર અત્યંત પ્રસન્ન થયાં.

પૃથ્વીકો કાગદ કરું, લેખન કરું વનરાજ।

સાત સમુદ્ર સહી કરૂં, તો હરિગુણ લીખ્યો ન જાય ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો બીજો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ ત્રીજો શરૂ થાય છે ।।

તરંગ ૩

<u>શ્રીગોકુલેશ પ્રભુનું કાશ્મીર જવાનું મુહુર્ત</u> :

ત્યાર પછી શ્રીગોકુલેશ પ્રભુએ સત્વ જ્યોતિષીને બોલાવીને, પ્રવાસ માટે મંગલ મુહુર્ત પૂછી નક્કી કરી, સૂખપૂર્વક રાત્રી પસાર કરી. પ્રાત:સમયે આહનિક કાર્ય કરી, આપશ્રી શ્રીજમુનાજી પધારી સ્નાન-ધ્યાન કર્યું. ત્યારબાદ શ્રીગોકુલેશજીએ ઘરમાં પધારી પોતાના કૃપાપાત્ર ભક્તોની સાથે ભોજન કર્યું, અને વિશ્રામ કર્યા પછી, પોતાના વિયોગરૂપી અગ્નિથી અત્યંત દુ:ખી થઇ રહેલા સંબંધીઓને ભક્તોને, મિત્રોને, સ્વજનોને પોતાના વચનામૃતસમુદ્રની સુંદર વૃષ્ટિથી આશ્વાસન આપી, શ્રાવણમાસના કૃષ્ણપક્ષની નવમીના રાત્રિ સમયે ત્રણ ઘડી દિવસ શેષ રહ્યો, ત્યારે સર્વની સંમતિથી ભગવાન શ્રીગોકુલેશજીએ કાશઆમીર પ્રતિ પ્રયાણ શરૂ કર્યું.

ત્યારે તે ક્ષણે ગોધરા ગામથી આવેલાં સ્નેહસભર રાજબાઇ આદિ સઘળાં ભક્તજનો સઘળાં ભક્તજનો પ્રભુના દર્શન કરવા લાગ્યાં, તથા વારંવાર દંડવત્ પ્રણામ કરી, શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણકમળમાં વિવિધ પ્રકારની ભેટો ધરી અને આંગળીઓ પર મણિમુદ્રિકાઓ પહેરાવી. આવા સુંદર શુકન થયા તેથી પ્રભુ પરદેશ પધારવાના તથા મ્લેચ્છપતિની સાથે વિવાદ કરવાની ચિંતામાં પડેલા ભક્તોના મનનું શ્રીગોકુલેશજીએ સમાધાન કર્યું.

<u>શ્રીગોકુલેશ પ્રભુચરણનું કાશ્મીર તરફ પધારવું</u> :

પછી શ્રીગોકુલેશજી ઘોડે અસવાર થઇ, શ્રીયમુના તીરે પધાર્યા. અને નાવમાં પધારી શ્રીયમુનાજી પાર કરી, પાછળ આવતાં બધાં સ્વજનોને વિદાય કરી, રાત્રી સમયે સાથે ચાલવાવાળા સઘળાં ભક્તોની સાથે પ્રસ્થાન શરૂં કર્યું. ત્યારે સુંદર બુદ્ધિવાળો વિશ્રામ નામનો જલઘરીયો દંડદીપ ધારણ કરવાને બહાને, કેટલેક દૂર સુધી શ્રીગોકુલેશ પ્રભુની સાથે ચાલ્યો તે વેળા પ્રભુનાં દર્શનરૂપી રસ આનંદને જીલવા માટે અશક્ત એવા તેને પાછળ પાછળ આવતો જોઇને કૃપાનિધિ શ્રીગોકુલેશ પ્રભુએ એને રોકી શક્યા નહિ.

પછી તેઓ દશમને દિવસે આગ્રા નગરમાં પધાર્યા. ત્યાં મુકુંદદાસના બગીચામાં શ્રીગોકુલેશજીએ ભોજન કર્યું. તે સમયે રઘુનાથદાસ નામના શ્રેષ્ઠ ભક્ત અને કૃષ્ણદાસભાઇને ત્યાં આવી શ્રીગોકુલેશ પ્રભુનાં સુંદર મુખકમલનાં દર્શન કર્યાં. એકાદશીના દિવસે શ્રીગોકુલેશ પ્રભુ લશ્કરખાનને ઘેર પધારી, તે ભક્તશ્રેષ્ઠને પોતાના સર્વોપરી વિરાજમાન સ્વરૂપનું દર્શન કરાવ્યું. તે પણ શ્રીમહાપ્રભુજીના પધારવાથી પોતાને કૃતકૃત્ય માનતો, ઉછળતા પ્રેમાવેગથી શ્રીગોકુલેશ પ્રભુને વિનંતી કરવા લાગ્યો: હે મહાપ્રભુ ! અતિદૂર એવા કાશ્મીરની યાત્રા આપ શા માટે કરો છો ?

હે મહાપ્રભુ ! અતિ કોમળ એવા આપને અત્યન્ત દૂરની યાત્રા અત્યંત પરિશ્રમ પહોંચાડશે તેથી જો મ્લેચ્છપતિ પત્ર દ્વારા આપને પધારવા માટે મને હુકમ કરશે, તો હું પત્ર દ્વારા તેમને એવો ઉચિત ઉત્તર આપીશ, કે જે સાંભળીને તે મૌન ધારણ કરશે. જો પોતે મ્લેચ્છપતિની ઇચ્છાને માન આપવા કાશ્મીર પધારતા હોત, તો લશ્કરખાનની તેવી વિજ્ઞપ્તિ સાંભળીને તેનું અનુમોદન

કરત. પરંતુ શ્રીગોકુલેશ પ્રભુ તો કાશ્મીર-પ્રદેશ તરફના ભક્તોના સુખદાન કાર્ય માટે જ પધારતા હતા. તેથી લશ્કરખાનની વિનંતીને કેવી રીતે અનુમોદન આપે ?

તેથી શ્રીગોકુલેશ પ્રભુ મંદહાસ્ય કરી બોલ્યા કે મ્લેચ્છપતિ મને અવશ્ય બોલાવશે. તેથી તેના બોલાવ્યાથી પધારવાનું મને રુચશે નહિ. ત્યાં જો પધારવું છે, તો મારી ઈચ્છાથી જ પધારીશ. તેથી હું હવે અવશ્ય જઈશ. તેથી અત્રે મને રોકશો નહિ. આ પ્રમાણે કહીને, આગળ પધારી રહેલા શ્રીગોકુલેશજીને પહોંચાડવા માટે કેટલેક દૂર સુધી લશ્કરખાન ગયો. ત્યારે શ્રીગોકુલેશજીએ તેને વિદાય કર્યો. તે શ્રીમહાપ્રભુના ગુણોનું સ્મરણ કરતો પોતાના ઘરમાં રહી સમય પસાર કરતો હતો. તેવાં શ્રીમદ્ ગોકુલરત્ન શ્રીગોકુલેશજીને કાશ્મીર મોકલવા બાબતનો મ્લેચ્છપતિનો પત્ર લશ્કરખાને નમનપૂર્વક પ્રાપ્ત કર્યો.

ત્યારે શ્રીગોકુલેશ પ્રભુના એવા પ્રકારના સુંદર વચનનું સ્મરણ કરીને આશ્ચર્યમુગ્ધ થયો. પોતાના વિયોગથી ડરથી અત્યંત દુ:ખિત થતા પોતાના ભત્રીજા શ્રીમાન જયદેવજીને પ્રેમથી ભેટીને, શ્રીગોકુલેશજીએ સુંદર વાણીરૂપી અમૃતથી સમાધાન કરી, વિદાય આપી. સુંદર સાજથી સુશોભિત કરેલા કાળા ઘોડાને શ્રીગોકુલેશજીની આગળ ધરી ઊભા રહેલા વાનારસી નામના અશ્વપાલ ઉપર શ્રીગોકુલેશ પ્રભુએ કૃપારૂપી અમૃતની વર્ષા કરી. પછી તે ઘોડા પર સવાર થઈ રઘુનાથદાસ નામના ભક્તને વિદાય કરી, તેવા અન્ય ભક્તોને પણ સાન્ત્વન આપી, શ્રીગોકુલેશજીએ તરત જ પ્રસ્થાન કર્યું.

પછી તાપ દૂર કરનાર શ્રીજમુનાજીની પાર ઉતરીને ઘણા કાળથી ઘણું કરીને સંસારમાં રાચતા વિવિધ જીવાત્માઓને, પોતાના સર્વ ભક્તોને પ્રેમાર્દ્ર દૃષ્ટિથી શીતલ કરી, કૃતાર્થ કરી, કેટલાકને મંદહાસ્યથી આનંદ આપીને તો કેટલાકને વચનામૃતથી (સ્વપરાયણ) પ્રભુપરાયણ, કરી કેટલાક પર ધનના સમૂહની અત્યંત વર્ષા કરીને, તો કેટલાકને ભ્રૂભંગીઓથી સુશોભિત કરીને તો બીજાઓને ગર્વરહિત કરીને, અન્ય લોકોને સર્વોપરી સ્થાપીને તો કેટલાંકને તીવ્ર આનંદાશ્રુવાળા કરીને, કેટલાકને તત્ત્વના ઉપદેશથી આનંદિત કરીને તો અન્ય કેટલાકને પોતાની લીલાથી અપનાવીને, અન્ય માનવોનો પ્રેમ પોતાનામાં વધારીને, તો શરણાગતોના દુ:ખોને દૂર કરીને, ખૂબ ભયભીત થયેલાઓના ભયને દૂર કરીને અને કેટલાકના મનોરથોને પૂર્ણ કરીને તો કેટલાકના મનોરથોને અત્યંત વધારીને.

કેટલાકની પાસેથી વસ્તુઓ ગ્રહણ કરીને, તો કેટલાકને વિવિધ વસ્તુઓ આપીને, કેટલાકને રોમહર્ષવાળાં કરીને, તો કેટલાકને કંપથી શોભાયમાન કરીને, કેટલાકને ગદ્ગદ્ બનાવીને, તો કેટલાકને આનંદથી સ્તંભિત કરીને, કેટલાકને પ્રસ્વેદથી નિસ્તેજ કરીને, તો કેટલાકને પોતાના વિલાસમાં લીન કરીને, કેટલાકને સુંદર ભવાંના સંકેતથી નચાવીને, તો કેટલાકને પોતાની દૃષ્ટિથી દાસ બનાવીને; અન્યમાં પોતાનું સ્વરૂપ આવિર્ભૂત કરીને તો કેટલાકને માર્ગમાં આવતા વૃક્ષોનાં નામ પૂછીને, કેટલાક લોકો પ્રતિ તેમનું વર્ણન કરીને તો કેટલાકની સાથે વિવિધ પ્રકારનો વિનોદ કરીને, કેટલાકની સાથે મધુર નમ્ર હાસ્ય કરીને, તે તે અર્થનું ગાન કરાવીને, કેટલીકવાર સ્વયં કોઈ ગાન કરતા કરતા ઓછા કે વત્તા પ્રમાણમાં પોતાના સંબંધ સ્થાપીને સંતુષ્ટ કર્યા.

તો વળી વિશ્વના સર્વ જીવોના સમૂહનો સંસારસાગરમાંથી ઉદ્ધાર કરીને, પોતાની પ્રાપ્તિ કરાવતા કરાવતા શ્રીગોકુલેશજી વેગથી ચાલવા લાગ્યાં. તે વખતે કેટલાક શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપથી તો કેટલાક તેમના મંદ હાસ્યથી, કેટલાક

અમૃતથી પણ મીઠાં વચનોથી તો અન્ય ભ્રૂયુગલથી, કેટલાક શ્રીમસ્તકથી તો કેટલાક શ્રીગોકુલેશજીના મુકચંદ્રથી, કેટલાક ભાલથી તો અન્ય કમલ જેવાં નયનોથી, કેટલાક ઉભય ગાલથી તો અન્ય જનો શ્રવણયુગલથી, કેટલાક શ્રીગોકુલેશજીના બન્ને કુંડલથી તો કેટલાક અધરોષ્ઠથી, કેટલાક દાતની કાંતિથી તો અન્યજનો મોતીની માળાથી શોભતા કંઠની શોભાથી, કેટલાક પ્રસાદીરૂપે આપેલા વસ્ત્રોથી તો કેટલાક ફરફરતા કંચુકથી, કેટલાક મીઠી વાણીથી તો કેટલાક મનોહર ઉપરણાથી કૃપા કરી.

કેટલાક મોજડીની જોડથી તો કેટલાક નિમ્ન વસ્ત્રની સુંદરતાથી, કેટલાક સુંદરતાના કારણરૂપ અગરુના લેપની શોભાથી તો કેટલાક બાહુના વિલાસથી, કેટલાક શ્રીહસ્તની શોભાથી તો અન્યજનો આંગળીઓની મધુરતાથી, વળી કેટલાક વીંટીની શોભાથી તો કેટલાક શ્રીગોકુલેશજીના શ્રીચરણકમલયુગલથી, કેટલાક શ્રીચરણતલ વડે તો કેટલાક શ્રીચરણકમલની આંગળીઓથી, સુંદર નખોથી અને તેમના તેજથી અને કેટલાક અશ્વની વિલાસપૂર્વકની ગતિથી તો બીજાઓને અન્ય અન્ય આકર્ષણો વડે પોતાના તરફ આકૃષ્ટ કરી અત્યંત કૃતાર્થ કર્યા.

કેટલાક જીવો શ્રીગોકુલેશજીનાં દર્શન કરીને અને નમન કરીને, તો કેટલાક આગળ દોડીને, કેટલાક આશ્ચર્યચકિત થઇને તો કેટલાક સંતોષ આપીને, વળી કેટલાક હસાવીને તો કેટલાક યથાયોગ્ય નર્મહાસ્યથી પ્રભુની અર્ચના કરીને, વળી કેટલાક શ્રીગોકુલેશ પ્રભુની આગળ રત્નોની, સોનાની, મોતીની ભેટ કરીને તો અન્ય લોકોએ સોનાની, મોતીની, મણિની, તુલસીકાષ્ઠની, તુલસીદલની તથા સુંદર પુષ્પોની માલાઓ અર્પણ કરી; કેટલાકે પાઘની, ચંદનની, કુમકુમની, અગરની, કસ્તુરીની અને કપૂરની ભેટ ધરી.

તદુપરાંત કેટલાકે અમૂલ્ય કુંડલની, કંઠાભરણની, નક્ષત્રમાલાની, રત્નમય બાજુબંધની તો કેટલાકે રત્નજટિત કડાની અને મણિજટિત વીંટીની ભેટ ધરી. વળી કેટલાકે ઉપરણાની, ઉત્તમ વસ્ત્રની અને અમૂલ્ય બંડીની તો કેટલાકે શ્રેષ્ઠ કંદોરાની, કેટલાકે ફરવાળા ચણ્ડાતક વસ્ત્રની તો કેટલાકે મોજડીની ભેટ ધરી. વળી કેટલાકે ઘોડાઓની, હાથીઓની, ઊંટોની અને રથોની ભેટ ધરી. અન્ય લોકોએ મધુર ફળોની, ખીલતી કળીઓની, ફૂલોની અને તેવી અન્ય વસ્તુઓની ભક્તિપૂર્વક શ્રીગોકુલેશ પ્રભુને ભેટ ધરી, તરતજ અત્યંત કૃતાર્થ થયા.

કેટલાકે તો શ્રીગોકુલેશ પ્રભુની આગમનની વાત સાંભળીને અને બીજાઓને કહીને, શ્રીગોકુલેશ પ્રભુનું સ્મરણ કરીને, સેવા કરીને, પૂજન કરીને, પ્રણામ કરીને, કેટલાકે પોતાને શ્રીગોકુલેશ પ્રભુનો દાસ માનીને, સખા માનીને, આત્મનિવેદન કરીને તો વળી કેટલાકે શ્રીપ્રભુનો આશ્રય મેળવીને, પ્રભુનું પરમપદ પ્રાપ્ત કર્યું. રસસાગર શ્રીગોકુલેશ પ્રભુએ ત્યારે ત્યારે, ત્યાં ત્યાં, તે તે ભક્તોની સાથે ક્રીડા કરી, તે તે જીવોનો ઉદ્ધાર કરી, કઠોર હૃદયવાળા જીવોને દ્રવીભૂત કરી, શુષ્ખ અગ્નિ જેવા જીવોને રસાત્મક કરી, શીતલ જીવોને વિરહાગ્નિથી તપાવીને તથા તપ્ત જીવોને શીતલ કરી, માયાનો વિસ્તાર કરતા જીવોને માયામાંથી નિવૃત્ત કરાવી આગળ વધી રહ્યાં છે.

રસમાં સંકોચાતા એટલે રસહીન જીવોને રસમાં આનંદ લેતા કરીને, ચંચલ જીવોને સ્થિર કરી, સ્તંભિત જીવોને અત્યંત ચંચલ કરીને, હંમેશા સર્વત્ર સર્વપ્રકારથી નિર્મર્યાદ, નિરવધી, શૃંગારરસના સારસર્વસ્વરૂપ કારૂણ્યરસની સમુદ્રની વૃષ્ટિ કરીને,

યોગ્યતારૂપી હાથ જેમને નથી, તેવાઓની પાસે પરમાનંદરૂપી મહામણિના પર્વતોની લૂંટ કરાવીને એટલે મહાનંદ આપીને અને જેમની પાસે સાધના રૂપી પગ નથી એવા જીવોને પરમાનંદ સ્વરૂપ મહામણિ પર્વતની ઉપર ચઢાવીને, આંધળાઓને નિજ સેવા માટે પોતાની લીલાનું દર્શન કરાવી, હાથ વગરના જીવોની પાસે પોતાની સેવા કરાવીને, મૂંગા પાસે પોતાની સ્તુતિ કરાવીને, લંગડાઓને પર્વત પર ચડાવીને, બહેરાઓને પોતાનો યશ સંભળાવીને અને ગરીબોને શ્રીમંત બનીને, અને એ પ્રમાણે સર્વને આનંદિત કરતા અને સર્વને કાંઇ આપતા મહાપ્રભુ શ્રીગોકુલેશજી આમલખેડા નામના એક સુંદર ગામમાં આવી પહોંચ્યા અને તે ગામમાં પ્રભુએ રાત્રિ વિસામો કર્યો.

અભ્ર ભયૌ નારાયણજી, રવિ પ્રકાશ ત્રિકમદાસ ।

તેજ ભયૌ મોહનભાઇજી, શ્રીગોકુલપતિકૈ પાસ ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો ત્રીજો પૂરો થયો ।।

।। હવે તરંગ ચોથો શરૂ થાય છે ।।

તરંગ ૪

માર્ગમાં આવતા ભક્તોનો શ્રીગોકુલેશ પ્રભુ પ્રત્યે સ્નેહ:

હવે કલ્યાણ ભટ્ટજી આગળ કહે છે કે પ્રાત:સમયે શ્રીમહાપ્રભુ શ્રીગોકુલેશજી સ્નાન આદિ સર્વ કાર્ય કરી, ત્યાંથી આગળ પધારી અને માર્ગમાં કૃપાપાત્ર અને ખ્યાતનામ વિષ્ણુદાસ ગઢવી સાથે વિવિધ પ્રકારની વાતો કરતા આગળ જવા લાગ્યા અને જલેસર નામના ગામમાં આવી, પહેલાંની જેમ રાતવાસો કર્યો. ત્યાં આવેલા ભક્તો પર શ્રીગોકુલેશજીએ પ્રસન્ન દ્રષ્ટિથી અનુગ્રહ કર્યો. તે ભક્તોએ પ્રેમપૂર્વક અર્પણ કરેલી સીધાસામગ્રી અમર્યાદ કરુણારસસિંધુ શ્રીગોકુલેશ પ્રભુએ સ્વીકારી. તે ભક્તોના પ્રેમથી વશ થયેલા શ્રીગોકુલેશ પ્રભુના ત્રિલોકમણિરૂપ પોતાના સ્વરૂપથી તે ગામને બીજે દિવસે પણ શોભાયમાન કર્યું.

શ્રીગોકુલથી ભક્તો સામા આવ્યાં :

અહીયાં જલેસરમાં જ શ્રીગોકુલેશ પ્રભુને ઉપયોગી ઘણા પ્રકારની સામગ્રી લઇ શ્રીગોકુલથી પ્રભુના ઘણા ભક્તો સમૂહમાં આવી પહોંચ્યાં, અને તેમણે શ્રીગોકુલેશજીનાં દર્શન કર્યાં. શ્રીગોકુલથી શ્રીગોકુલેશજીના પ્રસ્થાન સમયે જે શ્રીગોકુલેશ પ્રભુના ભક્તો મળ્યા હતા તે ગોધરાવાસી રાજબાઇ આદિ સઘળા ભક્તોએ ભેગા થઇ જલેસરમાં જ પ્રેમથી સુંદરવોના ચક્રવર્તીરૂપ શ્રીગોકુલેશ પ્રભુનાં દર્શન કર્યાં. વિરહથી વ્યાકુલ થઇ રહેલા ગોવર્ધનદાસ આદિ અધિકારીઓને તથા ગોકુલના કાર્યોમાં ઉપયોગી એવા બીજા તેમના જેવા કેટલાક ભક્તોને, નોકરચાકરો સહિત શ્રીગોકુલેશ પ્રભુએ શ્રીગોકુલમાં જવાની આજ્ઞા કરી.

જે અખિલ પૃથ્વીમંડલોના અદિપતિ છે, તેવા પોતાના પ્રભુની સ્પૃહણીય અને ટાળી ન શકાય તેવી આજ્ઞાને તે ભક્તોએ પોતાના શિર પર ધારણ કરી અને પ્રાતઃસમયે શ્રીમદ્‌ગોકુલ તરફ જવા લાગ્યા. અત્યંત વિરહથી વ્યાકુલ થયેલા અન્ય કેટલાક ભક્તોને પ્રૌઢ અધિકારીઓએ આજ્ઞા આપી સમજાવ્યા અને આદેશ આપ્યો, છતાં પણ પ્રભુનો ત્યાગ કરીને તેઓ ગોકુલ ગયા નહિ; તેથી પ્રાણનાથ પ્રભુે તેમને સાથે રહેવા અનુમોદન આપ્યું. વિશ્રામ જલઘરિયો, ગોપાલ તથા ગિરિધર, મહાવજીભાઇ અને જેસો રજપૂત વગેરે અન્ય ભક્તો શ્રીગોકુલ પાછા ફર્યા નહિ.

તે મહાવજીભાઇને મંદહાસ્યથી શોભાયમાન મુખકમળવાળા શ્રીગોકુલેશજીએ કહ્યું, ''શ્રીગોકુલમાં મારા સર્વસ્વ શ્રીનાથજી બિરાજી રહ્યાં છે. તમે ત્યાં જઇને રહો અને તેમની સેવા કરો. આવા ઘણા ક્લેશમયકઠિન માર્ગમાં શા માટે આવો છો ? તેથી તમે પાછા ફરો.'' આ પ્રમાણે સાંભળીને, પ્રભુના શ્રીચરણકમલને નમન કરીને, મનોહર તર્જનીથી શ્રીચરણને દર્શાવીને, બન્ને હસ્તકમલ જોડીને, બન્ને નેત્રોમાંથી આંસુ વરસાવીને ઉછળતા પ્રેમવાળા અને વિરહથી વ્યાકુલ થયેલા ચિત્તવાળા તેમને વિનયસહિત વિનંતી કરી કે હે પ્રાણનાથ ! હે પ્રભુ ! આપે સત્ય કહ્યું છે. આપનું સર્વસ્વ શ્રીગોકુલમાં બિરાજે છે; પરંતુ મારૂં સર્વસ્વ તો અહીં જ બિરાજે છે. તેથી તેમને છોડીને કેવી રીતે પાછો જાઉં ?

શ્રીગોકુલેશ પ્રભુનું હવે આગળ પધારવું :

શ્રીગોકુલેશ પ્રભુ તો મહાવજીભાઇનાં આવાં વચનો સાંભળીને, તેમના પ્રેમને અત્યંત વશ થઇને કશું પણ કહેવાને અસમર્થ થયાં. ત્યાર પછી કરૂણાસિંધુ પ્રિયતમ શ્રીગોકુલેશજીએ તે ગામથી આગળ પધારીને રાત્રિ સમયે જરેરા નામના ગામને પોતાના નિવાસ વડે શોભાયમાન કર્યું. પ્રાતઃ સમયે ઇશ્વરેશ્વર તે ગામથી પધઅરી કોશ નામના ગામને પાવન કરવા લાગ્યાં. ત્યાં હરિવંશ નામના વૈષ્ણવે શ્રીપ્રભુની પાસે જઇ દંડવત્ પ્રણામ કરી, સીધાસામગ્રી અર્પણ કરી. અત્યંત પ્રેમથી અર્પણ કરેલી ઉત્તમ સામગ્રીની ભેટને પ્રિય પ્રભુ શ્રીગોકુલેશજીએ પ્રેમથી અંગીકાર કરી.

તે ગામમાં હીરાભાઇ, પરમાનંદદાસ અને ભગવાનદાસ નામના ભક્તો ત્યાં આવી, પ્રભુના શ્રીમુખાવિંદનું દર્શન કરવા લાગ્યા. પ્રેમને કારણે જેઓ સતત આંસુ વહાવી રહ્યાં હતા, તેવા હીરાભાઇને પ્રેમથી વશ થયેલા શ્રીગોકુલેશ પ્રભુ ભેટ્યા અને તેમના ઉપર અનુગ્રહ કર્યો. અત્યંત નમેલા તેમના મસ્તક પર શ્રીગોકુલેશ પ્રભુએ પોતાના શ્રીહસ્ત વડે પત્ર લખી શ્રીગોકુલમાં સુંદર અમૃતસાગર ઝરતાં હોય, તેવા વચનો વડે તેમનું સમાધઅન કર્યું. તેવાં પોતાના શ્રીહસ્ત વડે પત્ર લખી શ્રીગોકુલમાં રહેતા સઘળા લોકોના સમાધાન માટે દયા કરીને તે તેમના હાથમાં આપ્યો. પ્રાતઃકાળમાં શ્રીગોકુલેશ પ્રભુએ તેમને વિદાય કરીને કહ્યું કે તમે ચિંતાસાગરમાં વૃથા ના ડૂબશો. હું કાશ્મીર જઇ કાર્ય પૂર્ણ કરી, શ્રીગોકુલમાં જલ્દીથી પાછો આવીશ. હવે તમને કાળનો ભય પણ રહેશે નહિ.

તપાનામ નામનો વનમાં વસતો તપસ્વીદાસ કોર નામના ગામથી આગળ ચાલીને શ્રીગોકુલેશ પ્રભુની પાસે આવ્યો, અને તેણે શ્રીગોકુલેશજીના શ્રીચરણકમલમાં પ્રણામ કર્યા. ત્યારે ગુણસાગર શ્રીગોકુલેશજીએ તે તપસ્વીને જોઇને પોતાના ઘોડાની લગામ ખેંચી, અને દયા કરીને ત્યાં થોભ્યા, અને તેનો અત્યંત આદર કર્યો. જેણે કંતાનના વસ્ત્ર પહેર્યાં છે, એવા તે તપસ્વીએ 'આપ યજ્ઞપુરુષ છો' એવી પ્રભુની સ્તુતિ કરી. અને તે પ્રભુનો તથા પ્રભુના દાસનો કૃપાપાત્ર થયો. આ તપાનામ તપસ્વી ઘણું કરીને દર વર્ષે વનમાંથી શ્રીગોકુલમાં આવી શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખના દર્શન કરી, ભક્તિથી શ્રીગોકુલેશજીનાં શ્રીચરણકમલને પ્રણામ કરીને, પ્રેમથી આપના

શ્રીચરણકમલને ગંગાજળથી પખાળીને, તેમાંથી ગળતા અમૃતનું પાન કરીને, મસ્તકમાં ધારણ કરીને, તે મહાભાગ્યવાનને કૃતાર્થતા પ્રાપ્ત કરી.

કૃપાસિંધુથી શ્રીગોકુલેશજીના શ્રીચરણકમલ પ્રેમથી, આદર સહિત આપતા તેનાં મેં દર્શન કર્યાં છે, એવું કલ્યાણ ભટ્ટજી કહે છે. ત્યાર પછી ચંડોરા નામના ગામમાં શ્રાવણસુદ પડવાને દિવસે, મનોહર કમલોવાળા તળાવને કિનારે, મદનફલ નામના વૃક્ષની પાસે ભોજનલીલાને શોભાયમાન કરી, શ્રીગોકુલેશ પ્રભુએ પોતાના ભક્તોને આનંદિત કર્યા. બીજને દિવસે રાત્રે સૂરજપુર નામના ગામમાં પધાર્યા. શ્રીગોકુલેશ પ્રભુ દિલ્હી નામના નગરને કે જે શાસ્ત્રોમાં ઈન્દ્રપ્રસ્થ નામથી પ્રખ્યાત છે, તેને શોભાયમાન કરવા લાગ્યા. ત્યાં બગીચામાં પોતે નિવાસ કર્યો, તે વખતે અનેક જનો-જીવો પ્રેમથી ત્વરાથી દોડતાં આવીને પ્રભુને પ્રણામ કરી કૃતાર્થ થયાં.

હરરામકછોડ, બલરામ, મુકુંદદાસ, કૃષ્ણદાસ પંડિત વગેરે ભક્તોએ પ્રભુને પ્રણામ કર્યા. તેઓ ઘણાજ પંચશબ્દવાદ્યો પ્રભુની પાસે લાગ્યા કે જે મહાપ્રભુના તેમજ આપના ભક્તોના કાનને અત્યંત સુખી કરવા લાગ્યા. તેમાં જે કૃષ્ણદાસ, ગોવિંદદાસ નામના પ્રિય ભક્તો હતા, તેમની પુષ્કળ સીધાસામગ્રી શ્રીગોકુલેશજીએ અંગીકાર કરી. રાત્રીના સમયે, પોતાના ભક્ત તારાચંદના કાકા ભક્ત કૃષ્ણદાસ પંડિતે પણ પ્રભુને પોતાને ઘેર પધરાવ્યા અને પ્રસંશા યોગ્ય ભાગ્યવાળા તેમણે પ્રભુની યથાયોગ્ય સેવા કરી.

શ્રીગોકુલેશજીએ તારાચંદનો વૃત્તાન્ત પુછ્યો ત્યારે કૃષ્ણદાસએ હાથ જોડીને તારાચંદનો વૃત્તાન્ત કહી સંભળાવ્યોઃ 'મહાપ્રભુ, મધુસુદનના મુખથી આપનું અન્ય માર્ગે પધારવાનું સાંભળીને આપના ચરણકમળમાં પ્રણામ કરવા માટે, આપના શ્રીમુખચંદ્રના દર્શન માટે ઉત્કંઠિત થયેલા તે પ્રાતઃકાળમાં તે જ માર્ગે આગળ ગયા છે.' આ સાંભળીને શ્રીગોકુલેશજી પોતાના સેવકને મોકલીને, નરેરા ગામ સુધી પહોંચેલા તારાંચદને બોલાવી મંગાવ્યા અને કરૂણાના લાખો અબજો સમુદ્રની વર્ષા કરી. પોતાના કટાક્ષોથી કરોડ અમૃતના સમુદ્રોની વર્ષા કરી, તેમને કૃતાર્થ કર્યા, તેમનું સમાધાન કર્યું.

પછી પ્રિય પ્રભુ ચોથના દિવસે નરેરા ગામમાં પધાર્યા. ત્યાંથી આસફખાન તથા ભક્ત રાય મુકુંદદાસના કાનમાં નિજ આગમનના વૃત્તાન્તકથનથી અમૃતવર્ષા કરવા માટે, તથા ત્યાંથી પાછા આવતાં તેમની વિનંતી સાંભળવા માટે પોતે ગાંગુ નામના ઉત્તમ સેવકને કાશ્મીર મોકલ્યો. નારાયણદાસ જે પ્રસિદ્ધ વાનરાવંશી હતા, તે કાશ્મીરથી પાછા આવેલા તેમણે નરેરા ગામમાં અહીં આવી પ્રભુને પ્રણામ કર્યાં. કરહલા નામના ગામ નજીક, ગાવામાં ઘણો જ પ્રસિદ્ધ અને હોંશિયાર એવો વલ્લભા નામનો નર્તક હતો. તે દુષ્ટ સંન્યાસીએ તેને કારાગારમાં ધકેલ્યો હતો, તેથી તે ભક્તને છોડાવવા માટે યવનપતિનો પત્ર તે નારાયણદાસ લાવ્યો હતો. છતાં પણ તે સ્વતંત્ર દુષ્ટ સંન્યાસીએ તેને છોડ્યો નહિ.

અંતમાં કૃપાસિંધુ પ્રભુ શ્રીગોકુલેશજીએ તેને બળજબરીથી છોડાવ્યો હતો. પછી શ્રીગોકુલેશજી પાંચમે ગુન્નોર નામના ગામમાં પધાર્યા. ત્યાં શ્રીગોકુલેશજીના કેશવદાસ આદિ સુહૃદભક્તો તથા કૃષ્ણ પારેખ, નાથભાઈ, ભગવાનભાઈ, મોહનદાસ, હરજીભાઈ, નાગજીભાઈ, જીવરાજ ગાંધી, પ્રેમપૂર્વક આવી પ્રભુના શ્રીમુખના દર્શન કર્યાં. જોકે તેઓ સીધા માર્ગે પ્રભુની નજીક આવવાની અભિલાષા રાખતા હતા, છતાં, પણ શ્રીગોકુલેશજી તો વિશિષ્ટ જીવોના સમૂહને પાવન કરવા માટે વક્ર મારગથી પધારતા હતા. તેમાં સુભક્તિવાનોમાં શ્રેષ્ઠ એવા જગન્નાથભાઈ કહેવા લાગ્યા, 'જો આપણા પ્રભુ ક્યારેય પણ વિલંબ કરે, તો પ્રભુની પાછળ અનસરતાં દર્શન આદિ સુખથી વંચિત થયેલા આપણે સીધે માર્ગે આગળ જઈને શું કરીશું ? તેથી જે માર્ગે શ્રીગોકુલેશ પ્રભુ પધાર્યા, તે માર્ગે ચાલવું જોઈએ.'

આ પ્રકારના જગન્નાથભાઇના સદ્વચનોમાં વર્ણવેલા અને શ્રીગોકુલેશ પ્રભુએ પસંદ કરેલા માર્ગનો આધાર લઇને ચાલી આવેલા અને શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણકમલના પરાગાદિથી પાવન થતાં બધા જીવો જલ્દીથી પ્રભુને મળવા આવ્યા. ઉછળતા કૃપાસમુદ્ર પ્રભુ શ્રીગોકુલેશએ આ ભક્તોનું અમૃતના કોટી સમુદ્રની વર્ષા કરતી દૃષ્ટિથી, વાણીથી ઘણા પ્રકારે સમાધાન કર્યું. પછી ગુણસાગર શ્રીગોકુલેશજીએ વહેલી પ્રભાતે વેગથી સ્વયં ઉઠી, મંદ મંદ હસતા આજ્ઞા કરવા લાગ્યા કે આળસ છોડી જલ્દીથી ઉઠો. યાત્રીને પ્રસ્થાન કરવાનું ને વિદ્યાર્થીને ભણવાનું પ્રાતઃકાલમાં જ સારૂં છે; જો કે પહેલાં તો તે દુઃખદાયક લાગે છે, છતાં અંતમાં મધુર ફ્લને જ પ્રાગટ કરે છે. ઉછળતા અતુલ પ્રેમથી શોભાયમાન લાગતા તે શ્રીગોકુલેશ પ્રભુજી વડે રસનારૂપી ગંભીર, મધુર, સંસ્કારી સ્વરોવાળાં, અમૃતસાગરથી પણ અધિક મહામધુર વચનામૃતો ભક્તોમાંથી જેમનાં કાનમાં પ્રવેશ કરાવાયાં, તે કાનોની ઉત્તમતાનાં હું શું વખાણ કરૂ ? શ્રીગોકુલેશજીએ છઠ્ઠને દિવસે પાણીપન્ય નગરને (પાણીપત) શોભાયમાન કર્યું. સાતમને દિવસે શ્રીગોકુલેશ પ્રભુ કર્ણાલગામને સ્વયંપાવન કરવા લાગ્યા. શ્રીગોકુલેશ પ્રભુએ ત્યાં દીર્ઘ શ્રીયમુનાજીના પ્રવાહમાં સ્નાન કરી તે તે સઘળા તીર્થોમાં અધિક ભાવવાળું કરી દીધું.

મેરો મેરો કરત સબૈ એસૌ હીન દીન જાય ।

બુડ્યૌ લોભ સંસારમૈ, કરત ફીરત જી હાય ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધા સિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો ચોથો પૂરો થયો ।।

।। હવે તરંગ પાંચમો શરૂ થાય છે ।।

તરંગ ૫

શ્રીગોકુલેશ પ્રભુનું જીવો પર કૃપા કરી આગળ પધારવું :

આઠમે ત્યાંથી આગળ ચાલીને રસસાગર શ્રીગોકુલેશ પ્રભુ માર્ગમાં શોભાયમાન થઇ રહ્યાં છે. ત્યારે ઊંછા વળી ગયેલાં ગાડામાંથી કાદવમાં પડેલા અને ફરી ઉઠીને બીજા ગાડામાં બેઠેલા પુરુષોત્તમદાસ મહેરાને જોઇને ટેહુ નામના સેવક હસતાં હસતાં શ્રીગોકુલેશ પ્રભુ નજીક આવીને વિનંતી કરવા લાગ્યાં: 'હે પ્રભુ, જન્માષ્ટમીના પ્રભાવે વૈષ્ણવો અત્યંત ઉત્સાહથી દહીં-કાદવ નામનો જે સુંદર મહાન ઉત્સવ કરે છે, તે જ ઉત્સવ પુરૂષોત્તમદાસ આ પાસે આવેલા દહીંરૂપી કાદવમાં સારી રીતે ખેલીને મથુર નામના સેવકની સાથે હવે શોભાયમાન થઇ રહ્યા છે. તેમને આપ આદરપૂર્વક જુઓ.'

આ સાંભળી શ્રીગોકુલેશ પ્રભુચરણે દૃષ્ટિથી તે પુરુષોત્તમદાસને જોયા અને વાણીના પતિ એવા પોતે મધુરતાથી કહેવા લાગ્યા કે અરે પુરુષોત્તમદાસ! પોતાના અન્ય સર્વે મિત્રોને મૂકીને શું એકલા જ સારી રીતે ખેલ્યા ? આ પ્રકારે શ્રીગોકુલેશ પ્રભુના વચન સાંભળીને પુરુષોત્તમદાસ વિનોદમાં કહેવા લાગ્યા કે આપની આવી કૃપાથી જ એમ બની શક્યું છે. ત્યાર પછી કુરૂક્ષેત્ર નગરના નિવાસીઓ બદરીદાસ, સુંદર ગુણોથી પ્રસિદ્ધ સુંદરદાસ, શાલીવાહન, ગિરિધરદાસ તથા અન્ય ભક્તોએ પંચશબ્દવાદ્યોના સમૂહથી કીર્તન, ગાન

અને વિવિધ પ્રકારનાં નૃત્ય કરતા પ્રભુની પાસે આવીને પ્રણામ કરીને, શ્રીગોકુલેશ પ્રભુને અંતરંગ સેવક દ્વારા પ્રાર્થના કરીને ગિરિધરદાસના ઘરમાં પધરાવ્યા. ત્યાં તે ગિરિધરદાસે તથા અન્ય ભક્તોએ શ્રીગોકુલેશ પ્રભુની સારી રીતે સેવા કરી.

પ્રિય શ્રીગોકુલેશપ્રભુ, પોતાના સેવકો સાથે કુરૂક્ષેત્રના સુંદર કમળોવાળા તળાવ પર સ્નાન નિમિત્તે એ સૌને પાવન કરવા માટે પધાર્યા. તે તળાવ પર શ્રીગોકુલેશ પ્રભુએ વેદવિધિ પ્રમાણે પૂજન કરી, સુવર્ણ અને રત્નાદિનું દાન આપીને પોતાના પુરોહિતનું દારિદ્ર દૂર કર્યું. આ કુરૂક્ષેત્રમાં રાત્રિ પસાર કરીને, નોમને દિવસે શ્રીગોકુલેશ પ્રભુએ ત્યાંથી પ્રસ્થાન કર્યું, અને કોટકછુવા નામના ગામને કૃતાર્થ કર્યું. અહીં પ્રભુના સેવક રતનજી પાસેથી પોતાના પ્રભુ શ્રીગોકુલેશ પધાર્યા છે, એવું સાંભળીને તે ગામનો કોઇ વ્યાપારી આશ્ચર્યચકિત થયો. આ સુપ્રસિદ્ધ વેપારી મીસરી લઇને શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણકમળમાં ભક્તિભાવથી ભેટ કરવા લાગ્યા, પ્રમાણ કર્યા અને શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખચન્દ્રના લાંબા સમય સુધી એકીટસે દર્શન કર્યાં.

તેણે મધુરતાથી કહ્યું કે અમારા પ્રબલ ભાગ્યો વડે તો હું દૂર કરી દેવાયો હતો, પણ આપની એવી કૃપા તો અધમને પણ તારે. હે પ્રભુ ! અમારું હૃદય તે અત્યંત અધમ અને દુષ્ટ સંન્યાસીને પ્રણામ કરવાની અભિલાષા રાખે છે; કારણકે શુભસ્વભાવવાળા ગુણનિધિશ્રી આપે વિશ્વને કૃતાર્થ કરવા માટે અહીં પધારવામાં તે સંન્યાસીને નિમિત્ત બનાવ્યો છે. ત્યાર પછી દશમને દિવસે અહીંથી પ્રસ્થાન કરીને પોતે અંબાલા નામના નગરમાં પધાર્યા. ત્યાંના નિવાસી જે જે ભક્તો હતા, તેમણે પ્રાર્થના કરીને કરુણાસિંધુ શ્રીગોકુલેશ પ્રભુને પોતપોતાના ઘરમાં પધરાવ્યા.

સુંદર બુદ્ધિવાળા ભાગીરથીભાઇ, સુભદ્રાબાઇ, જટીબાઇ, મુખીભાઇએ પોતપોતાના ઘરમાં પ્રાર્થના કરીને પધરાવ્યા; અને અમૂલ્ય સુંદર વસ્ત્રોની પહેરામણી કરી, અને શ્રીગોકુલાધીશે તેને અનુમોદન આપ્યું. ત્યાંથી પછી શ્રીગોકુલેશ પ્રભુએ અલૌવા નામના ગામમાં જઇને નિવાસ કર્યો. ત્યાં સુંદર તળાવમાં બધા લોકોને તરતાં જોઇને શ્રીગોકુલેશ પ્રભુ પ્રસન્ન થયા. પોતાના આદેશથી પોતાનો ચોકીદાર યાદવાર તે બધાનેં જીતીને સત્વર તળાવની પાર નીકળી ગયો, તે જોઇને પોતે સંતુષ્ટ થયા. એકાદશીને દિવસે પ્રભુ અલૌવા નામના ગામથી સિંહનન્દમાં પધાર્યા. આપશ્રીનું પધારવાનું સાંભળીને આપના ભક્ત રુપમુરારિ, સાગરવહલ, હરિપ્રસાદ, ગિરિધરદાસ, મોહનદાસ, હરરામ કોછડનો પ્રલ્લાદ, મેંગીબાઇ, સુંદરદાસ છકડા આવા અન્ય અસંખ્ય પોતાના ભક્તો સંગીતવાદ્યોની સાથે પ્રભુની આગળ ભક્તિપૂર્વક ત્રણ કોશ સુધી સામા આવ્યા.

અનેક પ્રકારનાં સુંદર રેશમી વસ્ત્રો રાજમાર્ગ પર બિછાવ્યા. તેની ઉપર સુંદર ચંદરવા બાંધ્યા, તેથી રાજમાર્ગ અત્યંત શોભવા લાગ્યો. શ્રીગોકુલરાજના મનોહર પુરપ્રવેશને માટે સુવર્ણ, મણિ, મોતીની માલાઓથી ગજરાજને સુંદર રીતે શણગારી મંગલ અર્થ માટે આગળ લાવી, સઘળા ભક્તોએ વિનંતી કરી અને ઘણા જ આદર સહિત શ્રીગોકુલેશ પ્રભુને અત્યંત ભક્તિવાળા શ્યામદાસના ઘરમાં પધરાવ્યા. ત્યાં અનેક પ્રકારનાં સુંદર વસ્ત્રોની પહેરામણી થઇ. ત્યાં ભેટ કરાયેલાં સુવર્ણ, મણિ અને મોતીનો તો ઢગલો થયો. ત્યાં પ્રેમવાળા કૃષ્ણાબાઇ તથા ભામાબાઇએ આનન્દ સહિત, ગીત અને વાજિંત્ર સહિત, પ્રેમ ઉત્સાહ સહિત સુંદર નૃત્યથી પ્રભુની મંગલ આરતી કરવાં લાગ્યાં. બીજા અનેક ભક્તોએ પણ શ્રીગોકુલેશ પ્રભુને ભક્તિપૂર્વક પોતાને ઘેર પધરાવી વિવિધ રીતે સેવ્યા, તેમનું પૂજન કર્યું, તેમણે પ્રણામ કર્યાં.

ગીત, નૃત્ય અને વાદ્યથી, ભેટથી, વિનયથી, પ્રેમથી, સેવાથી તે મહાભાગ્યવાનોએ પ્રભુને અત્યંત પ્રસન્ન કર્યા. ઉછળતા, અતુલ નિર્મર્યાદ, અપાર કૃપાસમુદ્રના અબજો સમુદ્ર જેમાં છે, એવા મહાઉદાર શ્રીગોકુલેશ પ્રભુ તેમના મનોરથો પર અધિક કૃપા કરી,

ગોપાલવાડી નામના બગીચામાં અહીંથી પધારી, પોતાના સુંદર શિબરમાં બિરાજમાન થયાં, ફળાહાર પણ અહીં કર્યો. બારસને દિવસે સઘળાં જરૂરી કાર્યો કરી શ્રીગોકુલેશ પ્રભુ બિરાજ્યા હતા, ત્યારે સદ્‌ભક્તજનો અતિભક્તિપૂર્વક સુવર્ણ, મણિ તથા મોતી જડેલાં સુંદર રેશમી પવિત્રાં પ્રેમથી લાવ્યા અને જમણા હસ્તકમલમાં બાંધ્યાં. તે પવિત્રા શ્રીગોકુલેશ પ્રભુએ કૃપાથી અંગીકાર કર્યાં. તેઓ અનેક પ્રકારના અમૂલ્ય, અતુલ, સુંદરરત્ન, સુવર્ણહીરાના હાર વગેરે ભેટ કરવા લાગ્યા.

તે ભેટોને શ્રીગોકુલેશ પ્રભુએ કૃપાદષ્ટિથી અંગીકાર કરી. તેમાં વળી નર્તક સમૂહની સાથે નૃત્ય કરીને, ગાયક ચતુરોની સાથે ગાઇને, વાદકસમુહની સાથે વાજિંત્ર વગાડીને; સેવકોની સાથે સારી રીતે સેવા કરાવીને, હર્ષિત ભક્તોની સાથે પ્રસન્ન થઇને, બંદીજન ચારણોની સાથે સુંદર સ્તુતિ કરીને, અત્યંત સુંદર ભક્તો સાથે સુંદર બનીને, ચતુરોની સાથે અત્યંત ચતુર, ગુણવાનોની સાથે ગુણવાન, સારા કવિઓની સાથે સુકવિ અને પંડિતોની સાથે પંડિત, દોડતા ભક્તોની સાથે દોડીને કૂદતાની સાથે કૂદીને, દાન કરી રહેલા ભક્તોની સાથે દાન કરીને, હસતાં ભક્તોની સાથે અત્યંત હસીને, નર્મપરાયણની સાથે નર્મહાસ્ય કરીને, ભક્તોની સાથે અત્યંત ભક્તિવાન બનીને, પ્રિય સમુદાયની સાથે અત્યંત પ્રિય બનીને, મંગલની સાથે અત્યંત મંગલ કરીને, ગુરુની સાથે ગુરુ બનીને, વધારે શું કહું ?

ગોકુલરત્ન શ્રીગોકુલેશ પ્રભુથી કરાયેલો મનોહર ભાગ્યવાળો, પ્રિય ચતુર પવિત્રાત્સવ સઘળાં ભક્તોને અને પ્રીતમ શ્રીગોકુલેશપ્રભુને પણ અત્યંત સુખદાયી બન્યો. ત્યાર પછી પ્રિય શ્રીગોકુલેશ પ્રભુ શ્રાવણ સુદ તેરસને દિવસે સિંહનન્દ ગામથી દુરાહ નામના ગામમાં પધાર્યા. પ્રભુએ વારંવાર અત્યંત રોકવા છતાં જેઓ પ્રભુની પાછળ ગયા, તે રસિકદાસ અને મેહરા જ્ઞાતિના ગોકુલદાસ પટ્ટી ગામ પર્યંત સાથે જઇને પાછા ફર્યાં. તેમણે એવું કહ્યું કે માર્ગને ન જાણનારા અમે મુખ્ય માર્ગ જણાવવા માત્ર અહીં આવેલા, આમ શ્રીગોકુલેશ પ્રભુ સાથે ઉપહાસ કરવા લાગ્યા. તે દુરાહ નામના ગામમાં રસિકવર શ્રીગોકુલેશ પ્રભુ પોતાના રત્નોથી ભોજનઘરને શોભાયમાન કરવા લાગ્યા, ત્યારે કુરુપ આંખવાળા ભક્ત કલ્યાણ પાણ્ડેય દેખાવમાં સુંદર ઇન્દ્રવારુણીના ઘણાંજ ફળો પોતાના વસ્ત્રમાં આનન્દથી મૂકીને, અન્ય સઘળાંને દુર્લભ એવાં આ ફળો મને મળ્યાં છે, એવા વિચારથી દોડીને પ્રભુની પાસે આવીને, વિનંતી કરવા લાગ્યા; કે હે પ્રભુ ! માર્ગમાં આપનાં વ્યંજન માટે શોધતાં મને આ સુંદર મનોહર ઘણાં ફળો મળ્યાં છે કે જે બીજાને દુર્લભ છે, તો હે પ્રભુ ! મારા ઉપર કૃપા કરીને આને બીજાં શાક છોડી, આ પાકાં સ્વાદિષ્ટ, ઇદ્રફલનું જલ્દી શાક બનાવીને શ્રીનાથજીને સમર્પી, આપ જલ્દી લ્યો.

હે કૃપાનિધિ ! ભોજન કર્યા પછી બાકી રહેલા સઘળો મહાપ્રસાદ મને જ આપશો અને બીજા માગનારાઓને થોડોક જ આપશો. તેને લાવનારો હું છું, તેથી એકલો જ તેમના બધાનાં દેખતાં હસતાં હસતાં તે પ્રસાદ લઇશ. આવું કહીને કલ્યાણ આભમાન સહિત તે ફળોને પ્રભુની આગળ ધર્યાં; અને શ્રીગોકુલેશ પ્રભુએ તો તે ફળોને જોઇને અત્યંત હસીને તેને કહેવા લાગ્યા કે મૂર્ખ, પાપી, આ ફળો ભોજન યોગ્ય નથી. ઘણાંજ કડવાં છે, કાલકુટ વિષથી ભરેલાં છે. ત્યારે લજ્જિત, દુ:ખી થતા અને નીચું માથું કરતા કલ્યાણને સઘળા ભક્તો હસતાં હસતાં કહેવા લાગ્યા કે તમે એકલા જ તેનું ભોજન કરો. કૃપાસાગર પ્રિય શ્રીગોકુલેશ પ્રભુએ તો બીજાં કોઇ પણ તેને ન ખાય એવા વિચારથી પોતાના ભક્તો દ્વારા તેને ખાડામાં નંખાવી, ઢંકાવી દીધાં. પછી શ્રીગોકુલેશ પ્રભુએ ચૌદસને દિવસે ફુલોર ગામમાં પધાર્યાં.

ત્યાં રાજમલ્લ નામના પ્રભુના પરમ ભક્ત હતા. તેમણે પોતાના સઘળા સંબંધીઓની સાથે પ્રભુની આગળ આવીને, પ્રેમથી સુવર્ણ, માણેક અને સુંદર વસ્ત્રો વડે શિબિરમાં પ્રભુનું અત્યંત પૂજન કર્યું. આગળ જતાં માર્ગમાં શ્રીગોકુલેશ પ્રભુ શતદ્રુ (શતલજ) નામની નદીમાં સ્નાન કરતા હતા, ત્યારે પોતાના ભક્ત ગિરિધર દરજીને દુષ્ટ પહેરગીરે અત્યંત માર્યો, તે સ્વયં દેખીને શ્રીગોકુલેશ પ્રભુ

પહેરગીરને ધિક્કારવા લાગ્યા. પ્રાણનાથ શ્રીગોકુલેશ પ્રભુએ પોતાના કોશાધ્યક્ષને આજ્ઞા કરીકે જ્યારે હું ગોકુલ પધારૂં, ત્યારે અમારા ઘરની રીતિને ન જાણનાર આ મૂર્ખને તરત દૂર કરજો. આ ફૂલોર ગામમાં મથુરાથી ચતુરાનાગા, ચતુરાગલમલ વગેરે ઘણાં વિરક્ત આવ્યા અને શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખના દર્શન અતિ ઉત્સુક્તાથી કરવા લાગ્યા. જેમની ચરણરજ બ્રહ્માને પણ દુર્લભ છે એવા પ્રાણનાથ શ્રીગોકુલેશ પ્રભુ જગતમાં ભાગ્યશાળી એવા વિરક્ત લોકોમાં પ્રસન્ન કૃપાદૃષ્ટિ કરવા લાગ્યા અને વાણીથી સમાધાન કરવા લાગ્યા.

અપની ઓર વિચારકે, મોહનભાઇ રસફૂલ ।

વલ્લભદાસ પર અતિ કૃપા, શ્રીગોકુલેશ રસછેલ ।।

વલ્લભ ચરણ પ્રતાપ વિના, મિથ્યા સબે વિચાર ।

બેઠે કાગદ નાવમેં, ક્યો, ઉતરેંગે પાર ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો પંચમ તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ છઠ્ઠો શરૂ થાય છે ।।

તરંગ ૬

ત્યાર પછી તે નદીની નજીક રહેલો કોઇ સૈયદ જાતિનો મ્લેચ્છ કે જે પરમ ભક્ત અને ઉછળતી પ્રીતિવાળો હતો, તે પ્રિય પ્રભુના દર્શન કરવાની ઇચ્છાથી પ્રભુની પાસે આવ્યો, અત્યંત સ્વાધીન પ્રિય શ્રીગોકુલેશ પ્રભુએ તે મ્લેચ્છને સર્વોપરી વિરાજમાન બધી રીતે મધુર એવા પોતાના સ્વરૂપમાં દર્શન સારી રીતે કરાવ્યાં. તે સ્વરૂપનાં દર્શન કરીને સુંદર બુદ્ધિવાળો તે મ્લેચ્છ પોતાના સંબંધી યવનોની સાથે વાત કરવા લાગ્યો, 'મિત્રો! તમે તો જાણો છો કે દુષ્ટ સંન્યાસીના ઉપદ્રવને કારણે, મ્લેચ્છસમ્રાટના બોલાવવાથી આ શ્રીગોકુલેશ પ્રભુ તેની પાસે જઇ રહ્યાં છે. પણ એ વાતને સાચી ન સમજશો. એ તો માત્ર બહાનું છે. વાસ્તવમાં આ તો ભગવાન છે. તે સંન્યાસી તેમને શું કરી શકે? આ પ્રભુ તો મનોહર ભાવવાળા કેટલાક ભક્તોના જાગેલા ભાગ્યથી આકર્ષાઇ, તેમનાં નયનોને ટાઢક આપવા માટે વિલાસ સહિત પધારી રહ્યાં છે. મધુરતા, સુંદરતા, ચતુરાઇ, વિલાસ અને નિર્દોષ ગુણોથી સામર્થ્યથી અમંદ શૃંગારમયી, અત્યંત અદ્‌ભૂત લીલાથી, કરૂણાથી, મદદની અપેક્ષા રહિત, પ્રભુતાથી, સુશીલતાથી નિષ્કપટ પ્રેમના ધર્મથી, અત્યંત ઉજ્વલ્લિત યશથી, સર્વાતીત લક્ષ્મીથી, વિનય, ગંભીરતા, ઉદારતા, તેજ, ક્ષમા, અહંકાર રહિત જ્ઞાન, સત્ય અને ઉત્તમ વિદ્યાથી યુક્ત એવું આ કોઇ પરાત્પર તત્ત્વ સ્ફુરિત થઇ કહ્યું છે.

પોતાના સમાન પ્રેમના પાત્ર, નિષ્પાપ તથા હાથમાં લાલ લાકડીવાળા, અમારા જેવાને પણ આર્દ્ર કરનાર એવા ભક્તોથી વીંટળાયેલા છે, એવા સ્વરૂપ સંબંધી અત્યંત તીક્ષ્ણ ધારવાળા ગુનસમૂહરૂપ શ્રેષ્ઠ ટાંકણાથી, વજ્રસમૂહથી પણ અત્યંત કઠિન એવા ચિત્તને જે કારણ વગર ભેદે છે, (જે નિષ્કારણ કૃપા કરે છે) એવા આ વિલસતા સર્વોપરિ પરાત્પર અનિર્વચનીય

તત્ત્વનાં દર્શન કરવાનું ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. તેનું વર્ણન કરવાને હું સમર્થ નથી; મારા સિવાય બીજા તો કેવી રીતે કરી શકે? વધું શું કહું? નયનોમાં, મનઈન્દ્રસમૂહના આંતર્બાહ્યમાં, રોમરોમમાં, પ્રત્યેક અંગમાં દીર્ઘ અત્યંત અમૃતધારાની વર્હા થઇ રહી છે ઇત્યાદિ વચન કહીને તે હૃદયમાં પરમ ઉચ્છલિત થઇ રહ્યો; વધારે બોલવાની ઇચ્છઅ છતાં બોલવાને અસમર્થ નીવડ્યો અને ગદ્ગદ્ વાણીથી તેનો કંઠ રૂંધાઇ ગયો.

પ્રાતઃ સમયે શ્રીગોકુલેશ પ્રભુ ફુલોરથી ઉત્પલ નામના ગામમાં પધાર્યા. ત્યાં રહેતા શ્રેષ્ઠ ભક્ત ગિરિધરદાસ અને મુકુંદદાસ ભક્તિપૂર્વક, મનોરથ સહિત, ગીત વાદ્ય સાથે, અસંખ્ય સ્વજનો અને ભક્તોની સાથે પધાર્યા અને સુંદર મંગલ નૃત્ય અને ગીતમય એવા પોતાના ઘરમાં પ્રેમથી શ્રીગોકુલેશ પ્રભુને પધરાવ્યા, અને સવિશેષ સેવા કરીને ઈશ્વરેશને સંતુષ્ટ કર્યા. ત્યાં આ શ્રેષ્ઠ ભક્તોએ શ્રીગોકુલેશ પ્રભુનાં શ્રીચરણોમાં બિજી અનેક પ્રકારની ભેટો, સુવર્ણ, મણિ, મોતી, નિર્મળ અમૂલ્ય સુંદર વસ્ત્રોની ભેટ કરી. ભાદરવા વદ એકમે શ્રીગોકુલેશ પ્રભુએ ઉત્પલ ગામથી પ્રસ્થાન કર્યું. તે સમયે સુલતાનપુરમાં રહેતા હરગોવિંદદાસ ગીતવાદ્ય સાથે, વૈષ્ણવસમુદાય સહિત ઘણે દૂર સુધી ભક્તિભાવપૂર્વક પ્રભુની સામે આવ્યા અને પોતાના ઘરમાં શ્રીગોકુલેશ પ્રભુને પધરાવી પ્રેમથી અનેક પ્રકારની ટહેલ કરી.

શ્રીગોકુલેશ પ્રભુએ હરગોવિન્દદાસને પોતાનું નામ આપ્યું. તેમણે શ્રીગોકુલેશ પ્રભુને સર્વસ્વ નિવેદન કરી આત્મસમર્પણ કર્યું. કૃપાસાગર શ્રીગોકુલેશ પ્રભુએ મનથી તે સર્વસ્વનો અંગીકાર કર્યો. સુલતાનપુરથી બીજને દિવસે શ્રીગોકુલેશ પ્રભુ ગોવિંદબાલમાં પધાર્યા. ત્યાં રહેતા બદરીદાસ, વિહારીદાસ, લાલદાસ આદિ સઘળા ભક્તોએ દુર સુધી સામે આવી, ભક્તિપૂર્વક પ્રભુને પ્રણામ કર્યા. ત્યાં પરમાનંદની બાલી નામની પુત્રી ઘરને શોભાયમાન કરતી હતી. તેના ચારિત્ર્યથી શ્રીગોકુલેશ પ્રભુ અત્યંત પ્રસન્ન થયા. સઘળાં ઉત્તમ તીર્થો જેના ચરણરજની ઈચ્છા રાખે છે, એવા શ્રીગોકુલેશ પ્રભુના ત્યાં યથાવિધિ સ્નાન કરવાથી, વિપાશા નદીનો અત્યંત આદર થવા લાગ્યો. પટ્ટી ગામમાં રહેતા ભગવાનદાસના દત્તક પુત્ર ઉછળતા ભક્તિ આવેગવાળા હોવાથી, વાજિંત્ર, ગીથ અને નૃત્યસહિત, વૈષ્ણવસમાજ સાથે મળીને લોકના નિયન્તા શ્રીગોકુલભૂપાલ પટ્ટી ગામને શોભાયમાન કરવા લાગ્યા.

ત્યાં સદ્બુદ્ધિવાળી ભગવાનદાસની પત્ની કેસરદે વિવિધ મનોરથ સેવતી પ્રભુની પાસે આવી. તેમના સાથમાં સુંદર ગીતો, વાદ્યો અને અનેક પ્રકારના નૃત્યો કરતો, ચતુર અને રસિક, અને સેવા કરવામાં પ્રવીણ એવી મૃગનયનીઓનો સમૂહ હતો. વિવિધ પ્રકારનાં સુંદર ચંદરવાથી, અનેક પ્રકારના મંગલમય દેશદેશનાં રેશમી વસ્ત્રોથી, કામળાના અત્યંત મનોહર અને અમૂલ્ય એવા ઘણા બિછાનાના સમૂહથી માર્ગને યોગ્ય રીતે પ્રભુ માટે તેઓ સજાવવાં લાગ્યા અને પોતાનો જન્મસફળ માનવા લાગ્યા. અનેક પ્રકારના સુંદર રંગવાળા સુંદર દેશદેશના ઉલ્લસિત અદ્ભુત સુંદર ચિત્રોથી યુક્ત, અગણિત વસ્ત્રસમૂહથી, રેશમી વસ્ત્રોથી, અદ્ભુત રચનાવાળા, દેશાંતરથી મંગાવાયેલા અત્યંત મુલ્યવાળા, કોમળ સ્પર્શવાળા મખમલ નામના વસ્ત્રથી, લાલરંગના વસ્ત્રથી, નયનને આનન્દકારી એવા રૌમિક (રૂવાંટીવાળા) વસ્ત્રથી ઢંકાયેલી, ઘણાં જ સુગંધી પુષ્પોના સમૂહથી અલંકૃત થયેલી સઘળી ગલીઓ સુંદર શોભવા લાગી. તે ગલીની ઉપર બાંધેલા મનોહર, અત્યંત દીર્ઘ, ખૂબ જ વિસ્તારવાળા વિવિધ પ્રકારના ચંદરવા શોભી રહ્યાં છે.

સુંદરવર, અત્યંત સુખદાયક, પરમ કોમળ, સર્વ પ્રકારે મધુર, રસિક મૃગાક્ષી સ્ત્રીઓના જીવનરૂપ, સુંદર મંગલરૂપ, અત્યંત હિતરૂપ એવા શ્રીમદ્ ગોકુલરાજની પૂજાને માટે ઈન્દ્ર, બ્રહ્મા, શિવ આદિ દેવો અયોગ્ય છે, કેમકે તેમની રીત પ્રેમ વગરની, કઠોર અને ભાગ્યરહિત છે, એટલે તેમની દષ્ટિથી જાણે શ્રીગોકુલેશ પ્રભુને દૂર રાખવા માટે તે સઘળા ચંદરવા, મહાપ્રેમથી આકાશમાં સર્વત્ર વ્યાપી રહ્યા હતા. મંગળ કળશને ધારણ કરવાથી શોભાયમાન લાગતી, નિર્દોષ શૌભાગ્યશાળી, પરમ ચતુર, જેમની નયનવિલાસ તીવ્ર અને નિર્મર્યાદ છે, જેની શોભા અદ્ભૂત છે એવી. મધુર મંગલ વિવિધ પ્રકારના ગીતો ગાતી, તેમની સન્મુખ શ્રીગોકુલેશ પ્રભુ થયાં.

નિર્મર્યાદ કરુણાના સાગર શ્રીગોકુલેશ પ્રભુ મુખ્યભવનની મધ્યમાં પધારી કેસરદેએ બનાવેલા મોટા સુંદર આસન પર બિરાજ્યાં; અને અનેક પ્રકારે શ્રીગોકુલેશ પ્રભુની ટહેલ-ચાકરી કરી. તે કેસરદેના પતિએ બીજે દિવસે સત્વર લાભપુરથી (લાહોરથી) આવીને, ઘણા જ પ્રેમથી શ્રીગોકુલના પ્રાણરૂપ શ્રીગોકુલેશ પ્રભુને પ્રણામ કર્યા. શ્રીગોકુલેશ પ્રભુ ભગવાનદાસ પર અત્યંત પ્રસન્ન થયા. અહીંયા જ પટ્ટી ગામથી, વટાલા ગામથી રહેલા, અને લવણ ગામથી, ઉદમડ તથા અદાડા ગામથી, પલાયચા અને કલાનૌર ગામથી, તેવા બીજા ઘણાં પ્રદેશોમાંથી, મયાણી ગામથી અનેક હજારો ભક્તો ઘણા પ્રેમથી આવી પ્રભુને દર્શન કરી પ્રણામ કરી કૃતકૃત્ય થયા. શ્રીગોકુલેશ પ્રભુ જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવ્યો. અષ્ટમીને બીજે દિવસે સવારે શ્રીપુરુષોત્તમ પ્રભુ અત્યંત ઉત્સાહથી ભક્તોએ આણેલા દહીંથી ભરેલા કલશોથી, અસંખ્ય વાદ્ય, નૃત્ય અને ગીતથી, મનોહર અનેક પ્રકારના નર્તકોથી પોતાના સ્વરૂપ સાથે દહીં-કાદવનો ઉત્સવ કર્યો. અને જેટલાં કેસર, કુમકુમ, અનેક પ્રકારનાં વસ્ત્રો, કસ્તુરી, કપૂર, અગરનાં સત્વો, ચંદન, મિસરી, લવીંગ, મરચાં, દૂધઘર વગેરે આણ્યું. ભગવાનદાસે આનો મનોરથ કર્યો. અને એ પ્રમાણે પ્રાણપતિ શ્રીગોકુલેશ પ્રભુની તથા આપશ્રીના ભક્તોની બહુવિધ સેવા કરી.

શ્રીવિઠ્ઠલગૃહે પ્રગટ હોયે, કીયો સુખસો વ્રજવાસ ।

શ્રીગોકુલ નામ કૃપાલ પ્રભુ, અધ મોચન સુખ રાસ ।।

પ્રિતમ હિત આપહી પ્રગટે, રસ સેવા ઉરધાર ।

દાસ ગોપાલકુ સરવસ માઇ, કેવલ પર ઉપકાર ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો છઠ્ઠો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ સાતમો શરૂ થાય છે ।।

તરંગ ૭

ત્યાર પછી નોમને દિવસે ભગવાન શ્રીગોકુલેશ પ્રભુ આ ગામમાં પોતાની અલૌકિક લીલા પ્રગટ કરીને ત્યાંના ભક્તોને ઘણું જ આશ્વાસન આપી, કરૂણાસાગર શ્રીગોકુલેશ પ્રભુએ તે સ્થાનથી પોતાના સેવકો સાથે પ્રસ્થાન કર્યું. તે સમયે ભાર ઉઠાવવામાં સમર્થ એવા ઘણાં ઊંટોની ભેટ ભગવાનદાસે શ્રીગોકુલેશ પ્રભુની આગળ કરી. તેનો શ્રીગોકુલેશ પ્રભુએ અંગીકાર કર્યો. રુદ્રાક્ષાદિ જેને પ્રિય છે તેવા દુષ્ટ સંન્યાસીને અત્યંત અપ્રિય એવા ભગવદ્દ્ભક્તિ માર્ગની રક્ષાર્થે અને ત્રિલોકના માંગલ્યાર્થે, અત્યંત ઉગ્રદંડધારી મ્લેચ્છપતિની સભામાં મંગલરૂપ અને કોમલ પ્રભુ પ્રવેશશે ત્યારે શું થશે ? એવા પ્રકારની ચિંતાથી પ્રગટેલા જ્વરે જ પ્રિય પ્રભુના સેવક વીરપાલભાઈ, કૃષ્ણદાસભાઈ અને નાગજીભાઈને પીડ દેવાની ઈચ્છા કરી.

તે જ્વરનો અત્યંત ઉપચાર કરવા માટે શ્રીગોકુલેશ પ્રભુએ તેમની પાસે જીવરાજ નામના શ્રેષ્ઠ સેવકને તે પટ્ટી ગામમાં મૂક્યા અને ઘણા પ્રકારથી પોતાના તેવા તેવા વિવિધ વચનોથી સમાધાન કર્યું. પ્રિય ભગવાન શ્રીગોવર્ધનધારી સ્વયં પ્રિય શ્રીગોકુલેશ પ્રભુની રક્ષા માટે હંમેશાં પ્રિય શ્રીગોકુલેશજીની સાથે ચાલે છે આવા પ્રકારનાં સ્વપ્નોથી તેમનું સમાધાન કરવા માટે, આવાં સ્વપ્નો દેખાડ્યાં; અને શ્રીમુખથી આજ્ઞા કરી કે તમે ચિંતાસાગરમાં ના ડૂબશો. અમારી રક્ષાને માટે સદાસાવધાન એવા શ્રીગોવર્ધનધારીજી માર્ગમાં અમારી સાથે જ ચાલે છે. આ પ્રમાણે સમાધાન કરી શ્રીગોકુલેશ પ્રભુ આગળ પધાર્યા. પટ્ટીગામથી નવસહરા ગામમાં શ્રીગોકુલેશ પ્રભુના પધારતાં, ભગવાનભાઈને ઉદરમાં શૂળ થવા લાગ્યું, તેને શ્રીગોકુલેશ પ્રભુએ કરૂણાએ શાંત કરી દીધું.

પછી નવસહરા ગામમાં શ્રીગોકુલેશ પ્રભુ ત્યાંના જીવોને તે તે પ્રકારથી કૃતાર્થ કરવા ત્યાં રાત્રિનિવાસ કર્યો. ત્યાંથી શ્રીગોકુલેશ પ્રભુ પ્રસ્થાન કરીને, લાભપુર ગામના સુંદર નગરમાં (લાહોરમાં) પધાર્યા. જોકે અહીં શ્રીગોકુલેશ પ્રભુએ પોતાનું આગમન અત્યંત છુપાવ્યું હતું, છતાં પણ પોતાના સર્વ ભક્તો તે જાણીને સુંદર બગીચામાં તેમની પાસે આવ્યા. ત્યાં શ્રીગોકુલેશ પ્રભુએ પોતાના ભક્તોને લલિત મધુરતાનું દર્શન કરાવ્યું. ત્યાં ભગવાનદાસ, નારાયણદાસ આદિ ભક્તોએ શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખનાં દર્શન કર્યાં. પ્રભુ ભક્તોએ સુંદર પાકેલાં અસંખ્ય દાડમનાં ફળો આપના ચરણોમાં ભેટ કર્યાં, તેમનો આપશ્રીએ અંગીકાર કર્યો. તેમાં ઘનશ્યામદાસ અત્યંત પ્રાર્થના કરતા હોવાથી કરુણાસિંધુ શ્રીગોકુલેશ પ્રભુએ તેમના ઘરને પોતાના ચરણકમલથી સુગંધિત કર્યું. ત્યાં અમુલ્ય દિવ્ય આસન પર શ્રીમદ્ ગોકુલનાં સુંદર મણિરૂપ શ્રીગોકુલેશ પ્રભુ બિરાજમાન હતા અને અસંખ્ય ભક્તસમૂહના દર્શન કરતા હતા.

તેમાં છ સાત પરમ ચતુર ક્ષત્રિયાણી સુંદરીઓ પણ આવી હતી. તેઓ પોતાના અતુલ્ય, અતિશય સૌંદર્યને પોતાના સ્પૃહાત્મક કટાક્ષોથી અને આપશ્રીએ પોતાના મુખારવિંદથી તેમને તે તે નામથી બોલાવ્યાં. તેથી સફલ માનવા લાગી. ત્યાં એકાદશીને દિવસે શ્રીગોકુલેશ પ્રભુ ભક્તોની સાથે અત્યંત દુર્લભ એવી ફળાહાર લીલા કરી, ભક્તોને કૃતાર્થ કર્યા. ભગવાનદાસની માતાની વિનંતીને માનીને કમલનયન, શ્રીગોકુલેશ પ્રભુએ પોતાના સ્વરૂપથી તેમના ઘરને શોભાવ્યું. આપશ્રી રાત્રી વિશ્રામ અત્રેજ કરી. અને દ્વાદશીના દિવસ, ભગવાનદાસજીએ અનેક પ્રકારના સુંદર વસ્ત્રોથી ચન્દ્રમુખ પ્રબુને પહેરામણી કરી અને મન જેવા વેગવાળા, અદ્ભુત નીલા ઘોડાને સજાવીને ભેટ કરી. શ્રીગોકુલેશ પ્રભુ પાસેથી અતુલ, અત્યંત મનોહર દુર્લભ એવા જે જે પુરુષાર્થ સમૂહ ભગવાનદાસજીએ પ્રાપ્ત કર્યા, તેની ગણના કરવામાં કોણ સમર્થ છે ! ત્યાં બીજા અસંખ્ય શ્રેષ્ઠ ભક્તોએ અનેક પ્રકારની સુંદર વસ્તુઓની ભેટ કરી કૃતકૃત્ય થયા.

સુંદર બુદ્ધિવાળા અને સૌભાગ્યશાળી શ્રીમાન ઘનશ્યામદાસજીએ પ્રિય શ્રીગોકુલેશ પ્રભુને યાત્રામાં ઉપયોગી, બીરાજવામાં સુખદાયક અને મનોહર સુખપાલ પ્રેમથી ભેટ આપી, તથા આગળ યાત્રામાં ઉપયોગી થાય તેવી સઘળી મનોહર નવીન સામગ્રી પણ ભેટ કરી. ત્યાંથી પધારી, આપશ્રી ઉત્તમ ઇરાવતી નદી નાવમાં બેસી પાર કરીને, રાત્રિ સમયે ફજિલાબાદ ગામમાં બિરાજી તેને પાવન કર્યું. બીજે દિવસે શ્રીગોકુલેશ પ્રભુ ઇમનાબાદ નામના નગરમાં પધાર્યા. ત્યાં પરમાનંદદાસના પૌત્ર ગોપાલદાસ પ્રભુની આગળ આવીને, પ્રભુને પધરાવી મનોહર બગીચાને શોભાયમાન કરવા લાગ્યા. અને પ્રભુની સેવા પ્રેમથી અનેક પ્રકારે કરી. પછી ઘીથી ભરેલા ઘણા જ સુંદર જસતના ઘડા અને સઘળી સામગ્રી પણ તેમને ભેટ કરી. ભાગ્યનિધિ ઘનશ્યામદાસે ભેટ કરેલી સુખપાલ પર પ્રેમથી બિરાજી કરુણાસાગર પ્રિય શ્રીગોકુલેશ પ્રભુ ચૌદશને દિવસે ઇમનાબાદથી ચીમાગખંડ ગામમાં પધાર્યા. ત્યાં બધાંથી ઉપેક્ષા કરાયેલું એક તળાવ હતું, જે શ્રીગોકુલેશ પ્રભુએ તરત જ પોતાના સ્નાન આદિથી સુંદર જળવાળું, સુંદર તીર્થરૂપ, રમણીય અને બધા યાત્રીઓને માટે સંમાન્ય બનાવી દીધું. વધારે શું કહું ?

તેના જલથી બીજો સઘળો વ્યવહાર સ્વયં કરવા લાગ્યા, અને બીજા સઘળાં ભક્તોનો રુધળો વ્યવહાર તે જલથી કરાવવા લાગ્યા. આટલાથી જ ત્યાંના તથા તલાવની નજીક સ્થાયી રહેતા જીવસમૂહનો શ્રીગોકુલેશ પ્રભુએ જેવી રીતે ઉદ્ધાર કર્યો, તે વિચાર કરવા યોગ્ય છે. તે ગામમાં કોઇ એક અત્યંત દરિદ્ર, સર્વને અપરિચિત એવો બ્રાહ્મણ આ પ્રભુની પાસે આવ્યો અને જણાવ્યું, ‘જ્યારે હું ગયા તીર્થ જઇને શ્રીગોકુલમાં પાછો આવ્યો, ત્યારે આપશ્રીને હું દાસ બન્યો’ આ પ્રમાણે હાથ જોડીને વિનંતી કરતો તે અત્યંત દીન બ્રાહ્મણ છટાંકભર મિશ્રી દીનબન્ધુ પ્રભુની આગળ ભેટ કરી, પ્રણામ કરવા લાગ્યો. કૃપાસાગરનિધિ પ્રિય શ્રીગોકુલેશ પ્રભુએ રોમહર્ષ સહિત મિશ્રીને શ્રીહસ્તથી ઉઠાવીને થોડીક શ્રીમુખારવિંદમાં ધારણ કરી, ‘આ તો અત્યંત સ્વાદિષ્ટ છે, તેને પછી આરોગીશ.’ આ વિચારથી થોડીક કૃષ્ણદાસના હાથમાં મૂકી. પછી ભાદરવાની અમાસને દિવસે શ્રીગોકુલેશ પ્રભુ ગુજરાત નામના નગરમાં પધાર્યા. ત્યાં શ્રેષ્ઠ ભક્તોના સમૂહ સાથે સભાગૃહમાં બિરાજી, મંદહાસ્ય સહિત પૂર્ણચન્દ્રમુખવાળા શ્રીગોકુલેશ પ્રભુ ‘આ ગામ તો ગુજરાત દેશનું નામ ધારણ કરે છે, પરંતુ તેના તે તે સૌંદર્યને નહિ,’ એવું ખાસ હેતુપૂર્વક કહી તે ભક્તોમાં ચિંતામણિના કરોડ લાખો સમુહના અમૃતસિંધુની વર્ષા કરવા લાગ્યા.

ત્યારે નિહાલચંદે મંદ મંદ પણ પોતાનો ગુણસમૂહ તજતા નથી. આવા અર્થવાળો લોકભાષામાં શ્લોક કહીને જણાવ્યું કે હે પ્રભુ, આ ગામમાં નામને યોગ્ય કશુંક સુંદર અવશ્ય હશે. આમ વિનોદ ચાલતો હતો. ત્યારે તે હાંસીનર્મના મંત્રી, શ્રેષ્ઠ ભક્ત નિહાલચંદજીએ હસતાં હસતાં કોમળ વચનથી ધીરે ધીરે પ્રિય શ્રીગોકુલેશ પ્રભુને વિનંતી કરી કે હે પ્રભુ ! મેં જે મૃદુ વિનંતી કરી કે આ ગામમાં જ નામને યોગ્ય કોઇ વસ્તુ હશે, તે સત્ય થયું કે નહિં ? ત્યારે આપશ્રીએ મંદહાસ્ય સહિત કહ્યું કે હાં, તદ્દન સાચું છે.

ભક્ત કા‘નિ મન આની કે, છાંડી નહિ નિરાશ।

શ્રીગોકુલનાથકી બાનીએ, નાગર જે નિજ દાસ ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો સાતમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ આઠમો શરૂ થાય છે ।।

તરંગ ૮

આ પ્રમાણે શ્રીગોકુલના રત્ન, અત્યન્ત મનોહર પ્રિય ભગવાન શ્રીગોકુલેશ પ્રભુચરણ કૃપારસદૃષ્ટિથી અને તેવા તેવા મધુર પ્રકારથી દેશ, ગામ, નગરીને, ક્ષુદ્ર કે મોટા મહાન સૌ જીવોને પાવન કરતા, ઉદ્ધાર કરતા, પોતાના પરમ પદને પ્રાપ્ત કરાવતા, કાશ્મીર પધારી રહ્યાં છે અને પોતાનો ઉજ્જવલ યશ સઘળા મલિન જગતને પાવન કરવા લાગ્યો. ત્યારે તે અત્યંત લુચ્ચો, પાપી, કુટિલ, ક્રૂર, દુષ્ટ અસુર સંન્યાસી શ્રીમદ્ ગોકુલમાં રહેતા પાપી, નીચ ક્ષત્રિય હરુના જમાઇ છીતરને એકાંતમાં બોલાવી સ્વયં કહેવા લાગ્યો કે શ્રીગોકુલનાથ તો પોતાના યશથી સઘળા ભૂમિમંડલન ઉજ્જવલ કરી કાશ્મીરમાં પધારી રહ્યાં છે. તેમનાં દર્શન કરી મ્લેચ્છપતિ અત્યંત પ્રસન્ન થશે. અને મારા ઉપર અને મારા આશ્રયે રહેલા તમારા જેવા અન્ય લોકો ઉપર અવશ્ય અત્યંત ક્રોધે ભરાશે; તેથી તમે એવું વિચારો કે જેથી આ સઘળું વિપરીત ન થાય. તમે તો સઘળા બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ છો. તેથી કંઇક વિચાર કરો.

સંન્યાસીનાં આ વચનો સાંભળીને, તે છીતરે સઘળા કર્તવ્યનો વિચાર કરી તેના કાનમાં કંઇક કહ્યું. તે સાંભળી તે ક્રોધી થયેલો અસુર પ્રસન્ન થયો. ત્યાર પછી પોતાના નિવાસમાં બેસીને, ત્યાં જ પાપી સંન્યાસીએ સઘળા મ્લેચ્છોને, મથુરાવાસીઓને અને અન્ય દુષ્ટોને બોલાવીને કહ્યું કે અહીંથી કાશ્મીર જતી વખતે શ્રીગોકુલના પતિએ મને મારી નંખાવવા માટે જેમને ખૂબ ખૂબ ધન આપ્યું છે તેવા તેમના અસંખ્ય શસ્ત્રધારી ગ્રામવાસીઓને હું આંગળીથી બતાવું છું તે જુઓ. તેમણે પાપી છીતરની સંમત્તિથી એ બધાને યમુનાને સામે કિનારે મુક્યા છે. પછી તે ભ્રષ્ટ દુષ્ટ આશયવાળા સંન્યાસીએ બીજે દિવસે ત્યાં આગળ રહેલા બધા લોકો સમક્ષ આ મતલબનો પત્ર યવનો પાસે લખાવ્યો; શ્રીમદ્ ગોકુલનાથજીએ સંન્યાસીના વધ માટે દુષ્ટ ગ્રામવાસીઓને તથા પોતાના સેવકોને ઘણું જ ધન આપ્યું છે, આ પ્રમાણે લખાવીને તેના ઉપર અધિકારીઓની, પ્રતિષ્ઠિત પુરુષોની, સ્વામીઓની, સેનાપતિઓની, ચૌધરીની, મ્લેચ્છ ખજાનચીની, માથુર બ્રાહ્મણની, લાલા નામના વૈદ્યની, તેનાં અત્યન્ત દુષ્ટ ભાઇ દામોદરની તથા અત્યંત કુટિલ પાપી એવા મિતનમિશ્રની સહી કરાવી.

વળી અહીં જેમના નામ કહ્યાં છે અને જેમના નથી કહ્યાં, તે સઘળા પાસે લખાવ્યું કે ઉપરનું લખાણ સત્ય છે. ઇતબારખાને જેને સઘળાં કાર્યોનો અધિકારી બનાવ્યો હતો, તે કતદી (કુતુબુદ્દીન) નામના મ્લેચ્છને, સંન્યાસીએ વારંવાર પ્રાર્થના કરી, છતાં તેણે આ પત્ર સત્ય છે, તેવી મુદ્રા પત્રની ઉપર સહી ન કરી, ત્યારે સંન્યાસીએ તે પત્રને સેનાપતિ ઇતબારખાન ઉપર મોકલ્યો. ઇતબારખાને તે પત્ર કાશ્મીર પ્રદેશની મધ્યમાં રહેતા ઉગ્રદંડદાતા, ચક્રવર્તી મ્લેચ્છપતિને બતાવ્યો. પરંતુ પરમ ચતુર સમ્રાટે તે પત્ર વાંચીને પ્રભુ ઉપર ક્રોધ ન કર્યો અને ઇતબારખાનને કહ્યું કે આ પત્રમાં લખેલું સર્વથા મિથ્યા છે. શ્રીગોકુલેશ્વર તો પરાત્પર ભગવાન જ આ ભૂતલ પર પ્રગટ થયા છે. અગાધ અપાર કરૂણાના સાગર છે, રસરૂપ છે, નિષ્પાપ છે અને શ્રીપુર્ણ પુરૂષોત્તમોત્તમ છે. વાણીથી કોઇને ય પીડે તેવા નથી; કમલનયન, અનંતગુણસાગર, અખિલ જગતનાં મંગલરૂપ શ્રીમાન્ હરિ આ જ છે.

તેઓ જ દીનજનના બાંધવ છે, પતિતને પાવન કરનાર છે, મનોહર છે, મોટા અપરાધો છે, મોટા અપરાધોને પણ ક્ષમા આપનાર તેઓ કદીય કોઇનું અપમાન કરતા નથી; પણ તેમના પ્રબલ અપરાધોની જ શિક્ષા કરે છે. આ દયાનિધિ તો

ભગવદ્નામનો ઉપદેશ આપી, કૃપાથી અંગીકાર કરેલા સઘળા જીવોને હિંસા તથા માંસભક્ષણ આદિમાં જે વિહિત છે તેનો પણ નિષેધ કરે છે અને આપણે સઘળા મ્લેચ્છો હિંસા તથા માંસભક્ષણાદિમાં પ્રવૃત્ત થઈએ છીએ અને તેનો ત્યાગ કરતા નથી, તેમને પણ તેમ કરવા કહે છે, તો જેઓ પરમ સ્વકિય અને કેવી રીતે હિંસા કાર્યમાં પ્રવૃત્ત થવા કહી શકે ? જે કૃપાસિંધુ શ્રીગોકુલેશ પ્રભુ સાપ વીંછી આદિ જીવોને મારતા દુષ્ટ લોકોને જ વારે છે, તેઓ કેવી રીતે સંન્યાસીના વધની ઈચ્છા કરે ? તેનાં આવાં વચન સાંભળી, ઈતબારખાને સમ્રાટને કહ્યું કે હે મ્લેચ્છેશ્વર, આપે જે કહ્યું, તે સત્ય છે.

તેથી જ આ પત્રમાં મથુરાવાસી મારા કતર્દી નામના અધિકારીને મુદ્રા કરી નથી. ત્યારે ભક્તિવાનોમાં શ્રેષ્ઠ આસફખાને તે મ્લેચ્છપતિને કહ્યુ કે જે માણસ પ્રભુના શરણે આવે છે, તેને તેઓશ્રી સતત એવું કહે છે કે હંમેશા સર્વ પ્રકારે સર્વ પાપકાર્યથી તારે દૂર રહેવું. તો આવા પ્રભુ તે અધમ દુષ્ટ સંન્યાસીના વધરૂપ પાપની ઈચ્છા કેવી રીતે કરે ? તેથી આ પત્ર્ બનાવટી ઠરે છે. તે સંન્યાસી તમારા માણસો ઉપર ગુસ્સે થયો, અને તેથી તેણે આવું કરાવ્યું છે. તે સંન્યાસી તમને પ્રિય છે આવા વિચારથી ડરનારા, મત્સરવાળા, પાપી, લુચ્ચા, દુષ્ટ, પોતાના મનોરથની સિદ્ધિની અભિલાષાવાળા, તદુપરાંત ઉધ્ધત, નીચ, ધર્મ અને સત્યથી રહિત એવા પુરૂષોની પાસે સંન્યાસીએ મુદ્રા કરાવી છે.

કતર્દી તો ધર્માત્મા છે. તેથી તેણે આ જુઠ્ઠા પત્રમાં મુદ્રા નથી કરી. ભગવાન શ્રીગોકુલાધીશજી તો માર્ગમાં આવતા અનેક પ્રકારના જીવોને અનેક પ્રકારનો ધર્મોપદેશ કરી, ભક્તિના પ્રકારો બતાવી, માંસ-ભક્ષણ, હિંસાદિ, મદ્યપાન, અફીણ, આદિના ભક્ષણોમાંથી નિવારી, વેદશાસ્ત્ર અને સ્મૃતિઓથી પોતાના સ્વરૂપથી, અનેક પ્રકારની યુક્તિઓથી, શિષ્ટાચારનું દર્શન કરાવતા અને તે રીતે તેમનો ઉદ્ધાર કરતા કરતા અહીં પધારી રહ્યાં છે. હું જાણું છું કે ભગવાન શ્રીગોકુલાધીશજી પોતાના દર્શનદાનથી અહીંના સઘળા જીવોને સુખ આપશે. તેથી અચાનક જ આપણું સર્વ મ્લેચ્છોનું મન સદ્ધર્મમાં રમે છે; ક્રૂર કર્મમાંથી આપણું મન નિવૃત્ત થયું છે અને પ્રભુના ભજનમાં સારી રીતે પ્રવૃત્ત થયું છે. તેમની કથા, કીર્તન, ગાન, સ્મરણ, પ્રણામ માટે અને દાસરૂપે વિવિધ પ્રકારની સેવા કરવા આપણે ઉત્સાહિત થઇ રહ્યાં છીએ, તથા તુલસીમાલા ધારણ કરવામાં આપણો કંઠ ઉત્કંઠા સેવે છે.

અને તે પ્રભુના પ્રેમમાં યવનોનું હૃદય સતત અત્યંત શુભ, સુકોમલ ભાવ ધારણ કરે છે. પહેલાં દુષ્ટસંગથી કરેલા અભક્ષ્ય મદ્યાદિ પાન અને ન કરવાનાં કાર્ય બદલ હૃદય પ્રભુના ચરણોમાં પશ્ચાતાપ કરવા તલપે છે. તે જ સાધુ ભક્તોનો દ્રોહ કરી જે હૃદય વિમુખ બનેલું, તે હૃદય પણ અનુતાપ કરે છે. પ્રેરણા વગર જ વાણી ભગવાનનું ગુણગાન કરે છે; ક્ષણ માત્ર પણ તેમને છોટવાની ઈચ્છા થતી નથી. કાન પણ પ્રભુના ગુણગાન સાંભળવાની અભિલાષા સેવે છે. આપણા અત્યંત કોમલ પગ શ્રીમદ્ગોકુલમંડલમાં અને ગોવર્ધન પર્વત પર વિહાર કરવાની ઈચ્છા સેવે છે. આપણું હૃદય શ્રીમદ્ગોકુલ ગોવર્ધનવાસી ભક્તોમાં અત્યંત પ્રીતિ રાખી કહ્યું છે. આપણું શીર તેમને પ્રણામ કરવાની ઈચ્છા કરી રહ્યું છે. આપણું શરીર શ્રીગોકુલનાથજીના તથા તેમના દાસસમૂહના ચરણરજ રૂપ સુગંધી ચૂર્ણથી પોતાને સુગંધિત કરવાની અભિલાષા રાખે છે. આપણી આંખોને અત્યંત પ્રીતિપાત્ર એવાં સ્ત્રી-પુત્ર તથા સંબંધીઓને પણ એકદમ હવે જોવા ગમતાં નથી. આપણા નયન તેમનાં દર્શનની અને તેમની અમૃતોદધિ જેવાં ચરણકમલની રજના અણુના પણ અણુની સદા ઈચ્છા રાખે છે.

વળી તે શ્રીગોકુલેશ પ્રભુના ચરણકમલ સંબંધી રજમાં ઉત્સુક એવું આપણું હૃદય સુમેરુપર્વતને, રત્નાકર સમુદ્રને, મહેન્દ્રને, મહાદેવને, તે તે અવતાર આદિને, અમૃતને તથા કામધેનુને, ચિંતામણિ-મણિને તથઅ કલ્પવૃક્ષને, સિદ્ધિના ભંડારને, મુક્તિને, સ્વર્ગ અને વૈકુંઠ સમૂહને તૃણવત જેવું શું નથી માનતું? આ પ્રમાણે, આસફખાનની વાણીથી ઉત્પન્ન થયેલા હર્ષને છૂટાવતો તે મ્લેચ્છપતિએ પોતાની નજીક રહેલાઓને એટલું જ પૂછ્યું કે પ્રભુ ક્યાં આવ્યા છે? ત્યારે ઇતબારખાન વિનંતી કરવા લાગ્યો કે પ્રભુ લાહોરમાં બિરાજ્યાં છે; આ સાંભળી તે મ્લેચ્છપતિ અંતઃકરણમાં ઘણો સંતોષ પામ્યો. આ જુઠ્ઠા પત્રનો સઘળો વૃત્તાંત સાંભળી શ્રીગોકુલનાથ પ્રભુચરણ તેનો નિરાદર કરવા લાગ્યા. પરંતુ પાપી છીતર તો પોતે કરેલા અપરાધથી જ, દામોદરના પુત્રની સાથે ગુજરાત દેશમાં ગયો હતો, ત્યાં ચોરોના શસ્ત્રસમૂહથી મૃત્યુ પામ્યો.

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો આઠમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ નવમો શરૂ થાય છે ।।

તરંગ ૯

ભગવાને શ્રીગોકુલાધીશજી ભાદરવા સુદ એકમે ગુજરાત નામના ગામથી પ્રસ્થાન કરી, અનુરાગી ભક્તોની સાથે ભમ્મર (ભંભર) નામના ગામમાં પધાર્યા. ત્યારે ત્યાંની અત્યંત વિષમ ઘાટીનું અતિક્રમન લોકો ન કરે તે માટે મ્લેચ્છપતિએ મૂકેલા પોતાના માણસોની સંમતિ લેવાને બહાને, અત્યંત બળવાન દોષોથી ઘેરાયેલા તે તે જીવોને ઉદ્ધાર કરવા માટે શ્રીગોકુલેશ પ્રભુ બીજે દિવસે ત્યાં રહ્યા. પછી ત્રીજને દિવસે તેઓ ભદ્રકાળી નામના સ્થળે ગયા. ચોથને દિવસે શ્રીગોકુલેશ પ્રભુએ અઢિઢક નામની ઘાટીને ઘણા સેવકો, ભક્તો અને નોકરો સહિત પાર કરી. જ્યારે બીજા કેટલાક ચતુર માણસો મ્લેચ્છોના અટકાવવા છતાં પરમ ચતુર શ્રીગોકુલેશજીએ બતાવેલા ઉપાયથી ઘાટીને પાર કરી ગયા. પછી ઈશ્વરેશ્વર સંદોહ અને જોગી હટ્ટી ઘાટીમાં પ્રવેશીને તેમને પાવન કરી, કમાદરગલા ગામની નજીકના વનમાં નિવાસ કર્યો.

ત્યાંથી પાંચમને દિવસે પ્રભુએ ચિંગસ નામના ગામમાં રાત્રીનિવાસ કરી તેને શોભાયમાન કર્યું. ત્યાં જલથી ઘઉં વગેરે પીસવાનું સુંદર યંત્ર કૌતુકથી જોયું. કેમકે એમની સાથે સંબંધવાળા સઘળા લોકો સંસારસાગર પાર કરવાની ઈચ્છાવાળા થયા. અને અહીં જ લાહોરથી પહેલાં મોકલાવાયેલો ગાગુ નામનો ઉત્તમ પહેરગીર કાશ્મીરથી પાછા ફરતાં ભક્ત આસફખાનની તથા ભક્ત રાયમુકુંદદાસની વિનંતી કહેવા લાગ્યો. તે વિનંતી કે જે પ્રભુના ભક્તોને અત્યંત રૂચતી હતી. તે પછી શ્રીગોકુલેશ પ્રભુ છઠને દિવસે રાજોર ગામમાં પધાર્યા. સાતમને દિવસે થાના ગામમાં પર્ધર્યા, જ્યાં સવારમાં ઠંડી વિશેષ હોય છે, બપોરે તાપ અને સાંજના વરસાદ પડે છે. આઠમને દિવસે થાના ગામથી પધારી બ્રહ્મગલા નામના ગામને શોભાવવા લાગ્યા. તે બે ગામની મધ્યમાં રતનપંજાલ નામની મોટી ઘાટી છે, કે જે યાત્રિકો માટે ચઢવાઉતરવામાં ઘણી જ કઠિન છે.

આ ઘાટીને જોઇને કેટલાક બુદ્ધિમાન લોકો વારંવાર મનમાં કરુણાશક્તિને ઠપકો આપવા કે જીવોના ઉદ્ધાર માટે આવા કઠિન માર્ગમાં પ્રભુને લઇ જનારી કરુણા શક્તિ અત્યંત પ્રગલ્ભ છે. પછી, સઘળા તીર્થ જેની ચરણ રજના અણુની ઈચ્છા કરે છે,

એવા જગદીશ્વર પોતાના ચરણકમલની નોમને દિવસે પોસાના (પોપા) ગામને પાવન કરવા લાગ્યા. દશમને દિવસે શ્રીગોકુલેશ પ્રભુ અત્યંત કઠિન ઘાટી પીરપંજાલને ઓળંગી મહમદકુલી નામના મ્લેચ્છની લાડીને (આ નામનું કોઇ સ્થળ હશે ?) પાવન કરવા લાગ્યા. ત્યાં અત્યંત કૃપાનિધિ પ્રભુએ કોઇ એક યવનને પોતાના સર્વોપરિ સ્વતંત્રતમ બિરાજમાન સ્વરૂપનું દર્શન કરાવ્યું. ઘણા પ્રકારે તેનું સમાધાન કરી, પ્રસન્ન થઇ તેને પોતાનું બીડું આપ્યું.

ઉછળતા પ્રેમથી તેણે ભેટ કરેલાં દાડમનાં ફળો, મર્યાદાને અનુસરી શ્રીગોકુલેશ પ્રભુએ અંગીકાર કર્યા. આગળ અરાડીમરાડી ગામને પાવન કરી કરૂણાસિંધુ શ્રીગોકુલેશ પ્રભુ એકાદશીને દિવસે હીરપુર ગામને પોતાના નિવાસથી પાવન કર્યું. આ ગામમાં જ સઘળા ભક્તોએ સાંભળ્યું કે મ્લેચ્છાધીશ તો કાશ્મીરથી ઘણે જ દૂર વનમાં મૃગ્યા ખેલવા ગયો છે અને મૃગ્યામાં ચિત્તવાળો તે મ્લેચ્છપતિ પાંચ-છ મહિના પછી અહીં પાછો ફરશે. આથી તે ભક્તોને ઘણો જ ક્લેશ થયો કે શિરીષના ફૂલથી પણ અત્યંત કોમળ એવા અમારા પ્રિય શ્રીગોકુલેશ પ્રભુ મ્લેચ્છપતિના અનુરોધથી આટલે દૂર સુધી પધાર્યા. આગળ એટલે જ દૂર પધારવામાં અધિક ક્લેશ થશે. 'તમે વૃથા ક્લેશ ના કરો; દેશપતિ એટલે દુર નહિ જાય. પ્રભુની ઇચ્છાથી જલ્દીથી પાછૌ આવશે.' આ પ્રમાણે અમૃતના સમુદ્રની વર્ષા કરી રહેલા શબ્દોની કૃપાસિંધુ શ્રીગોકુલેશજીએ ભક્તોનું સમાધાન કર્યું.

પ્રભુની આજ્ઞાનુસાર તેવું જ થયું. દેશપતિ લોકોના મોંઢેથી 'શ્રીગોકુલેશ પ્રભુ વેગથી પધારી રહ્યાં છે' સાંભળી સુંદર શ્રીમુખારવિંદના દર્શનની અભિલાષાવાળો, કોઇ બહાને જલ્દીથી ઘેર પાછો આવ્યો. બારસને દિવસે બધાંને દુર્લભ એવા પોતાના બિરાજવાથી 'બલરામની સરાય' નામના ગામને શોભાયમાન દર્શન કરી. શ્રીગોકુલેશ પ્રભુએ કાશ્મીરવાસી પ્રહ્લાદદાસ, ગોધુ, જયરામદાસ, અનંતદાસ આદિ અનંત ભક્તો અહીં આવી, શ્રીમુખનાં દર્શન કરી, પ્રેમથી ચરણકમલમાં પ્રણામ કરી, પ્રભુની કૃપારસથી પૂર્ણ ભરેલી દષ્ટિ પ્રાપ્ત કરી કૃતાર્થ થવા લાગ્યા. આસફખાન તો પ્રભુનું સ્વરૂપ જાણતો હતો, દર્શનમાં ઉત્સાહવાળો હતો. તેણે વિચાર્યુ કે શ્રીગોકુલેશ પ્રભુ તો સ્વભાવથી એવા છે કે મ્લેચ્છભાષા નહિ બોલે, મ્લેચ્છપતિના નામને પ્રસંત પ્રાપ્ત થતાં દેશપતિ કહે છે. તો તે નીચે સંન્યાસીમાં પ્રીતિવાળા મ્લેચ્છરાજાને સદા મારા સ્વાર્થને માટે યા લૌકિક અભિલાષાથી સેવા કરૂં છું.

આ પ્રમાણે તેના હૃદયમાં ગુઢ દીનતા ભરેલી હતી, છતાં પોતે પ્રભુના દર્શનને યોગ્ય નથી. તેથી તે ગામમાં આગળ આવ્યો નહિ. તે ગામથી પધારી રહેલા પ્રભુના મહાન કઠિન માર્ગમાં પણ શ્રીગોકુલેશ પ્રભુના એક ભક્ત ધ્યાનદાસજી આવીને, ઘણીવાર દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. ઈશ્વરેશ્વર શ્રીગોકુલેશ પ્રભુ તેમના કુશળ સમાચાર પૂછી, વારંવાર સમાધાન કરવા લાગ્યા. રાય મુકુન્દદાસે મોકલેલા રામરાય નામના પ્રભુના અત્યંત ભક્તે એટલે દૂર સુધી પ્રભુની નજીક આવી, પ્રભુના શ્રીમુખારવિંદના દર્શન કરી, વારંવાર દંડવત્ પ્રણામ કરી, ઉછળતી દીનતાથી વિનયપૂર્વક વિનંતી કરી અને પ્રભુને સુંદર ભાગ્યશાળી એવા બગીચામાં પધરાવ્યા. તે બગીચામાં ભક્તજનોએ રચેલા સુંદર વસ્ત્રોથી પ્રેમપૂર્વક સજાવેલા શિબિરમાં ભાદરવા સુદ તેરસ અને બુધવારના દિવસે શ્રીગોકુલેશ પ્રભુ ભૂષણરૂપ થયા (બિરાજ્યાં). અહીયાં ભગવાનદાસ, ચૌધરીઓના શેઠ વ્હોરા, વિહારીદાસ અને ભક્ત દ્વારકાદાસ આવ્યા. વળી રાજપૂતોના સમૂહ સાથે પ્રભુના પરમ ભક્ત હરિદાસ તોવર ત્યાં આવ્યા ને પ્રભુના દર્શન કરી કૃતકૃત્ય થયા.

જે હરિદાસ તોવર આનંદથી પૂર્ણ હૃદયે, અત્યંત કાદવવાળી જગ્યામાં વારંવાર પ્રભુની આગળ દંડવત્ પ્રણામ કરી, દેહાનુસંધાન રહિત બનીને રહમાં પ્રણામ કરનાર અક્રૂર ભક્તને પણ ટપી ગયા. ભગવાન શ્રીગોકુલાધીશજીએ વારંવાર 'આવો, આવો' કહીને હર્ષપૂર્ણ સુંદર વાણીથી તેમનું સમાધાન કર્યું. ઉચ્છલિત પ્રસન્નતાવાળા તે હરિદાસને ભગવાન શ્રીગોકુલેશજીએ કહ્યું કે તમારાં આ વસ્ત્રો કીચડથી ખરડાઇ બગડી જે. આના જવાબમાં હરિદાસ શ્રીગોકુલેશ પ્રભુને વિનંતી કરવા લાગ્યા કે હે પ્રભુ ! આપ એવું ના કહેશો. આપની અત્યંત દુર્લભ દૃષ્ટિથી આ કીચડ પવિત્ર થયો છે. તે લાગવાથી મારા વસ્ત્ર બગડશે નહિં. પરંતુ જેનો કણ પણ બ્રહ્માદિ દેવોને દુર્લભ છે, એવા એના ગુનો જ પ્રેમ અને આદરથી અહીં વસ્ત્રોને સ્પર્શશે.

ત્યાં સર્વોપરિ બિરાજમાન, ગુણસાગર, સુંદરવર, ભગવાન શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખકમલનાં દર્શન માટે આવી રહેલાં સઘળાં તરૂણો, વૃદ્ધો, બાળકો, બ્રાહ્મણો અને ક્ષત્રિયો, વૈશ્યો અને શુદ્રો, નીચ જાતિવાળા અને ઊંચા કુલવાળા, જ્ઞાની, સદ્‌ગુણી અને મૂર્ખ, સારથિઓ, વ્યાપારી, શ્રેષ્ઠ બંદીજનોનો અને તેવા નાના મોટા સર્વે મગધો, ભક્તો, અનુયુાીઓ, સેવકો, ચારણો, તે તે સેનાપતિઓનાં સેવક સંબંધીઓ અનેક પ્રકારના ભાવસમૂહવાળી અને રૂપશીલયુક્ત સ્ત્રીઓ, તેવા બીજા અનેક લોકોનો સમૂહ ત્યાં ઉમટ્યો. તથા તેમનો જયશબ્દ, પ્રણામ, સ્તુતિસમૂહ, અંજલિબંધ, પ્રેમ વિનયથી પૂર્ણ હર્ષ સમૂહ, રોમહર્ષ અશ્રુપાત, સ્તંભ, સ્વરભંગ, કંપ, સ્વેદ, વિવર્ણતા, મુર્છા અને ઘણીવાર દંડવત્ પ્રણામ, ગુણસમૂહની કથા, યશસમૂહનું ગાન, પરાક્રમનું વર્ણન, સુંદર પ્રભુના તેવા પુરૂષસમૂહનું વર્ણન, પ્રતાપનાં વિવિધ વર્ણનો, સેવા, પ્રેમ, રૂપસંપત્તિ, ઉપદેશાદિ ત્યાં થઇ રહ્યું હતું. ઉચ્છલિત હર્ષ, પ્રેમયુક્ત નર્મહાસ્ય, આલિંગન, હર્ષથી એક બીજાને તાલીઓ આપવી, અનેક પ્રકારની કથા, ઉંચા નાદપૂર્વક નિરાજન, મંગળ કળશ લેવાના, સ્નાન, પાક, ભોજનાદિના અનેક પ્રકાર ત્યાં પ્રગટ થઇ રહ્યાં હતા.

ત્યારે રાત્રી સમયે ભોજનની તૈયારી થઇ રહી હતી. ત્યાર બાદ ભોજન કરી આપશ્રી નિંદ્રાના પર્યંકને શોભાવવા લાગ્યા. આ રીતે અસંખ્ય મહાદોષસમૂહથી અત્યંત ઘેરાયેલા, નિઃસાધન, અધમ, અનેક પ્રકારના અપાર સાધનથી ન નીકળી શકનારાઓનો, અનંત નરકમાં પડવા માટે સદા પ્રયત્ન કરનારાઓ લાખો કરોડ પરાર્ધથી પણ અધિક જીવોનો ઉછળતા પ્રેમપૂર્વક ઉદ્ધાર કરીને કૃપાસિંધુ શ્રીગોકુલેશ પ્રભુએ નિદ્રાલીલાનો સારી રીતે આદર કર્યો. જે જીવો પુત્રના, પિતાના, ભાઇના, બાંધવના, પત્નીના, પતિના, માતાના, કન્યાના, સાસુ-સસરાના, ગૃહના, ધનના, દેશ અને રાજાના, તથા રાજાના ઘોડા, હાથી, સેવક તથા પાયદળના સંબંધી હતા, અને તેવા બીજાઓના સંબંધી હતા, તે સઘળા જીવો આ પ્રભુના ગુણસમૂહથી આકર્ષાઇને એ પ્રભુના જ સંબંધી બની ગયા. તેથી આ શ્રીગોકુલેશ પ્રભુ જેના પુત્ર છે, તે જ પુત્રવાન, તે જેના પિતા છે, તે જ પિતાવાળા, જેના પ્રભુ છે, તે જ સનાથ, તે જેના ભાઇ છે, તે જ ભાઇથી યુક્ત અને જેના શ્રીપતિ છે, તે જ સ્ત્રિ પતિવાળી છે. વિશેષ શું કહું ? જેના જે સંબંધી છે, તે જ શ્રીગોકુલેશપ્રભુ તે જ ભાગ્યનિધિ છે. સઘળા ગુણોથી પૂર્ણ છે, અન્ય નહિં.

ભક્ત કા'નિતેં હોવઇ, નાગર જન સનમાન ।

શ્રીગોકુલનાથકી બાનીએ, છાંડ ન બાની નિદાન ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો નવમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ દશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૦

પ્રાત:કાલે નિદ્રાનો ત્યાગ કરી, શ્રીગોકુલેશ પ્રભુ પોતાના પલંગ પરથી ઉઠ્યા, તે વખતે પોતાની સમીપ ઉભેલ વૈષ્ણવ ઘણીવાર ઘણા પ્રકારે ભક્તિપૂર્વક આપના ચરણકમલને પ્રણામ કરી, કંઇક વિનંતી કરવાની ઇચ્છાથી પધારી; ત્યારે ભગવાન મંદહાસ્યપૂર્વક તેના તરફ જોઇ કહેવા લાગ્યા, 'હે ભક્તશ્રેષ્ઠ, હે દીર્ઘનયની, તમે વિનંતી કરવા માટે પ્રભાતમાં જ આવ્યાં છો, તે હું સઘળું જાણી ગયો છું. તેને ઘેર હું જલ્દી પધારીશ. સામ્રાજ્ય, વૈભવ, ધન, નૃપતિપદ તથા રાજ્યસન્માનરૂપી સાંકળથી બંધાયેલા જે લોકો અહીં મારી નિકટ આવી મને સ્પર્શ કરી, દર્શન કરી, પ્રણામ કરી, એકવાર વાત કરી, સેવા કરી, કૃતાર્થ નથી થયા, તેવા જીવોનો પણ ઉદ્ધાર કરવા માટે તેમના ઘરમાં પધારું છું. તેમને તે તે દાન આપી તેમને કૃતાર્થ કરવા માટે કંઇક નિમિત્તની પ્રતીક્ષા ક્ષણે ક્ષણે મને વિલંબ કરાવે છે.'

આવું પ્રાણનાથના શ્રીમુખકમલમાંથી પ્રગટેલું વચનામૃતનું પાન કરવાથી જેનો મુખચન્દ્ર ઉલ્લસિત થયો છે, જેનાં અંગ હર્ષથી પુલકિત થયાં છે, એવા તે વૈષ્ણવ મૌન ધારણ કરી રહ્યાં. એ જ સુંદર સમયે શ્રીગોકુલેશ પ્રભુનો ભક્ત એક સેવક રાઘવદાસ નામના કાયસ્થ ભક્તિપૂર્વક શ્રીગોકુલેશ પ્રભુના દર્શન કરવા માટે આવ્યો. શ્રીગોકુલેશ પ્રભુના દર્શનથી પોતાના નયનને અત્યંત શીતલ કરી, માથું નમાવી ઈશ્વરેશ્વર આગળ તેમણે વિનંતી કરી. 'હે પ્રભુ! અહીં કાશ્મીરમાં દિલાવરખાન નામનો મહાન યવન સેનાપતિ છે. મ્લેચ્છપતિએ સઘળા કાર્યો કરવાનો તેને અધિકાર આપ્યો છે. તે ભક્ત આપનાં દર્શન કરવાની અભિલાષા સેવે છે. આપ તેને દર્શન આપી, તેનો મનોરથ જલ્દીથી પૂર્ણ કરો.' ભક્તને આધીન ભગવાન શ્રીગોકુલેશ પ્રભુએ તેની વિનંતિને માન આપી, તેને ત્યાં પધારીને તેના ઘરને સુગંધિત કર્યું. અમૃતના સમુદ્રને જીતે તેવી વાતચીત કરી, તેને કૃતાર્થ કરી, શ્રીગોકુલેશ પ્રભુ મુકુન્દદાસના ઘરમાં પધાર્યા.

ત્યાં મુકુન્દદાસના નયનોમાં પોતાના દર્શનરૂપી ચિંતામણિને જડી, પોતાના ચરણકમલની રજથી ઇતબારખાનના ઘરને પાવન કર્યું. તે ઇતબારખાન તો મંદ મંદ હસી હસ્તમાં કમળ ધારણ કરનાર શ્રીગોકુલેશ પ્રભુને કહેવા લાગ્યો કે આપ આ પ્રકારના અર્થનું રહસ્ય જાણો છો? ભગવાન શ્રીગોકુલેશ પ્રભુ તો આ વચન સાંભળી પ્રફુલ્લિત મુખકમલવાળા થઇ કહેવા લાગ્યા કે તે બાબતમાં હું કંઇ પણ વિરુદ્ધ શા માટે કહું? તે મારી વિરુદ્ધ છે. તો હું તેમાં કંઇ પણ શા માટે કહું? બીજે દિવસે ફરીથી મુકુન્દદાસ સાથે મંત્રણા કરી વાતચીત કરી, દર્શનદાનથી આસફખાનને કૃતાર્થ કર્યો. તેના ઘરમાં બેઠેલા મ્લેચ્છપતિનો આગાનુરા નામનો ખજાનચી શ્રીગોકુલેશ પ્રભુના ગુણોનું વર્ણન કરી, પ્રેમ આદરથી પોતાની જીભને કૃતાર્થ કરવા લાગ્યો.

ચન્દ્ર અને કમળ પર જેમનું મુખ વિજય મેળવે છે, જે પોતાની દષ્ટિથી અમૃતના સમુદ્રની વર્ષા કરે છે, એવા શ્રીગોકુલેશ પ્રભુને આસફખાન વિનયપૂર્વક તથા અતિશય હર્ષથી કહેવા લાગ્યો કે હે ગોકુલમંગલ! કરૂણાસિંધુ શ્રીગોકુલનાથજી, દીનબન્ધુ, ગુણમુકુટ, ગભરાયેલાંની રક્ષા માટે વજ્રપિંજરરૂપ, ત્રણ લોકના ભૂષણ, સન્માર્ગના રક્ષક, સદ્ધર્મની રક્ષાર્થે જેનું પ્રાગટ્ય છે તેવા, અનેક પ્રકારના સંસાર રોગોથી પીડાએલાઓના વૈદ્ય, સેવા યોગ્ય જેની ચરણરન છે એવા, પાખંડરૂપ અનેક પ્રકારની દુષ્ટબુદ્ધિરૂપ મહાઅંધકારનો નાશ કરનાર સૂર્ય, ભક્તજનરૂપી સરોવર સંબંધી સુંદર બુદ્ધિરૂપ કુમુદોને પ્રફુલ્લિત કરનાર શ્વેત

કિરણોવાળા ચન્દ્ર, પોતાના તેવા સ્વરુપના ઉદયથી મહાકુલ રૂપ અચલસમૂહને તૃણ તુલ્ય કરનાર મહાકુલ અલંકારરૂપ, કૃપાદષ્ટિરૂપ ખડગથી ખંડિત કરેલા સજ્જનોના દુ:ખ સમુદ્રના મસ્તકમાંથી પડતાં રુધિરના પ્રવાહના સમૂહથી જેને ભૂમંડલ લાલરંગવાળું કર્યું છે એવા, નિયમિત દાનરૂપ પ્રવાહમાં યાચકોના દારિદ્રને ડૂબાડનાર પ્રભુ, દ્રવ્યવાળા હસ્તકમળમાંથી પ્રસરતી સુગંધવિશેષથી અત્યંત સંતોષાયેલા પંડિતોના હૃદયરૂપ, ભમરાના જાણે નાકરુપ, દુષ્ટબુદ્ધિરૂપ રાત્રીને જેના પ્રણામ પ્રભાતમાં ફેરવે છે, એવા ચરણકમલરૂપ પુષ્પોના રસસમૂહથી જેણે ભૂમંડલને આર્દ્ર કર્યું, સુગંધિત કર્યું, મધુર કર્યું, શોભાયમાન કર્યું, જટિત કર્યું છે.

એવા મહાયશસ્વી પ્રભુ, પોતાના સેવકોના ભાગ્યોદયરૂપ કમલસમૂહ જેમાં છે એવા રસાત્મક સરોવરના પ્રભાવરૂપ જલથી સંસારસંબંધી અગ્નિ જેણે શાંત કર્યો છે એવા શામક પ્રભુ, નિજભક્તોના મુખરૂપ અંગુલિ સંબંધી મનોહર મુદ્રિકામાં આપના પ્રેમરૂપી શ્રેષ્ઠ જડિયાએ દઢ રીતે જડેલો જે આપનો સ્વરૂપાત્મક હીરો છે. તેના તેજના સમૂહથી જેનો યશ સઘળા ભુવનમાં અંદર અને બહારથી ઉજ્જવલ કરવામાં આવ્યો છે એવા મહાપ્રભાવવાળા પ્રભુ, પોતાની ભુજારૂપ ઉદય પર્વતથી પ્રગટેલા પ્રતાપરૂપી સૂર્યથી દુર્જનરૂપી ઘુવડના સમૂહને દુ:ખી કરનાર તથા પાપરૂપ અંધકારને હરનાર.

સજ્જનોના હર્ષરૂપ કમલોને પ્રફુલ્લિત કરનાર, કિરણોથી ઉધ્ધત, પાખંડ અને દુષ્ટોના પ્રચારને અત્યંત નિવૃત્ત કરનાર, શત્રુના ઘરમાં ભેજવાલા શીતલપવન રહિત ઉનાળાના તાપને પ્રગટ કરનાર, સહૃદય ભક્તો ઘરમાં કમલદષ્ટિરૂપ આલિંગન આદિ હર્ષવિશેષવાળી શિશિરઋતુની શીતળતાની વર્ષા કરનાર, એવા દષ્ટિરૂપ કિરણોથી બહિર્મુખ લોકોને હર્ષ કુમુદના સમૂહને સંકુચિત કરનાર એવા હે શ્રીગોકુલેશ પ્રભુ! પાખંડી, સંન્યાસી, મહાસુર દુર્જનસમૂહે પ્રચાર કરેલું જે મહાપાપ છે, તેનાથી રસાતાલમાં ગયેલી ધરતીને આપશ્રી જ વેગથી ઉપર લાવી, જીતવાની ઈચ્છા કરો છો.

મ્લેચ્છાધિપતિના પ્રિય એવા અસુર સંન્યાસીની ઉદ્ધતાઈથી અત્યંત ત્રાસી ગયેલા ભગવદ્ધર્મનું શરણ આપ જ સારી રીતે બન્યા છો. દુષ્ટ સંન્યાસીના દુષ્ટ વિચારરૂપ પ્રલયકાલનો પવન વેદપુરાણાદિરૂપ મહાપર્વતોને અત્યંત દૂર ફેંકતો હતો, તેની ચારે બાજુ પ્રસારીને ભગવદ્માર્ગરૂપ દીપકની આપે જ રક્ષા કરી છે. મથુરામાં મહાક્રોધી યવનરાજાનો સેનાસમૂહ પ્રલયકાલના બળથી ઉચ્છલિત થવાથી, હરિરૂપ આપે એકલાએ જ રસભક્તિરૂપ લક્ષ્મી સાથે નિરંતર વિહાર કર્યો છે. દુષ્ટ સંન્યાસી, મહાઅસુરની આજ્ઞા મેળવીને લાખો કરોડો મ્લેચ્છો મોટા મોટા સ્વામી તથા મહંતોની તુલસીમાલા બલાત્કારથી તેવા તેવા લોભલાલસાદિથી ખેંચતા હતા, ત્યારે આપના કંઠમાં રહેલી તથા આપના અંગીકાર કરેલા જીવોના કંઠમાં રહેલી તુલસીમાલા અને તિલકનું આપે જે લીલાથી રક્ષણ કર્યું છે, તે લીલાની હંમેશાં હુ ઘણા પ્રકારે સ્તુતિ કરૂં છું.

મ્લેચ્છ શૂરવીરો, દુષ્ટ મથુરાવાસીઓ અને અજેય મનાતા દુષ્ટ યતિના દુષ્ટ અનુયાયીઓ ઉપર આપે વિજય મેળવ્યો છે, એમાં આપે જે પરાક્રમ પ્રગટ કર્યું, તેની સ્તુતિ કરવામાં કોણ સમર્થ છે? ચલિત થઇ રહેલા વેદ, શાસ્ત્ર, ગીતા, સઘળા પુરાણો, તે તે સ્મૃતિઓ તથા તેની ટીકાઓ, શ્રીમદ્ ભાગવત, તેનો અનન્ય ભક્તિમાર્ગ, શ્રીગિરિધારીના ચરણકમલની સેવા, ભગવદ્ કથારસ, તે તે મહોત્સવો તથા મુદ્રા, શ્રીમદ્ રાસલીલાનું અનુકરણ, યજ્ઞાદિ ધર્મમાં નિષ્ઠા, બાધા રહિત એકાદશી વ્રતાદિરૂપ

યોગ્ય ધર્મને આપે જે 'સ્થૂણાનિખનન' ન્યાયની જેમ અત્યંત દૃઢ કર્યો છે. આપે જ માનરૂપ સમુદ્રસમૂહથી બહિર્મુખ લોકોના મુખનો ભંગ કર્યો છે. આપના શ્રીમુખરૂપ પૂર્ણ ચન્દ્રમાંથી પ્રગટતી વાણીરૂપ ચન્દ્રિકાના ચમત્કારથી સઘન અંધકાર રૂપ અજ્ઞાનનો આપે જ પ્રબળતાથી નાશ કર્યો છે.

ભગવદ્‌ભક્તિરૂપ પુરાણા ઊંચા મહેલને આપે જ ત્વરિત મુક્તરૂપ સ્વચ્છ ચુનાથી અત્યંત ઉજ્જવલ કર્યો છે. શ્રીગિરિરાજધરણ ચિંતારૂપ સમુદ્રની મધ્યમાં ડૂબી ગયા છે અને ઝાંખા થઇ રહ્યાં છે, પોતાનો નિરાદર થવાથી તુલસીજી મૃત્યુ તુલ્ય વિલક્ષણ અવસ્થા પ્રાપ્ત કરી રહ્યાં છે, ધર્મનું રહસ્ય છિન્ન થઇ રહ્યું છે, ધૈર્ય દૂર થયું છે. પ્રેમરસરૂપ ભક્તિમાર્ગ પૃથ્વીના છિદ્રમાં પ્રવેશ કરવાની અભિલાષા રાખે છે. વળી હરિકથા તો અત્યંત મલિન થઇ રહેલા પોતાના મુખને લજ્જાથી બતાવતી નથી, શ્રીમદ્ ભાગવત તો મરણથી ય વિશેષ કષ્ટવાળી દશાને પ્રાપ્ત કરી રહ્યું છે. તેથી પાખંડધર્મનો જે સમૂહ છે તે ગર્વથી માથું ઊંચું કરી ચાલી રહ્યો છે, એવા કાળમાં હે શ્રીગોકુલેશ પ્રભુ! આપે જ આપના ભુજદંડથી સર્વનું યથાયોગ્ય સમાધાન કર્યું છે. એવા આપના ભુજદંડની સ્તુતિ કરવામાં કોણ સાહસ કરી શકે?

મહદ કાનિ જાકી ધરે, શ્રીગોકુલેશ ઉર માંહે ।

તાકી રક્ષા આપતે, કરી કે ઓર નિવાહે ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો દશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ એકાદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૧

આગળ વિનંતી કરતાં આસફખાન કહે છે કે હે પ્રભુ! આ પ્રમાણે જ્યારે આપના સઘળાં સ્વકીય જનોની સ્વસ્થતા થઇ, ત્યારે અન્ય જીવોની સ્વસ્થતા કરવા માટે, પરમ મંગલરૂપ અને ભક્તો પર આનંદની વર્ષા કરનારી આપની આ યાત્રા ઉપસ્થિત થઇ છે. આપના દર્શનની ઇચ્છા રાખનાર મ્લેચ્છ રાજાને કારણે આ યાત્રા યોજાઇ નથી, પરંતુ, માર્ગમાં રહેતા અનંત દોષવાળા જીવસમૂહના અન્ય પ્રકારથી ઉદ્ધાર થઇ શકે તેમ નથી, એટલે આપની ઇચ્છાથી જ આ યાત્રા યોજાઇ છે. તેથી હે કરુણાસિંધુ! આપે આપના નિવાસથી જે સ્થાનોને પાવન કર્યાં છે, તે તે સ્થાનોના ભાગ્યની સ્તુતિ કરવામાં કોણ સમર્થ છે? હે પ્રભુ! આપનું આ સ્વરૂપ જેનાં નયનોમાં અમૃતનાં સમુદ્રની વર્ષા કરે છે, તે લોકો શ્રેષ્ઠ પુરુષોથી વંદન યોગ્ય છે, પ્રશંસા કરવા યોગ્ય છે.

જે મહાભાગ્યવાન લોકોએ પોતાના કાનને આપના નામ, ઉપદેશરૂપ ચિંતામણિથી શોભાયમાન કર્યો છે, તેમના ચરણકમલની રજ પણ ભાગ્યવાનોને દુર્લભ છે. તે મહાભાગ્યવાળા ભક્તોના ઘરમાં આપના ચરણકમલની રજરૂપી વાદળોએ જોરથિ મોટી ધારાઓમાં સઘનનિધિની વર્ષા કરી, તેનું સ્મરણ કરીને મારા જો લોકો આર્દ્ર અને કૃતાર્થ થાય છે. હે પ્રભુ! આપની

સાથેના સંવાદરૂપ ક્ષીરસાગરનું પાન કરવાથી જે ભક્તોનાં અંગ સુંદર પુષ્ટ થયાં છે, તેઓ સઘળા લોકમાં, સઘળા વૈકુંઠમાં સમાઈ શક્તા નથી. માર્ગમાં આવતા નગરોના સહેલાઈથી તૃપ્ત ન કરી શકાય તેવા અત્યંત દીર્ઘ ગોકુલભાવરૂપ મનોરથ હતા, તે સઘળા વૈકુંઠને પણ દુર્લભ એવા મનોરથો આપના નિવાસથી આપે પૂર્ણ કર્યા.

અદેયદાન આપનાર ચતુર સમૂહના મુકુટમણિ કૃપાસાગર અને ઉદારલોકોના સમૂહના શિરથી જેનાં ચરણકમલ પૂજવા યોગ્ય છે એવા આપ શ્રીગોકુલેશ પ્રભુનું એ કાર્ય આશ્ચર્યકારક નથી. સંસારરૂપ સરોવરના કમલરૂપ અને આપના ભક્તરૂપ ભમરાઓની હારને પાન યોગ્ય જેનું મધ છે, એવા કમલરૂપ આપની સેવાને પ્રાપ્ત કરવા માટે બ્રહ્માનંદસાગર પણ પ્રયત્ન કરે છે. અરે, એવા કમલરૂપ આપ તો ચૌદ લોકને વૈકુંઠની હારને અને દશે દિશાને ચોતરફ ફેલાતી પોતાની સુગંધથી અત્યંત ભરી દો છો. સંસાર નામની ખાણમાંથી નીકળેલા અમૂલ્ય મણિરૂપ આપ સર્વ જીવોના શિરોમણિ રૂપ પ્રકાશમાન થયા છો. વિશ્વનું નિરંતર કલ્યાણ કરનાર તે વંશ જય પામે છે, કે જેના મસ્તક પર સદા પ્રકાશવાળા પૂર્ણચન્દ્રરૂપ આપ બિરાજો છો. પોતાની મધુરતાના સાગરને સઘળાં ભુવનોને મધુર કરનાર પુરુષોત્તમ ભાવરૂપ મહાપદ્મ અતિ જય પામે છે કેમકે તેને દીર્ઘ કિરણોથી પ્રફુલ્લિત કરનાર આપ જ સૂર્ય સમાન પ્રકાશી રહ્યા છો.

પ્રેમરસના પ્રવાહરૂપ ધારાના સિંચનથી અત્યંત પુષ્ટ થયેલો કોઈ ભૂમંડલ નામનો બગીચો સુંદર રીતે શોભી રહ્યો છે, કે જેનું સઘન શીતલ છાયાવાળું શ્રેષ્ઠ અનંત ફલરૂપ ગુણવાળું, મહાસુંદર, પોતાના શરણાગતોનાં કદી પણ દૂર ન થાય તેવા અત્યંત દીર્ઘ દારિદ્રનો બળથી નાશ કરનાર એવા કલ્પવૃક્ષ સ્વરૂપ આપ જ પ્રકાશી રહ્યાં છો. મારા પોતાના ભાગ્યફળ આપનાં ચરણકમલની રજ પર હું પોતાને વારી જાઉં છું કે જે સદ્ભાગ્યને લીધે તમારાં ચરણારવિંદ સેવી આપની કરૂણાથી મારામાં પ્રેમ સ્ફુરે છે. આપની પ્રસન્ન થયેલી તે કરુણાથી મારા ઉપર સુંદર દર્શન રૂપ રત્નોની અને સુંદર મંદહાસ્ય રૂપ નિધિની વર્ષા થઈ રહી છે. અહો ! પુણ્યવાનોનું ગણના યોગ્ય એવું કયું પુણ્ય છે, તે કેવી રીતે પ્રાપ્ત થાય, તે કેવી રીતે પ્રસન્ન થાય કે જે પુણ્યના મનોહર પરિણામ રૂપ આપના ચરણકમલની રેણુમાં પ્રીતિ ઉત્પન્ન થાય ? હે પ્રભુ ! ઉછળતી ઉત્સુક્તારૂપ તીવ્ર જ્વાળાઓથી મારા કાન ખરેખર તપ્ત થઈ રહ્યાં છે, જેથી મારું હૃદય આપના વચનોરૂપ ચંદનના અતિ શીતલ લેપની અભિલાષા રાખે છે, કે જે આપની રસના રૂપ મલય પર્વત પૂર્ણ કરશે.

અહો ! શ્રીગોકુલરત્ન પ્રભુ ! યજ્ઞોપવિતને ધારણ કરવાનો ગુણમહિમા શ્રુતિશાસ્ત્રપુરાણાદિનો સમૂષ ઘણા પ્રકારે વર્ણવે છે તથા સર્વ બ્રાહ્મણોથી તે પૂજાએલ છે, તે યજ્ઞોપવિત અતુલ શોભાસમૂહના હજારો કરોડ સમુદ્ર જ્યાં ઉછળી રહ્યાં છે, એવા આપના શ્રીકંઠની પ્રેમપૂર્વક દિનરાત સેવા કરી રહ્યું છે. તો આ તુલસીની માલા પ્રત્યે સઘળા લોકોમાં વ્યાપ્ત એવો આદર કેવી રીતે ઉદ્ભવ્યો છે ? કે જે આદર ઝંઝાવતરૂપ બની તે અસુર નીચ સંન્યાસીના ગર્વરૂપ પર્વતને મૂળથી ઉખેડી ફેંકી રહ્યો છે, અને તેના મુખને ઉદાસીનતા વિરૂપતારૂપ ધૂળથી અત્યંત મલિન કરી રહ્યો છે; કે જે મલયપર્વતનો પવન બની સઘળા ભક્તોને આનંદિત કરે છે, અને અયોગ્ય એવા અમારા ઉપર પણ વિનાકારણ આપની દષ્ટિરૂપ ચંદનવનની ઉત્તમ સૌરભ વર્ષા કરી રહી છે ?

આ પ્રમાણે વિનંતીરૂપ અમૃતથી પોતાના લક્ષ્યનું સિંચન કરી, જ્યારે તે આસફખાન પ્રભુના વચન સાંભળવાની પ્રતીક્ષા કરી ઊભો રહ્યો ત્યારે પ્રભુની જીભરૂપ રાજધાનીમાંથી આ પ્રમાણે વચનો નીકળ્યાં. 'તે યજ્ઞોપવિત તો પહેલાંની જેમ જ શોભે છે. આ તુલસીમાલાને મળતો આ પ્રમાણેનો આદરસમૂહ આજે કેવળ મેં જ સર્વ પ્રકારે નથી કર્યો. પરંતુ માતાના ગર્ભમાંથી પ્રગટેલા સર્વ બાળકોની માતા જ્યારે જ્યારે તે બાળકની સાથે સ્નાન કરે છે, ત્યારે અગિયારમે દિવસે બાળકના કંઠમાં તરત જ હંમેશાં તુલસીની માલા પહેરાવવામાં આવે છે. જ્યારે યજ્ઞોપવિત તો યોગ્ય વર્ષનો વિચાર કરી વેદશાસ્ત્ર, સ્મૃતિ, આગમ, સત્પુરાણોના પ્રમાણથી જ, આઠમાં વર્ષમાં ધારણ કરવામાં આવે છે. તેથી તુલસીમાલાને મુખ્ય માનવી જોઇએ. યજ્ઞોપવિત તો તુલસીમાલાની પાછળ છે.

પછી તે પ્રકારના અનુગ્રહ સહિત, પ્રભુ સાથેની વાત ચિત્તથી તેનામાં યોગ્યતા પ્રગટી અને પુરુષોત્તમના ભાવવાળી જેની બુદ્ધિ ઉછળતા પ્રેમસમૂહથી આચ્છાદિત થઇ છે, એવો તે ભક્તવર આસફખાન પ્રભુના અનિષ્ટની આશંકાઓથી મનમાં ક્લેશ પામવા લાગ્યો અને તેથી પ્રભુના સુખની હંમેશા ઇચ્છા કરતો. તે વિનય સહિત શ્રીગોકુલેશ પ્રભુની આગળ વિનંતી કરવા લાગ્યો. હે પ્રભુ ! મ્લેચ્છ ચક્રવર્તીના આગ્રહથી, સઘળા જીવોના ઉધ્ધારના વ્રતવાળી, સ્વાભાવિક કૃપાથી તે જીવોનું મંગલ કરી, તેમના કદી દુર ન થાય તેવા તીવ્ર દોષોનું નિવારણ કરી, નિજ શરણ પ્રાપ્ત કરાવિ, આનંદના હજારો સમુદ્રની વર્ષા કરી, તેવા પોતાના ગુણોથી સઘળા જીવોને વિના મૂલ્યે દાસ બનાવી, સો કરોડ ચિંતામણિની, અમૃતના કાટિ સમુદ્રની, કરોડ લાખ નિધિસમૂહની, નિજ ચરણકમલની, રજકણિકાની, વર્ષા કરી. યોગ્ય અયોગ્યનો વિચાર કરનાર આપ શ્રીગોકુલ નિજધામથી આટલે દૂર સુધી પધાર્યા છો, તેથી અમે જાણીએ છીએ કે આપ તે મ્લેચ્છાધીશને જલ્દીથી દર્શન આપશો તથા અસુર સંન્યાસી જેને પ્રિય છે એવા તે દેશપતિની સાતે વાતચીત કરશો.

તો હે પ્રાણનાથ ! તે મ્લેચ્છપતિ આપને કશુંક કહે, તો તેનું અનુમોદન કરશો, આપ તેના વચનને આનંદથી નહિ માનો, તો દુ:ખી થશો, તે યવનોનો સાર્વભૌમ અત્યંત ઉગ્રદંડદાતા છે, તે કોણ જાણે ન કરવા યોગ્ય પણ કરે. અમે નિરંતર તેને અનુસરનારા તેની પાછળ ચાલીએ છીએ. અમે જાણીએ છીએ કે તેનો સ્વભાવ આવો છે, તેથી અમે કાન વીંધાવીએ છીએ. અમે યવનો કાન વીંધાવતા નથી, તેમજ ઉચિત હોવા છતાં મોતી પણ પહેરતા નથી. તો પણ આ બળવાનના સ્વભાવને અનુસરી, દુષ્ટ દંડથી ડરીને અમે કાન વીંધાવ્યા છે, તેને પ્રસન્ન કરવા માટે મોતી પહેર્યા છે. તેથી જેમ અમારો યવનભાવ ચાલ્યો ગયો નથી, તેમ હે પ્રભુ ! ધર્મ પણ નષ્ટ નથી થયો. જે અવશ થઇને કરેલું છે, તે નિંદાયોગ્ય નથી. હે પ્રભુ ! આપના શુભની અભિલાષાવાળા એવા મેં આ પ્રમાણે વિનંતી કરવાની જે ધૃષ્ટતા કરી છે, તેને હે પરમ ચતુર ! કૃપાનિધિ પ્રભુ ! માફ કરજો.

આસફખાનના આવાં વચનો સાંભળી, ધીરશિરોમણી શ્રીગોકુલેશ પ્રભુ મંદહાસ્ય સહિત કહેવા લાગ્યા કે અમારૂં શુભ તો આજ છે કે અમારો કોઇ ધર્મ નાશ ન થાય. અમારા સર્વ ધર્મ રહે ને જો અશુભ થાય તો તેમ ભલે થાય. તમે તો રાજા છો. તમારે તો રાજ્યનું રક્ષણ જ મુખ્ય છે. અમે તેવા રાજા નથી. તેના આશ્રિત નથી. તેથી અમે ધર્મનો ત્યાગ કેવી રીતે કરીએ ? તેથી મ્લેચ્છપતિની સાથે જ્યારે તેવો વદ થશે, ત્યારે જે ઉચિત હશે, તે સઘળું અમારી ઇચ્છાનુસાર અમે કરીશું. આ પ્રમાણે સઘળાં વીરસમૂહના શિરોમુકુટના રત્નોના કિરણોથી જેનો નખ સમૂહ ચરણકમલ લાલ થયો છે, એવા શ્રીગોકુલેશ પ્રભુનાં વચન

સાંભળી તે આસફખાન કશું વિશેષ કહેવા સમર્થ ન થયો. આપે જે કહ્યું તેનું અનુમોદન કર્યું. પછી તે આસફખાન પ્રભુને જે જે સંદિગ્ધ વાત પૂછવામાં સમર્થ ન હતો, તે સઘળો વૃત્તાંત સર્વના શુભકર્તા, ભગવાન કૃપાનિધિ શ્રીગોકુલેન્દ્ર સારી રીતે સમજાવવા લાગ્યા. તે સભામાં પ્રિય શ્રીગોકુલેશ પ્રભુ કરોડ અમૃતના સમુદ્રની વર્ષા કરતા જે વચન કહેવા લાગ્યા, તે વચનોને આસફખાન સિદ્ધાંતરૂપ પોતાના હાથથી પત્રમાં લખી, હૃદય પર ધારણ કરવા લાગ્યો. આ પ્રમાણે સાથે આવેલા આસફખાનનો આદર કરી, અનુગ્રહ કરી, શ્રીશોભાયુક્ત હસ્તકમલથી વિદાય આપી, નિજ ભક્તજનો જેની અત્યંત ઉજ્જવલ કીર્તિસમૂહનું પ્રેમસહિત ગાન કરી રહ્યાં છે. એવા વ્રજપ્રિય શ્રીગોકુલેશ પ્રભુ પોતાના તંબુમાં પધાર્યા.

મહદ્ કાનિ પ્રભવ કરી, દાસે ન કરહી નિરાશ ।

સંપત્તિ વિપત્તિ મેં જાહી વિધિ, હોવહી પૂરન આશ

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો એકાદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ દ્વાદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧ ૨

હવે શિકાર ખેલવા વિનોદને ત્યજીને, પોતાના નિવાસે પાછા આવેલા મ્લેચ્છપતિનો જે વૃત્તાંત છે, તેનું વર્ણન કરું છું, તેને હે મહારસિકો! તમે ધ્યાન રાખીને સાંભળો. મ્લેચ્છાધીશ આ પ્રમાણે વિચર કરવા લાગ્યો કે શ્રીગોકુલનાથજી તો ભગવાન છે, પરમ પુરૂષોત્તમરૂપે પ્રસિદ્ધ છે, તેઓ તો શ્રીહરિ છે, આદિ-અંત રહતિ છે, સદા બિરાજમાન સર્વોપર બ્રહ્મ છે. આ જગતરૂપ દુ:ખસમુદ્રમાંથી અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરતા લોકવત્ લીલા કરે છે. રાજમદથી કુબુદ્ધિવાળા પાપી એવા મેં તેઓને ઓળખ્યાં નહિ; તેમનું સાચું સ્વરૂપ જાણ્યું નહિ. દુષ્ટ સંન્યાસીની માયાથી મારું મન છેતરાઇ ભોળવાઇ ગયું છે, તેથી મારા સ્વાર્થની ઇચ્છાવાળા મેં શ્રીગોકુલેશ પ્રભુનો મોટો અપરાધ કર્યો છે; જેથી વારંવાર તે સંન્યાસીના કહ્યા અનુસાર ચાલ્યો છું. તે સંન્યાસીનો જ આદર કરું છું, વારંવાર નમસ્કાર કરું છું. મારા સઘળા શૂરવીરો, પરિવાર, પુત્ર, સ્ત્રિ, પૌત્ર, સેના આદિ સર્વ મેં તેને આધીન કરી દીધું છે, તથા સઘળા અધિકારીઓ, સમસ્ત કાર્યાધ્યક્ષો પણ તેને આધીન કરી દીધા છે.

મારા હુકમથી તે દુષ્ટ બુદ્ધિ સંન્યાસીની આજ્ઞા મેં અત્યંત વધારી દીધી છે. તેમાં સતત પ્રીતિ પણ રાખી છે, તેને જ સઘળાં જગતમાં પ્રસિદ્ધ કરી દીધો છે, તથા લોકોને પણ તેમાં જ પ્રવૃત્ત કર્યા છે. તે નીચ, પાખંડી, મૂર્ખ, કપટી, કુટિલ, દુરાચારી સંન્યાસીને, પિતાને કહેવા યોગ્ય 'બાબા' શબ્દથી બોલાવ્યો છે અને લોકો પાસે બોલાવડાવ્યો છે. તેના કહેવાથી નિરંતર અત્યંત પાપ કર્યું છે. સાધુ, પરમ, કોમલ, નિષ્કપટ, ધ્મપરાયણ મહાપુરુષ કે જે સર્વના પરમસુખની દિવસ-રાત અત્યંત ઇચ્છા રાખી રહ્યાં છે, જેમને ભવાન પ્રિય છે, જે ભગવાનમાં અત્યંત પ્રીતિ રાખી રહ્યા છે, ભગવાનના સમૂહમાં જે ઉત્તમ છે, સર્વોપરિ

બિરાજમાન છે, ચરણકમલની રજ જેની મંગલમય લીલા છે, નિરંતર મંગલરૂપ સુંદર મંગલમય જેનું નામ છે, અનાદિ ભક્તિમાર્ગની, પ્રભુની સેવાની જેઓ સ્થાપના કરી રહ્યા છે, સર્વ મંગલરૂપ વૈષ્ણવધર્મની સ્થિતિ માટે જેઓ સદેવ યત્ન કરે છે, એવા પ્રાણનાથ ભગવાન શ્રીગોકુલાધીશ પ્રભુનો મથુરામાં તે વખતે તે પ્રમાણે દ્વેષ કરાયો છે.

તે દુષ્ટ સંન્યાસી, મથુરાના સઘળા દુષ્ટ લોકો, મારા સેનાપતિઓ, કાર્યાધિકારીઓ, પાખંડી સંન્યાસીને અનુકૂલ ચાલવાવાળા બીજા સઘલા લોકોએ જે જે અપરાધ કર્યા છે, તે સઘળા મેં કર્યા છે. સદ્ધર્મની રક્ષા માટે ઉદ્યુક્ત થયેલા, તે દિવ્ય પ્રભુએ તો રમત માત્રમાં એકલા જ અસ્ત્ર-શસ્ત્ર વિના સઘળાંને જીતી લીધાં. તુલસી-કાષ્ઠની માલા, સેવા માર્ગ, ઊભું તિલક, સઘળા વૈષ્ણવ ધર્મ, સઘળાં વેદોક્ત ધર્મ, સકળ પુષ્ટિમાર્ગ અને મર્યાદામાર્ગની અને તેમાં પ્રવૃત્ત થયેલા બધા લોકોની પરમ કરૂણાસાગર પ્રભુએ રક્ષા કરી છે. દુષ્ટ સંન્યાસી આદિ સઘળાંને, સઘળા સેનાપતિઓની સાથે સઘળાંના સ્વામી એવા મને પણ ભ્રૂભંગ માત્રથી ભસ્મ કરવામાં તેઓ સમર્થ છે, પણ તેઓ ભસ્મ નથી કરતા, તે તો તેમની કરુણા જ છે.

તે પાખંડી સંન્યાસી તથા સઘળા સેનાપતિઓની સાથે હું તેમને અત્યંત પ્રતિકૂલ થયો છું. તો પણ આ જગતમાં સર્વત્ર સર્વ પ્રકારથી તૃણથી અતિક્ષુદ્ર મને માનનાર વૈષ્ણવધર્મ નિરંતર પ્રસરી રહ્યો છે, તે તો શ્રીગોકુલેશ પ્રભુના આશ્રયના ભુજબલથી જ પ્રસરી રહ્યો છે. ઘણું ધન આપીને, વારંવાર ઘણી પીડા આપીને તથા ગામ, દેશ, નગરિ, હાથી, ઘોડા આદિ આપીને, સામ, દામ, ભેદ, અને દંડથી ઈચ્છિત એવી અન્ય વસ્તુઓના દાનથી, તેવા તેવા બીજા ઉપાયોથી જેમને અમે ઘણા યત્નથી કંઈક વશ કર્યાં હતાં, તે બધાંને શ્રીગોકુલેશ પ્રભુ પોતાના મધુરતમ લીલાના થોડા કણ દેખાડીને વેગથી પોતાને વશ કરી લીધાં છે.

ઉછળતા, અતુલ ઉત્સાહના હજાર અબજ સમુદ્રો જેમનામાં છે, તેવા મહાવીર શ્રીગોકુલેશ પ્રભુએ આ પ્રમાણે મારા સહિત સઘળા વિશ્વને એકદમ જીતી લીધું છે (વશ કરી લીધું છે). મારી ઈચ્છાને બહાને, મહાગંભીર એવા શ્રીગોકુલેશ પ્રભુ પોતાની ઈચ્છાને અનુકુળ ચાલીને, પોતાના ગુણોથી પોતાના જીવસમૂહને વશ કરતા, નિરંતર સુખી કરતા, શરણે આવેલાની રક્ષા કરતા, સઘળા ભક્તોના મનોરથ પૂર્ણ કરતા, ચિંતામણિ સમૂહની, અબજો નિધિની કરોડો મુક્તિની, મોતીના લાખો પર્વતની, સુવર્ણ પર્વતના સમૂહની, રસાત્મક ભક્તિ રૂપ કરોડો અબજ કામધેનુના સમૂહની વર્ષા કરતા, પોતાના યશથી જેમણે વિજયને ઉજ્જવળ કર્યો છે એવા પ્રતાપી સૂર્યથી શત્રુને તપાવતા અને મંદ હાસ્યના તથા વૈકુંઠવાસીઓના મુગટના રત્નોના કિરણ સમૂહથી વિના યત્ને જ ચરણરજને લાલ કરતા, વિમુખજનોના ગર્વ, ચાતુરી, વૈભવ, બુદ્ધિ, વિદ્યા, બલ, સહાયકો, તેજ, પ્રતિભા, તે જ પ્રમાણે ઉત્સાહ તથા તેમના શિરને બલાત્કારથી પાતાલના તલમાં દબાવતા એવા મહાપ્રતાપી શ્રીગોકુલાધીશ પોતાના શ્રીગોકુલધામથી પ્રસ્થાન કરીને અહીં સત્વ પધાર્યા છે.

સર્વેશ્વરેશ્વર પરમેશ્વર જેમના ચરણકમલની રજની પ્રાર્થના કરે છે, સઘળા લોકો જેમને પ્રણામ કરે છે એવા શ્રીગોકુલેશ પ્રભુ મહાભાગ્યવાન બગીચામાં બિરાજમાન છે. જેમનાં ચરણ પોતાનાથી સ્હેજ ન્યૂન એવા હજારો ભક્તોથી સેવાયા છે. જયનાદ કરતા વિજય દુંદુભિઓથી સઘળું વિશ્વ જેમણે ભરી દીધું છે, એવા શ્રીગોકુલેશ પ્રભુ પોતાની લીલાના કણથી જ મારું ચક્રવર્તીપણું, દેવોના રાજા ઈન્દ્રનું પદ તથા વૈકુંઠપતિના પદને લેવાને સમર્થ છે. તથાપિ સતત જાગ્રત રહેતી જે તૃષ્ણા છે તે ત્યાં

ત્યાં તેમણી રક્ષા કરે છે. ભાવ એ હોવો જોઇએ કે શ્રીગોકુલેશ પ્રભુએ પોતાની સાધારણ એટલે બહુ જ ઓછી શક્તિ વડે એટલે બહુ ઓછા પ્રયાસે તેમની રક્ષા કરી છે. શ્રીમાનનાં શ્રીમુખારવિંદના દર્શન કરવાને હું ઉત્સુક છું, પણ અપરાધી હોવાથી શ્રીગોકુલેશ પ્રભુને સમીપ જવાને સમર્થ નથી. શરણે જવા યોગ્ય પુરૂષોમાં શ્રેષ્ઠ શ્રીગોકુલેશ પ્રભુ પોતાને શરણે આવેલા જિવના લાખ અબજ કરોડ કે તેથી પણ અધિક અપરાધોને સહન કરે છે, તથઅપિ, 'સંન્યાસીના વચનનો આદર કરજો' એમ તે પાપીએ તેમને કહ્યું છે, તેથી તો તેમને હું મારું મોં દેખાડી શકું તેમ નથી.

છતાં શ્રીગોકુલેશ પ્રભુના ચરણકમલના દર્શન માટે ઉછળી રહેલી મારી જે ઉત્સુક્તા છે, તે તો મને ક્ષણમાત્ર પણ ઘરમાં નહિ બેંસવા દે, મને તેમની પાસે લઇ જશે. પણ શ્રીપ્રભુની આગળ પ્રણામ કરવા માટે ઘેરથી જવાની ઇચ્છાવાલા મને લજ્જા તો પગમાં બેડી બનીને ઘરમાં જ રોકે છે, નિરાંતે શ્વાસ પણ લેવા દેતી નથી. અને આ નિર્દય અને સળગતો પશ્ચાત્તાપ તો રાતદિવસ વિંધ્યાચલ પર્વતની જેમ મને નિરંતર દુ:ખી કરે છે, તેમાં અગત્સ્ય જેવો કોણ ઋષિ છે, જે એ પશ્ચાતાપરૂપી વિન્ધ્યને હટાવી શકે ? શ્રીગોકુલેશ પ્રભુના મેં જે અપરાધો નિરંતર કર્યા છે, તેમનાં કેટલાક તો પ્રલયાગ્નિ રૂપ થઇ મને નિરંતર બાળે છે, કેટલાક તો તીક્ષ્ણ ધારવાળા ખડગરૂપ બની મને હણે છે, બીજા કેટલાક વજરૂપ થઇ મારા માથા ઉપર નિરંતર પડે છે, કેટલાક તો લોઢાના હથોડા બની મારાં સઘળાં અંગોને રાતદિવસ ભેદે છે; બીજા કેટલાક ખારા સમુદ્ર બની પોતાના વમળમાં મને ડુબાડી, મને બહાર નીકળવા દેતા નથી. કેટલાક તો અત્યંત ક્રોધી સાપરૂપ બની મારા શરીરના મર્મોને વારંવાર કરડી, મને અત્યંત મૂર્છિત કરે છે.

દશે દિશાથી આવી રહેલા રાજાઓના મુગટના મણિના કિરણોથી લાલ થઇ રહેલા મારાં ચરણોના નખના રંગરૂપ મહાસુખસમૂહરૂપ જે હરણોનો સમૂહ છે કે જે ચક્રવર્તીરૂપ નિર્જનવનમાં કૂદી રહ્યો છે, તે હરણસમૂહ પણ મારા અપરાધો વાઘરૂપ બની જાણે તરાપ મારે છે. અત્યંત ડરી રહેલા રાજાઓના સમૂહ મારા ચરણકમલમાં ચાટુકિત સહિત, વિજય સહિત, પ્રણામ કરીને જે જે ભેટો ને ધરે છે, તેમનો અસ્વીકાર કરવાથી તેમના ઉપર મારા નયન કમલ દ્વારા પ્રગટ થતો, સુવર્ણ પર્વતથી પણ ઊંચો વિસ્તારવાળો મારો જે ગર્વ છે, તે ગર્વ સાથે પ્રગટ થયેલો નિરંતર મહાસુખસમૂહ રૂપ મત્ત ગજરાજ છે કે જે અંકુશને માનતો નથી, સાંકળથી રહિત છે, ચારે બાજુ દોડી રહ્યો છે, નિરંતર સઘળા લોકોને વ્યાકુલ કરી રહ્યો છે. તે ગજરાજના માંસના કોળિયા કરતાં મારા અપરાધો અત્યંત પ્રબળ ગર્જનાવાળા સિંહરૂપ બની રહ્યા છે. અબજો પૂર્ણચન્દ્રમાં પર વિજય મેળવે એવા જેમનાં મુખ છે, વગેરે મારો વિસ્તૃત સુખસમૂહ કે જે જંગલમાં મારા દુ:ખસમૂહરૂપ ગજરાજને હણે છે, દૂર કરે છે તેવા સુખસમૂહરૂપ સિંહ માટે મારા કેટલાક અપરાધો તો સિંહરાજનો નાશ કરનાર શરબ (એ નામનું આઠપગવાળું પ્રાણી, જે સિંહઘાતી મનાય છે) જેવા છે.

બીજા કેટલાક અપરાધો તો મને સિંહાસન પરથી ભૂમિ પર પાડે છે, કેટલાક પલંગ પરથી નીચે ગબડાવે છે, કેટલાક અપરાધો મારા ભોજનને ઝેરમય બનાવે છે, કેટલાક મારા અત્યંત મીઠા પાણીને વિરસ બનાવે છે. કેટલાક મારા ઘરને વન જેવું બનાવે છે, તો બીજા કેટલાક મારા ગુણસમૂહને દોષસમૂહ બનાવે છે. કેટલાક મારા આભરણોને મરણ તરફ લઇ જાય છે; (તેની શોભા ઝાંખી કરે છે) કેટલાક મારી ઉત્કર્ષતાને નિકૃષ્ટ કરે છે; કેટલાક અપરાધો સ્ત્રીરૂપી શસ્ત્રો વેરે છે, ફેંકે છે, હવે હું કોને

શરણે જાઉં? કોણ હિતકર વાત કહે? હે પ્રભુ! મારા અપરાધોથી પીડાયેલો હું મોટેથી રૂદન પણ કરી શક્તો નથી, અત્યંત લજ્જિત થવાથી, કોઇને પૂછી પણ શક્તો નથી.

આ પરિસ્થિતિમાં અલ્પ બુદ્ધિવાળો હું ઉપાય વિચારવામાં પણ સમર્થ નથી; અથવા ક્ષણ ક્ષણ અત્યંત વધી રહેલી આ લજ્જાને વેગપૂર્વક દબાવીને આજે શરણ જવા યોગ્ય અને ક્ષમાના ભંડાર એવા શ્રીગોકુલેશ પ્રભુને શરણે જાઉં. તે જ મારી રક્ષા કરશે. પરંતુ આ એક દુઃખની વાત છે કે શ્રીગોકુલેશ પ્રભુમાં મારો આવો શુદ્ધભાવ આ રીતે પ્રગટ થાય, ત્યારે તે દુરાચારી, દુષ્ટ, નીચ, મોટો પાપી, સંન્યાસી કે જેણે પહેલાં ઉજ્જયિનીમાં રાત્રિ સમયે ભયંકરરૂપ દેખાડ્યું હતું, તે દુષ્ટ હવે અતિ ઉગ્રરૂપવાળા રાક્ષસોથી મને હેરાન કરશે. તે નાલાયક અને ગભરાયેલા સંન્યાસીને દુર્બુદ્ધિવાળા એવા મેં પહેલાં અત્યંત પ્રતિષ્ઠિત બનાવી દીધો છે. અથવા મોટા કૃપાસિંધુ શ્રીગોકુલાધીશ પ્રભુ મને શરણાગતને દુષ્ટ સંન્યાસીના રાક્ષસસમૂહથી જરૂર બચાવી લેશે. જેઓ સર્વશક્તિમાન છે, જેઓ મારા જેવાના, મારાથી પણ વિશેષ અધમના દોષો જોતા નથી, પરંતુ પોતાના મનોહર સ્વભાવથી શુભફલ આપે છે.

પરંતુ તે દુષ્ટ સંન્યાસીને તો કર્તવ્ય-અકર્તવ્યનો વિચાર જ નથી, તેથી અત્યંત કોમલ, સરળ, સર્વનુ શુભ કરનાર, શરણાગત જીવ માત્રના હિતકારી આચરણમાં તત્પર, સ્વહિતનો વિચાર ન કરનાર, પરહિતમાં સદા નિમગ્ન હૃદયવાળા, મહાસુંદર, ગુણસાગર, સર્વાધાર શ્રીગોકુલેશ પ્રભુને તે દુષ્ટ સંન્યાસી લજવાઇને ક્ષુદ્ર મંત્રોથી, દેવોની સાધનાથી, અથવા રાક્ષસ, પિશાચ, ભૂતો દ્વારા કંઇક નુકશાન કરે, તો મને તથા શ્રીગોકુલેશ પ્રભુના ભક્તસમૂહને મરણથી પણ અધિક દુઃખ થાય. તેથી મારા અપરાધોથી મહાદુઃખી થવા છતાં હું, સર્વ છોડીને આગળ કહેલા એન પ્રભુ વડે જ્ઞાત મારા સઘળા ભાવને મ્લેચ્છ ચક્રવર્તીને યોગ્ય એવા વ્યવહારથી અત્યંત ગુપ્ત રાખી, મારા હિતને ઉચિત એવા મારા ભાવની અત્યંત અલ્પ માત્રાથી અવિરતપણે લૌકિક રીતિથી જ તેમની સાથે વર્તીશ. આ પ્રમાણે શ્રીગોકુલેશ પ્રભુના તત્ત્વને જાણતો હતો છતાં તે પ્રકારની શ્રીગોકુલેશ પ્રભુની મનુષ્યલીલા સંબંધી માધુરીના સમૂહ વડે અત્યંત દુર્લભ એવા પ્રેમની પરાકાષ્ઠાએ પહોંચેલો, સર્વોપરિ શોભાયમાન ભાગ્યવાળો, નિષ્કારણ ઉચ્છલિત થઇ રહેલી કૃપાથી ભક્તસમૂહમાં ચક્રવર્તીરૂપ થયેલો તે દેશપતિ પોતાના નિવાસથી શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખારવિંદના દર્શન કરવા માટે, શ્રીગોકુલેશ પ્રભુના અદ્વિતીય ચરણકમલને પ્રણામ કરવા માટે ત્યાં ગયો નહિ, પરંતુ પહેલાની જેમ જ પોતાના નિવાસમાં રહ્યો.

મહદ્ કાનિ પ્રભુ આનીકે, નાગરી વલ્લભ ભાન ।

ઇચ્છા સમ પ્રભુ કરત હે, તાકો તેસો દાન ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો દ્વાદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ ત્રયોદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૩

ઘણી શૂરવીર અને ઉત્સાહી, અસંખ્ય અક્ષૌહિણી સેનાઓથી સેવાયેલ યવનસેનાપતિઓ અને રાજાઓ વિનય, પ્રેમ અને ભયથી યુક્ત, અસંખ્ય દિકસ્વામી અને વિવિધ દિશાઓમાં વિજય પ્રાપ્ત કરનાર, વિજિત રાજાધિરાજોઓ જેનાં ચરણની સેવા કરે છે, એવો તે મ્લેચ્છ ચક્રવર્તી સુંદર રાજ્યસિંહાસન પર બિરાજમાન હતો. તે વખતે સેનાપતિઓનો સ્વામી અને મધ્યાહ્નના સૂર્યના જેવો મહાતેજસ્વી આસફખાન ત્યાં આવ્યો, ત્યારે તે યવનેશ્વરે તેને અત્યંત વિસ્મિત થઈને પૂછ્યું, 'શું તે હજારો અમૃતના સમુદ્રનું પાન કર્યું છે ? શું તેમાં વિહાર કર્યો છે ? શું કલ્પવૃક્ષનાં પાકા ફલને ખાધાં છે ? શું કામધેનુનાં દુધના પેંડા તેં ખાધા છે ? શું મંદરાચલના શિખર ઉપર તું ચઢ્યોં છે ? કિંરોહણ પર્વતના સુંદર મણિસમૂહને તે લુંટ્યો છે ? શું અનેક ચિંતામણિનાં બનાવેલાં આભરણો તેં પહેર્યાં છે ? શું તારા ખજાનામાં સઘલો ભંડાર તેં એકઠો કર્યો છે ? શું તારી ભુજાથી મથન કરેલા ક્ષીરસમુદ્રમાંથી તે અમૃત કાઢ્યું છે ? શું તારા તરલ વેગથી લીલાપૂર્વક અત્યંગ સહેલાઈથી પવન પર પણ તેં વિજય મેળવ્યો છે ? શું તારા તેજથી જેઠ-અષાઢના પ્રચંડ સૂર્યને તે છીનવી લીધી છે ?

શું કલ્પવૃક્ષની સઘન છાયામાં તેં વિશ્રામ કર્યો છે ? શું વિજય મેળવેલી દવીનિ વાહન સિંહે વિદારણ કરેલા ઈન્દ્રના હાથીના કુંભમાંથી નીકળેલાં મોતીનો બનાવેલો હાર તારી સ્ત્રીના ગળામાં પહેરાવ્યો છે ? વૈકુંઠસમૂહના શિર પર તું પગ મૂકીને આવ્યો છે કે શું ? કેમકે તારાં અંતર્બાહ્યમાં હર્ષના હજારો સમુદ્રો ઊછળી રહ્યા છે. તેનું શું કારણ છે તે મને કહે. હે આસફખાન, તારૂં આવું સ્વરૂપ મેં પહેલાં કદી પણ દેખ્યું નથી. શું તને સ્યમંતક મણિ મળ્યો છે ? કે ચક્રવર્તી પદ મળ્યું છે ? શું યોગસિદ્ધિનો સમૂહ મળ્યો છે કે પરમેષ્ઠીપદ મળ્યું છે ? તને જોઈને આજે આ રાજસિંહાસન પર પહેલાંની જેમ સ્થિર રહી શક્તો નથી. કોઈ મને બળજબરીથી ઉઠાડે છે. કોણ જાણે કેમ મારી વાણી તને સંતોષવા ઈચ્છે છે.

કોઈક મારી પાસે અજાણ્યા કારણથી તારી આગળ હાથ જોડાવે છે. કદી પ્રણામ ન કરનાર મારું મસ્તક કોઈ કારણથી તને પ્રણામ કરવાની અભિલાષા રાખે છે. મારા હાથ તારા ચરણકમલને ગ્રહણ કરવાની ચાહના કરે છે; અને તારો દઢ દાસભાવ તથા મારો સ્વામીભાવ હોવા છતાં મારૂં ચિત્ત બળપૂર્વક તને સ્વામી, અને મને દાસ બનાવવા ચાહે છે. વળી મારું ચિત્ત અમૃતસમુદ્રમાં પ્રવેશ્યું હોય તેવો અપૂર્વ આનંદ માણી રહ્યું છે. હર્ષનાં આંસુ જેમાંથી ઝરી રહ્યાં છે એવાં મારાં નયન શ્રૃંગારરસના મહાસાગરમાં સારી રીતે પીસેલા ચંદનરૂપ પર્વતસમૂહનું જાણે અંજન ધારણ કરી રહ્યાં છે.

તારા આલિંગનરૂપ અમૃતના સમુદ્રસમૂહનું પાન કરવા માટે આ મારું હૃદય ઉલ્લસી રહ્યું છે; જાણે આનંદસમૂહથી તારી પાસે દોડી આવે છે. પ્રિયવચન, ગાન, વીણાનાદ તથા ચારણ બંદીજનની સ્તુતિરૂપ યોગ્ય આહારનો ત્યાગ કરી, આ મારા કાન સંદેહરૂપ તૃષ્ણાસમૂહને હરવાવાળા તારા મુખરૂપી ક્ષીરસાગરમાંથી પ્રગટેલા સેંકડો અમૃતસમુદ્રનું પાન કરવા માટે જાણે વ્રત કરી રહ્યા છે. આ સાંભળીને મંદહાસ્યવાળું જેનું મુખ છે, એવો તે આસફખાન દેશપતિને કહેવા લાગ્યો કે ચારે બાજુ કહેવાય છે કે શ્રીવિઠ્ઠલનાથજીના પુત્ર કરુણાસાગર શ્રીગોકુલેશ પ્રભુ પરમ પુરુષોત્તમ છે, તેઓ દીનજનના બાંધવ છે. સર્વ જગતનું શુભ કરવાવાળાં છે, જગદગુરુ છે, કલિકાલમાં વધી રહેલા પાપથી નષ્ટ થઈ રહેલા ધર્મને પોતાના ચરણકમલની રજ વડે જેઓ

વિશ્રામ આપે છે. તેવી રસાત્મક ભક્તિવાળા તે તે ભક્તિસમૂહની સાથે શ્રૃંગારરસના સારના પણ સારરૂપ સમુદ્રસમૂહમાં પોતાની ઈચ્છાનુસાર તે તે પ્રકારથી વિહાર કરી રહેલા, શ્રીગોકુલેશ પ્રભુના તે રસના બુંદના પણ છાંટા પોતાના માથા પર પડવાથી, તે તે લોકો રસિક તરીકે પ્રસિદ્ધિ પામે છે. જેવી રીતે બિલાડી ઉંદરનું ભક્ષણ કરે છે તેવી રીતે સમુદ્ર, પર્વત, બ્રહ્મા, શિવ, ઈન્દ્રાદિકનું પણ અત્યંત કરાલ કાલ ભક્ષણ કરે છે. તે કાલ પણ શ્રીગોકુલેશ પ્રભુના ભક્તની ચરણરેણુના કણથી પણ ડરી પલાયન કરી જાય છે. શ્રીગોકુલેશ પ્રભુએ માલા-ધારણ કરવાથી તુલસીનો મહિમા સમગ્ર જગતમાં ચારેબાજુ ફેલાયો છે.

લક્ષ્મીને તૃણથી પણ અત્યંત તુચ્છ માને છે તે લોકો રોમહર્ષવાળા મસ્તકથી અત્યંત ઉલ્લસિત થાય છે, તે શ્રીગોકુલેશ પ્રભુની કૃપારૂપ કલ્પવેલીએ અચાનક મહામધુર ફલ આપ્યા; તેથી શ્રીગોકુલેશ પ્રભુ ભક્તોની સાથે આજે મારે ઘેર પધાર્યા. શ્રીગોકુલપતિનું જે રૂપ છે, તે મારાં નયનોમાં અમૃતના લાખો સમુદ્રની વર્ષા કરે છે. શ્રીગોકુલેશ પ્રભુનું શ્રીમુખકમલ પૂર્ણચન્દ્રમામાં પણ મલિન દર્પણની બુદ્ધિ કરાવે છે. (પૂર્ણ ચંદ્ર પણ મલિન દર્પણ જેવો લાગે છે.) શ્રીગોકુલેશ પ્રભુના નયનની શોભા, હરણ, નીલકમલ, માછલી, ચકોર તથા કમલ આદિને તો તિરસ્કારરૂપ સમુદ્રના મહાભ્રમરમાં નાખી દે છે.

મણિજડિત કુંડલની જે શોભા છે; તે મારા મનને કોઇ મોટા અનિર્વચનીય આનંદ સાગરમાં ડુબાડી દે છે. ગમે તે ક્ષણે સૂકા વસ્ત્રથી ઘણી વાર લુછ્યા છતાં જે પોતાની આર્દ્રતાનો ત્યાગ નથી કરતા. અને જે લાંબા સમય સુધી સ્વચ્છ છે એવા શ્રીગોકુલેશ પ્રભુના જે કપોલ યુગલ છે તે મારા નયનમાં ઉભરાયેલા હર્ષનાં આંસુની ધારાને બહાને તેવા ભાગ્યથી રહિત જીવનને રુદન કરાવે છે, તથા શ્રીગોકુલેશ પ્રભુની ફેલાઇ રહેલી દંતપંક્તિની ચાંદની કે જે ભક્તોના નયનરૂપ કુમુદને પ્રફુલ્લિત કરવાવાળી છે, તે શ્રીગોકુલેશ પ્રભુનું શ્રીમુખ ચંદ્ર છે એમ કહે છે.

પણ મારો અનુભવ તો એથી પણ અત્યંત વિશેષ છે એટલે કે શ્રીગોકુલેશ પ્રભુનું મુખ ચંદ્ર કરતાં અત્યંત વિશેષતાવાળું છે. શ્રીગોકુલેશ પ્રભુનો જે અધરરૂપ મણિ છે, તે મારા ઘરને રક્તવર્ણુ કરી દે છે તથા શ્રીગોકુલેશ પ્રભુનું મંદહાસ્ય તો તે ઘરને ધોઇને એકદમ ઉજ્જવલ કરી દે છે. કૃપારસથી ભરેલી જે શ્રીપ્રભુની કૃપાદૃષ્ટિ છે, તે મને એવી પુષ્ટ કરે છે કે હું સઘળા લોકમાં ન સમાઇ શકું તો મારા પોતાના ઘરમાં તો કઇ રીતે સમાઇ શકું? શ્રીગોકુલેશ પ્રભુનાં કૃપાભરેલાં વચન મારા કાનને ચિંતામણિસમૂહથી અત્યંત શોભાયમાન કરી, તેમાં અમૃતનો સમુદ્ર વહાવતાં હતાં. શ્રીગોકુલેશજીનું જે સ્વરૂપ છે, તેણે મારા ઘરને અલંકૃત કર્યું છે, અને તેથી 'પૃથ્વી વૈકુંઠની નીચે છે' એ વચનને અપ્રમાણિક કરી, 'પૃથ્વી વૈકુંઠની પણ ઉપર છે' તેવા વચનને પોતે પ્રમાણિત કરે છે.

મારા અનેક પ્રકારના સંદેહરૂપ સઘન અંધકારની પંક્તિને મહાપ્રકાશાત્મક વચનરૂપ કિરણોના સમૂહથી નાશ કરી રહેલું જે શ્રીપ્રભુનું શ્રીમુખ છે તે પોતાનો ચંદ્રભાવ જ સ્પષ્ટ કરે છે. શ્રીગોકુલેશ પ્રભુના સુંદર જે ભુજદંડ છે, અને ચંચલ નયનોની જે ભ્રંગિમાં છે, તે સત્વના ઉદ્રેકની ઉન્નતિને પ્રાપ્ત કરી ચૌદેય લોકને જાણે તૃણ સમાન માને છે; ભવાંના જે જે વિલાસ છે, વક્ષસ્થલની જે પૂર્ણ વિશાલતા છે. મહાસુંદર કપોલફલકનો જે ઉલ્લાસ છે, અને દાનેચ્છા તથા દયાની રમણેચ્છા છે તે સર્વ આકાશને સ્પર્શ કરવાવાળા તરંગસમૂહ વડે અખિલ લોકસમૂહને આક્રન્ત કરતા, મહાઅગાધ, મોટા વમળવાળા ધર્મમય એવા

વીરરસના મહાસમુદ્ર ઉપજાવે છે. શ્રીચરણારવિંદની શોભા, સૌભાગ્ય, અપારલક્ષ્મી, આનંદસાગરનો સમૂહ, સઘળાં તીર્થો, પવિત્રતા, સદ્ધર્મનો સઘળો સમૂહ, અખિલજ્ઞાન, પ્રેમરસસાગર, સૌજન્યનો કાન્તિસમૂહ, ચિંતામણિ સમૂહ, સઘળા નિધિ, ઐશ્વર્યો, શક્તિ, પ્રકાશમાન ગુણસમુહ, વિદ્યાનો પ્રવાહ, મંગલ ગીતનૃત્યનો સમૂહ, ચતુરતા, દયા, સુંદર સ્વભાવ, સંતોષ, ઉત્કર્ષ, વિનય, કીર્તિ, પ્રતાપ જેવી બીજી શું વસ્તુઓ મારા ઘરમાં સ્થાપિત કરે છે. તથા મને પણ એવો વિલક્ષણ બનાવી દીધો છે કે તમારા વચન તથા ભાવને અનુરૂપ આ પ્રમાણે હું તમને દેખાયો છું.

આ પ્રમાણે આસફખાનનાં વચન સાંભળી ભક્તિમાં, ભાગ્યમાં અને બુદ્ધિમાં શ્રેષ્ઠ એવો મ્લેચ્છ ચક્રવર્તી જાણે ચમત્કાર વિશેષ પ્રાપ્ત થયો હોય એવો થઈને, જોકે શ્રીમહાપ્રભુજીના દર્શન માટે ઉત્સાહિત થયો હતો તો પણ તે દુષ્ટ સંન્યાસીથી ડરીને પોતાના ભાવ પ્રગટ કરવા માટે કંઈ પણ બોલ્યો નહિ.

વિવેક જુત મન રાખિએ, નાગર વલ્લભ ચર્ણ।

શ્રીગોકુલેશ સ્વરૂપ વિનુ, ઓર ન અંતઃકરણ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો ત્રયોદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ ચતુરદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૪

હે નાથ! આપ પ્રગટ થયા છો, ત્યારે આપે આપના ભક્તોને પણ પ્રગટ કર્યા છે. શ્રીમદ્ ગોકુલની રસિક મૃગનયનીઓને પણ આપે પ્રગટ કરી છે. તેમની સાથેની આપની રાસલીલા પણ આપે જીવો પ્રત્યે પ્રગટ કરી છે; વળી તે જીવોને આપના પ્રત્યેની સુંદર ભક્તિનું દાન પણ કર્યું છે. વિશેષ શું કહું? હે કૃપાસાગર શ્રીગોકુલેશ પ્રભુ! આપે મારા હૃદયમાં પ્રવેશ કરીને, તે લીલાનું વર્ણન કરનાર 'લીલાસિંધુ' નામના ગ્રંથને સ્વયં પ્રગટ કર્યો છે. પરંતુ હે કૃપાસિંધુ! આપશ્રીએ આપના બધા જ ભક્તોને તેમના સર્વ પુરુષાર્થને સિદ્ધ કરનારી રસપાનની પરમ ઉત્કંઠાનું દાન કેમ કર્યું નથી? હે પરમ ઉદારસમૂના મુગટમણિરૂપ પ્રભુ! તેમને એવી ઉત્કંઠાનું દાન સત્વર કરો; કારણકે પરમકૃપાપાત્ર ભક્તો આપને જ અદેય દાનમાં પરમ નિપુણ કહે છે. આ પ્રમાણે કલ્યાણ ભટ્ટજીએ શ્રીગોકુલેશ પ્રભુને વિનંતી કરી, હવે પ્રસંગને આગળ કહીએ.

શ્રીગોકુલેશ પ્રભુ આસો માસની વદી બીજને દિવસે ભોજન પછી વિશ્રામ કરીને ઉઠ્યા અને ત્યાર પછી આપશ્રીના અનન્ય ભક્તની વિનંતીનું સ્મરણ કરીને તથા મ્લેચ્છપતિની તેવી ઈચ્છાને જાણે અનુકૂળ બનીને, તે પતિત મ્લેચ્છાદિ જીવોનો ઉદ્ધાર કરવા માટે મહાવેગવાળા ઘોડા પર સવાર થયા; અને પોતાના દર્શનથી, મંદહાસ્યથી, મધુર સંભાષણથી તથા તેવા બીજા પ્રકારોથી, પોતાની ઈચ્છાથી મ્લેચ્છ પાપી જીવોનો ઉદ્ધાર કરતાં કરતાં આગળ પ્રસ્થાન કરવા લાગ્યા. તે વખતે પ્રસન્ન થયેલાં

અનંત ભક્ત ચક્રવર્તીઓના મુખકમલમાંથી પ્રગટેલો જયશબ્દ સઘળા વિશ્વમાં વ્યાપી ગયો. તે જય શબ્દ પણ શ્રીગોકુલેશ પ્રભુની ઈચ્છાને અનુસરી તે તે અનુગામી ધ્વનિથી નિર્મર્યાદ રીતે શ્રોતાઓના તે જીવોનો ઉદ્ધાર કરવા લાગ્યો.

શ્રીગોકુલેશ પ્રભુ પણ તેની તેવી ઈચ્છાને અનુસરી પોતે તે તે શ્રોતાઓનો અને તે શ્રોતાઓના અનુગામીઓ અને તેમના અનુગામીઓ અને તેમના અનુગામીઓ દ્વારા સાંભળનારાઓનો નિર્મર્યાદ રીતે ઉદ્ધાર કરવા લાગ્યા. બંદીજનોએ, ચારણોએ, માગધસૂતાદિએ અને તેવા બીજા લોકોએ શ્રીગોકુલેશ પ્રભુનાં જે સ્તોત્રો સતત બનાવ્યાં હતાં, તે શ્રીગોકુલેશ પ્રભુને અનુકૂળ ચાલતાં, નિર્મર્યાદ રીતિનો આશ્રય કરી, તેનો ઉદ્ધાર કર્યો. શ્રીગોકુલેશ પ્રભુ પ્રતિ આશિષ દઈ એવા બ્રાહ્મણો શ્રીપ્રભુના ઘોડાની ખરીઓથી ઉડેલી ધૂળ, રજ, લગામનો ખનખનાટ, દોડી રહેલા લોકોના માલાદિના ચમત્કાર, અંગોનાં આભરણોનો ઝગઝગાટ, અંગોની સુગંધીનો પૂરપ્રવાહ, પ્રભુના દર્શન, સ્પર્શ, સ્મરણ, પ્રણામ, સેવા વગેરે તથા શ્રીગોકુલેશ પ્રભુ પ્રત્યેના ભક્તિ, આદર, વિનય, અનુસરણ, પ્રેમ, પ્રિયવચન એ સર્વ જાણે કમર બાંધીને દ્રઢ રીતે તંદ્રા છોડીને આ ઉદ્ધારરૂપી કાર્યમાં પ્રવૃત્ત થયાં હતાં.

તથા પ્રભુએ કરેલા જે જે ઉપયનોનો (ભેટોનો) સંગ્રહ, આજ્ઞાદાનાદિ છે, તે સઘળાએ ઘણા પ્રકારે ઘણું પરાક્રમ કર્યું. છત્ર, સુંદર ચામરો, ધજાઓ અને પતાકાઓ, પ્રભુના દાસ, તે તે ભક્તો અને અનુયાયિઓ, તેમના વિવિધ પ્રકારના મનોરથો, તિલક, શંખ, ચક્ર, કમલ, ગદારૂપ મુદ્રાઓ, તુલસીમાલા તથા મોતી, સુવર્ણ અને માણેકની માળાઓ, પાઘ, વાઘા, અંબર, કમરપટ્ટો આદિ, ધોતી, અંગવસ્ત્ર, ઉપરણા, પનહી ઈત્યાદિનિ સુંદરતા તથા બીજા તે તે ગુણસમૂહ-એ સર્વેએ ઘણા ઉત્સાહથી પરાક્રમ કર્યું યાને મ્લેચ્છોનો ઉદ્ધાર કર્યો. મતિ, વિવેક, અહિંસા, સત્ય, અપરિગ્રહ, અસ્તેય, બ્રહ્મચર્ય, શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વરનું ધ્યાન, આસન, પ્રાણાયામ, ધારણધ્યાન, પ્રત્યાહાર, શમ, દમ, સમાધિ, મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષા, શ્રદ્ધા, વસ્તુવિચાર, ક્ષમા, વૈરાગ્ય, વિદ્યા, વિશ્વાસ, પ્રબોધ, નિદિધ્યાસન, મનન, શ્રવણ-આ સઘળાં પ્રભુના બલને પ્રાપ્ત કરવા લાગ્યાં અને ત્યારે ઘણું કરીને કલિ, કામ, રતિ, લોભ, ક્રોધ, મોહ, દંભ, અહંકાર, મત્સર, મદ, માન, મિથ્યાબુદ્ધિ, કલહ, ચાર્વાકમત, દિગમ્બરાદિનો મત-આ સઘળાં નાશ થઈ ગયાં.

શ્રીગોકુલેશ પ્રભુએ પોતાના સ્વરૂપથી, તે તે હજારો પ્રકારથી ખંડન કરેલ, જે ચાર્વાક અને દિગંબરાદિ મત છે, તેમની અતિ ઊંડી અને પાર વિનાની લોહીની નદીઓ વહી રહી હતી. જે પ્રમાણે વિજયને માટે ઘોડા પર સવાર થઈ રહેલા, તેવા ભાવ પ્રાગટ્યરૂપ મનોહર બખ્તરથી સજ્જ થયેલા હજારો અબજો ભક્તોની સેનાથી વીંટળાયેલા, પ્રમાણરૂપ ચર્મને અને સ્વરૂપ રૂપ ખડગને ધારણ કરતાં, અનુભવરૂપ ધનુષબાણાદિને, જયધ્વનિરૂપ નગારાને સમૂહને, વધી રહેલા ફેલાઈ રહેલા ભગવદ્ગુણલીલાગાન રૂપ ગોમુખસમૂહને યથાયોગ્ય રીત ધારણ કરી રહેલા, મહાઉત્સાહી, વીરપુરુષોના ચક્રવર્તી એવા પધારી રહેલા શ્રીગોકુલેશ પ્રભુજીનાં દર્શન કરવા માટે આમતેમથી રસિક મૃગનયનીઓ આવી રહી હતી.

તે મૃગનયનીઓના સ્નેહભર્યા કટાક્ષસમૂહ, હાસ્ય, મંદસ્મિત, વચન, ભ્રૂભંગ વિલાસ, લજ્જા, પ્રેમવેગ, મધુરતા, સુંદરતા, ભાવવિશેષ, ગુણલીલા, દ્રષ્ટિ અંગો, નર્મવચનો, આભરનો, અંશુ, ગાન, તરૂણતા, ચતુરતા, પ્રગલ્ભતા, સરલતા,

મધુર સ્વભાવ, દક્ષતા, ધૈર્ય, ઉક્તિ, ગમનાગમન, અભેદ, નિષ્કપટ ભાવ, વિનય, માન, સમાદાર, શીલ, મુખવિકાસ, દાસભાવ આવા બીજા જે ભાવ ત્યારે ત્યાં ત્યાં પ્રગટ થયેલા, જે તે તે ભક્તોના નયન, હૃદયાદિમાં અત્યંત દૃઢ થયેલા હતા, જે શ્રીગોકુલેશ પ્રભુના સંબંધથી મહાપ્રબલ બન્યા હતા, તેમણે જે પરાક્રમ કર્યુ છે, તેના સમુહની ગણના કરવામાં કોણ સમર્થ છે? વિશ્વના મંગલરૂપ શ્રીગોકુલેશ પ્રભુ સઘળા જીવોના ઉદ્ધારની ઈચ્છા જ્યારે કરે છે ત્યારે જન્મકરણમાં પ્રથમ વર્ણવેલી જે શ્રીપ્રભુના અનન્ય ભક્તો એવા પરાક્રમ કરે છે, કે જેથી શ્રીગોકુલેશ પ્રભુ તેમના ઉપર અત્યંત પ્રસન્ન થાય.

આ પ્રમાણે શ્રીગોકુલરૂપ ક્ષીરસાગરના ચંદ્રરૂપ શ્રીગોકુલેશ પ્રભુએ સંસારસાગર, રાજા, રાજપુત્ર, રાણી, બંદીજન, સૂત, ચારણ, રાજસાજન, સેનાપતિ, રાજસેવક તથા તેવા દેશપતિના તે તે વિદ્યાના જ્ઞાનવાળા વિદ્વાનો, તે તે કાર્યના અધિકારી, ખજાનચી, અશ્વપતિ, ગજપતિ અને તે તે સેવાઓ માટે નિયુક્તજનો, રત્નને સોનામાં જડનાર, કય-વિક્રયાદિ કાર્યવાળા, તે તે ગામના પતિ, સામન્ત, ગુણીજન, નાયક, બુદ્ધિમાન વૈદ્ય, કવિ, જોશી, મંત્રી, વાઘ-મૃગના શિકારના અધિકારી, મૃગ્યામાં સાથે જનારા, મૃગયામાં ચતુર, કાયસ્થ તથા બીજા તે તે રાજા, વ્યાપારી, શુદ્ર, બ્રાહ્મણ, બળવાન, દુર્બલ, પ્રસિદ્ધ, સુંદર કર્મવાળા, ગુણરી, તે તે દિશાના પાલક (દિક્પાલ), તે તે સંગ્રામમાં ચતુર, મ્લેચ્છ રસોઈયા, મ્લેચ્છપતિ અને નાસ્તિક, તથા તેમની સ્ત્રી, માતા, બેન વગેરે પણ, તથા તે તે નામવાળા, જાતિવાળા, તે તે કાર્ય કરનારા, લાખ કરોડ અબજ જીવોનો ઉદ્ધાર કરીને, વિના યત્ને તેથી પણ અધિક જીવોનો ઉદ્ધાર કર્યો.

તથા ત્યાં શ્રીગોકુલેશ પ્રભુએ કીટ, પતંગ આદિ જીવોનો ઉદ્ધાર તે પ્રમાણે કર્યો છે. તેની ગણના કરવામાં કયો સુબુદ્ધિમાન સમર્થ થઇ શકે? અન્ય લોકોની જીભમાં, કાનમાં, હૃદયમાં પ્રગટ થઈને શ્રીગોકુલેશ પ્રભુના નામે જે પરાક્રમ કર્યું છે, જેમણે જેમણે જે જે જીવોનો, જેટલા જેટલા જીવોનો જે જે રીતે ઉદ્ધાર કર્યો છે, તેનું વર્ણન કરવામાં કોઇ ઈશ્વર પણ સમર્થ નથી. મદ્યપાન કરનાર, સોનું ચોરનાર, માતૃગામી, ભગિનિગામી, મિત્રદ્રોહી, બ્રાહ્મણનો ઘાત કરનાર, સ્ત્રી, પિતાને રાજાનો ઘાત કરનાર, ગોવધ કરનાર, આચાર્ય તથા માતાનો ઘાત કરનાર, ચાંડાલ, નીચ નાતીવાળો, ભક્તદ્રોહી, હુણ, કિરત, યવન, આભીર, પુલિન્દ, ખસો, કંક, પાપી, ભોગાસક્ત, પરદુઃખપરાયણ, જ્ઞાનવૈરાગ્યરહિત, બ્રહ્મચર્યાદિરહિત, સર્વધર્મભ્રષ્ટ, નીચ, સાંખ્યયોગથી વિમુખ, ક્રોધી, લોભી, અત્યંત મત્સરવાળો, શઠ, પરસ્ત્રીરત, મુઢ, પર અપકારપરાયણ, સર્વપાપાસક્ત, ચાંડાલ, રજસ્વલા સ્ત્રી વડે બનોલું ભોજન ખાનાર દાસીરત, દંભપરાયણ અને તેવાં બીજાં પાપાદિ વગેરે દૂર કરી, સુયોગ્ય બનાવીને તરત જ પોતાનું પદ (સ્થાન) પ્રાપ્ત કરાવ્યું.

જેણે શ્રીગોકુલેશ પ્રભુમાં બુદ્ધિ ધારણ કરી છે, એવો જીવ નરકમાં નથી જતો; જેનું ચિંતન કરવામાં સ્વર્ગ પણ વિઘ્નરૂપ પ્રતીત થઅય છે, તેમાં મન લગાવવાવાળા જીવને બ્રહ્મલોક પણ તુચ્છ પ્રતીત થાય છે, જે અવ્યય (એટલે ક્ષયહીન-અક્ષય) શ્રીગોકુલેશ પ્રભુ મલિન બુદ્ધિવાળા પુરૂષોના ચિત્તમાં સ્થિર રહી મુક્તિનું દાન કરે છે, તે શ્રીગોકુલેશ પ્રભુના નામ-સંકીર્તનથી જ પાપનો નાશ થાય છે, એમાં શું આશ્ચર્ય છે? બેદરકારીથી ય સ્પર્શ કરાયેલો અગ્નિનો કણ જેવી રીતે બાળે છે, તેવી રીતે બે હોઠને સ્પર્શેલું પ્રભુનું નામ તત્કાલ પાપને બાળી દે છે. સંકેતથી, હાંસી પ્રસંગથી, સ્તુતિથી અથવા અવજ્ઞાથી પણ જો પ્રાણપતિ શ્રીગોકુલનાથજીનું નામ ગ્રહણ કરાય, તો તે સઘળા પાપનો નાશ કરે છે. વિદ્વાનો જાણે છે કે પતિત થયેલો, સ્ખલન પામેલો

એટલે કે ભૂલ કરી બેઠેલો, નિરાશ થયેલો, દંશ પામેલો, તાત, અને હણાયેલો માણસ જો શ્રીગોકુલેશ પ્રભુના નામનું સારી રીતે કીર્તન કરે, તો તે યાતના ભોગવતો નથી. અજ્ઞાનથી અથવા જ્ઞાનથી ઉત્તમશ્લોક પ્રભુનું કીર્તન કરેલું જે નામ છે, તે જેમ અગ્નિ કાષ્ઠને બાળે, તેમ પુરૂષના પાપને બાળી દે છે. શ્રીગોકુલેશ પ્રભુને, અશુભને દૂર કરવાની જેટલી શક્તિ છે, તેટલાં પાપ ચાંડાલ પણ મહાપ્રયત્ને કરી શક્તો નથી...

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો ચતુર્થદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ પંચદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૫

શ્રીગોકુલેશ પ્રભુના યશ સ્વરૂપનું વર્ણન

હવે નિર્ણાયક દિવસ આવી ગયો છે. ભક્તોને ચિંતા વધવા લાગી છે, કેમકે મ્લેચ્છોનો એ રાજા અધમ સંન્યાસીનો પક્ષપાતી હતો; તેથી તે ભક્તોએ પ્રભુને સલાહ આપી કે ‘તુલસીમાલાથી શોભાયમાન કંઠવાળા, ઊભું તિલકથી શોભાયમાન અમારા પ્રાણનાથ એવા આપને જોઈને તે સમ્રાટ તે તે વાત કહે ત્યારે અત્યંત બુદ્ધિમાન આપે આ રીતે કહેવું, બીજી રીતે નહિં.’ શ્રીગોકુલાધીશજી ભગવાને તો મંદ સ્મિત કરતાં તેમનું સમાધાન કર્યું કે આમાં તમે ચિંતા ન કરો; પ્રભુ સ્વયં શુભ જ કરશે. હું જાણતો નથી કે તે સમય કેવો હશે ? તેઓ મને શું કહેશે ? હું તેમને શું કહીશ ? તેથી ‘તમારે આમ જ કહેવું ?’ એવી તમારી શિખામણનો કોઇ અર્થ નથી.

આ પ્રમાણે શ્રીગોકુલેશ પ્રભુ રાજદ્વાર પર બિરાજમાન છે, ઈશ્વરના ઈશ્વર છે તો પણ મનુષ્યરૂપ ધર્યું છે. તેથી મનુષ્યલીલાની માધુરીના સમૂહને વરસાવી રહ્યા છે. ત્યાં સઘળાં જગતને જાણે પોતે શોભાવાળું કરી રહ્યાં છે, આર્દ્ર બનાવી રહ્યાં છે, બધાંને અત્યંત જાગરણ કરાવી રહ્યાં છે. ચમત્કારિક કરી રહ્યાં છે. હાસ્યથી પ્રફુલ્લિત કરી રહ્યાં છે, કેટલાકને તો વશ કરી રહ્યાં છે, તો કેટલાકને લીમડા જેવા કડવા બનાવી રહ્યાં છે, કેટલાકને શ્રીમહાપ્રભુમાં પ્રેમ લાગી ગયો છે. તેથી તેમના વિના બધું જ કડવું લાગે છે. કેટલાકને તો ચંચળ બનાવી દીધાં, કેટલાકને શોભાયમાન કરી દીધા અને કેટલાકને નમાવી રહ્યા; કેટલાકને તો અત્યંત ઉત્કંપિત કર્યા, કેટલાકને તો મંગલરૂપ બનાવ્યા. તો કેટલાકને દાસ બનાવ્યા.

ત્યારે અસંખ્ય રજપૂતોની સાથે હરિદાસ તોવરજી જે આ મ્લેચ્છ ચક્રવર્તી જહાંગીરના આશ્રિત હતા, તે તથા બીજા અનેક લોકો, રાજાઓ અને શૂરવીરો-જેમનો શ્રીમહાપ્રભુમાં ભક્તિભાવ હતો, અને જેઓનું મન પ્રભુના ગુણસમૂહથી હરાયેલું હતું, તેઓ સર્વ શ્રીગોકુલેશ પ્રભુનું ઉછળતા પ્રેમથી દર્શન કરવા લાગ્યા. અને વિચાર કરવા લાગ્યા કે આ મ્લેચ્છ ચક્રવર્તી રાજા અત્યંગ ઉગ્ર છે અને વળી તે નીચ સંન્યાસીનો પક્ષ કરે છે; જ્યારે હજારો અબજ અમારા પ્રાણ જેના ચરણરજના કણ પર

ન્યોછાવર કરી નાખીએ, એવા પ્રાણનાથ શ્રીગોકુલેશ પ્રભુ તો કેવલ ધર્મપરાયણ જ છે, સત્ય પ્રતિજ્ઞાવાળા છે, પરમ સુકુમાર છે, સુખના સાગર છે. એવા શ્રીગોકુલેશપ્રભુનો જહાંગીરની સાથે જ્યારે સંવાદ થાય, ત્યારે ભગવાન અસારસંસારના ઉત્કર્ષરૂપ, શોભારૂપ, મંગલસમૂહરૂપ, સૌંદર્ય અને માધુરીરૂપ, લક્ષ્મીરૂપ, પ્રાણરૂપ મણિના આધાર, માખનરૂપ કોમલ સારરૂપ અને જીવનરૂપ જે શ્રીગોકુલનાથ છે તેમની રક્ષા કરે. એ પ્રભુની રક્ષાથી જ આ ભવસાગરની અને અમારી સર્વની રક્ષા થશે.

મ્લેચ્છોનો ચક્રવર્તી બાદશાહ જહાંગીર નીચ સંન્યાસીનો પક્ષ કરીને, અને સદ્ધર્મથી વિમુખ થવાથી, પોતાના અતિશય મંદભાગ્યથી કે અમારા પ્રબલ પાપ સમૂહથી કે આ ચૌદ લોકની મંદભાગ્યના વિસ્તારથી શ્રીગોકુલેશ પ્રભુને પ્રતિકૂલ એવું મનમાં કંઇક વિચારે, કંઇક બુરું કરે કે કહે તો તેને તથા તેના સગાસંબંધી લોકોને સત્વર યમલોકમાં પહોંચાડી દઇશું. પણ આટલાથી શું થશે ? અમારું આ દુ:ખ નિવૃત્ત થશે કે નહિં ? શ્રીગિરિધરજી આ દુષ્ટ સંન્યાસીને દૂર કરે એ ઉચિત છે અથવા તો શ્રીગોકુલેશ પ્રભુના પ્રયત્નથી, ભક્તસમાજના ભાગ્યથી અથવા રસસાગર શ્રીગોકુલેશ પ્રભુની પ્રગટેલી સ્વરૂપ માધુરીથી તે શક્ય બને.

અથવા મ્લેચ્છ રાજા જહાંગીરના બલિષ્ઠ પ્રેમથી તે શક્ય થાય. ગુણવાન, સુંદર, ધર્મપરાયણ, નિર્મળ, બુદ્ધિમાન, સર્વસુખકારી, મંગલરૂપ શ્રીગોકુલેશ પ્રભુમાં તે જહાંગીર પણ પ્રેમવાળો નથી એવું નથી. આ પ્રમાણે તે બધા પરસ્પર વિચાર કરીને ઘણા પ્રકારે પરસ્પરનું સમાધાન કરવા લાગ્યા. આમ સ્વયં પરસ્પરના બળને વધારવા લાગ્યા. પ્રેમથી વારંવાર પ્રણામ કરવા લાગ્યા, ઘણા પ્રકારે વારંવાર ન્યોછાવરી કરવા લાગ્યા. એવા સુંદર સમયે, ચક્રવર્તી જહાંગીરના ઘરની પાસે, શ્રીગોકુલેશ પ્રભુ પ્રકાશી રહ્યાં છે, એમ સાંભળીને અતુલ પ્રતાપથી ઉછળતો મહાસેનાપતિ આસફખાન પોતાને ઘેરથી દોડીને સામે આવ્યો. તે હૃદયમાં ઉછળતા કરોડો પ્રેમસમુદ્રમાં આવર્તનોમાં ડૂબતો આગળ ચાલતો હતો, તેને શ્રીગોકુલેશ પ્રભુના ગોધૂ નામના દાસે જોયો અને તેને સાવધાન કર્યો.

ત્યારે પ્રાણનાથજીના શ્રીમુખચંદ્રમાને પ્રેમથી નિરખીને તેને અત્યંત હર્ષ થયો. આસફખાને પોતાના હૃદય પર હાથ મૂક્યો. તે વખતે દર્શનમાં વિઘ્ન પડશે, આ ભયથી તેને દંડવત્ પ્રણામ ન કર્યા. આસફખાને પોતાના હૃદય પર હાથ મૂક્યો. તે વખતે દર્શનમાં વિઘ્ન પડશે, આ ભયથી તેણે દંડવત્ પ્રણામ ન કર્યા. આસફખાને પ્રાણનાથની આગળ નયનથી જ કંઇક પ્રણામ કર્યા કારણકે ઇચ્છા શક્તિ તો પ્રથમ થી જ તે તે કાર્યને પ્રેમથી કરવા ઇચ્છા રાખતી હતી, પણ પ્રભુતા શક્તિ તે છુપાવી દે છે. શ્રીગોકુલેશ પ્રભુએ આ સમયે ઉપયોગી તે તે કાર્ય કરવા માટે, પોતાના લોકોને મનોરથસમૂહને પૂર્ણ કરવા માટે, આ અવસરમાં આસફખાનને પ્રણામાદિ કરવાનો અવકાશ ન આપ્યો. આ બતાવે છે કે તેથી જ આપના કૃષ્ણદાસ, નાથજીભાઇ આદિ ભક્તોએ ત્યારે ત્યારે તે તે સમયે તે તે સેવા કરવાનો અવસર પ્રાક્ત કર્યો. તેથી જ પ્રભુએ જે જે કામ વિચાર્યું છે તે માટે આસફખાને દેશપતિને અને તેના સેવકોને અનુકૂલ કરવાની ઇચ્છાથી, દેશપતિની પાસે તેના મહેલમાં પ્રવેશ કર્યો.

શ્રીગોકુલપતિ તો તેના દ્વાર પર જ બિરાજ્યા. તેમના બિરાજવાથી જ સઘળા દ્વારપાલના તેમ જ બીજા લોકોના પ્રબલ દોષો દૂર કરવાની ઇચ્છા કરી; તેથી જ કંઇક વિલંબ કર્યો. તેથી એ ભક્ત આસફખાન તો પ્રભુને ત્યાં છોડી પોતાના કાર્ય માટે અંદર ગયો, અને તેણે મ્લેચ્છ ચક્રવર્તી જહાંગીરને શ્રીગોકુલેશ પ્રભુના પહેલાં વર્ણવેલા મધુર આગમનની વાત કરી. અત્યંત શુદ્ધ

હૃદયવાળો શ્રેષ્ઠ ભક્ત તે જહાંગીર પોતાના બન્ને કાનથી શ્રીપ્રાણનાથની પધારવાની મહામધુર લીલાનું પાન કરી, પ્રભુને માટે હૃદયમાં ઉછળી રહેલા પોતાના અત્યંત પ્રેમને છુપાવી, દુષ્ટ સંન્યાસીના ત્રાસના ડરથી શ્રીગોકુલેશ પ્રભુને લેવા સામે ગયો નહિ, તેથી જ જાણે કે ઉઠી ન શક્યો. વિચારથી હૃદયમાં ઉછળી રહેલા જે સાત્ત્વિક ભાવ છે તેમાં સ્તંભભાવ અત્યંત વધી ગયો, તેથી જ જાણે કે ઉઠી ન શક્યો. શ્રીગોકુલેશ પ્રભુ પોતાની ઈચ્છાનુસાર બહારવાળા સઘળા જીવોનો ઉદ્ધાર કરી, પછી અંદરવાળા જીવોના ઉદ્ધાર કરવાની ઈચ્છા કરી.

ત્યારે આસફખાનના કોઇ દાસે મ્લેચ્છ ચક્રવર્તીના ભવનમાંથી બહાર આવીને, હાથ જોડીને, વિનયથી વિનંતી કરી, 'હે મહાપ્રભુ ! આપ હવે રાજભવનની ભીતર પધારી મધુર પ્રકાશથી પાવન કરો'. આ વિનંતી સાંભળી, શ્રીગોકુલેશ પ્રભુ ભીતર પધાર્યા. તે વખતે આપશ્રીની સાથે ચાલતા મધુસૂદન ભટ્ટ, પણ અંદર જતા હતા, તેમને મ્લેચ્છ રાજાની મર્યાદાના અનુરોધથી જે મૂર્ખ દ્વારપાલે રોક્યા; ત્યારે તે દ્વારપાલના વચનને શ્રીમહાપ્રભુએ સ્વમુખારવિંદના વચનથી નિવાર્યું.

કૃપા પંથ, દઢ સ્નેહકો, પાતિવૃત જાત ટેક ।

વાચ્છલ્ય મનોરથ ભાવ વિનુ ઓર નભાવ વિશેક ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો પંચદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ ષષ્ઠદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૬

શ્રીગોકુલેશ પ્રભુચરણનાં શ્રીચરણ ચિહ્ન સ્વરૂપ

ભગવાન શ્રીગોકુલાધીશજી જહાંગીરના રાજભવનમાં પ્રવેશ કરીને, તેના ગૂઢ ભાવ જાણી અત્યંત પ્રસન્ન થયા. તેના તે તે ગુણોનો અંગીકાર કરીને તથા તેના ઉત્કટ દોષોને અવગણીને, દેશપતિને મળવાની લૌકિક રીત પ્રમાણે, તે પરમ કરુણાસાગરે પોતાના ભાણેજ મધુસૂદન ભટ્ટના હાથે સુંદર પવિત્રા, બે શ્રીફળ અને નવ રૂપિયા યવનેશ્વરને આપવાની ઈચ્છા કરી અને મનોહર આશિષ પણ આપી. ત્યારે સારંગદેવ નામના રાજાએ ઘણા આદરથી તે બધી વસ્તુઓ લઇ દેશપતિને અર્પણ કરી. તે દેશપતિ તો દુષ્ટ સંન્યાસીના સંગથી ઉદ્‌ભવેલા અનેક અપરાધોથી અત્યંત લજ્જા પામતો હતો અને આપશ્રીના ક્રોધથી ડરતો હતો. વળી એ રીતે પશ્ચાતાપરૂપ સમુદ્રના આકાશ સુધી ઉછળતા ઊંચા તરંગોમાં તે સમ્રાટ એવો ડુબી ગયો કે એમાંથી માથું ઊંચું કરવા માટે પણ સમર્થ ન થયો.

બ્રહ્માશિવાદિને પણ દુર્લભ એવા શ્રીગોકુલેશ પ્રભુના દર્શન પ્રાપ્ત કરીને, એ રીતે કેવળ કૃપાથી થયેલી પોતાના ઘરમાં પધારવાની ઈચ્છાનો અનુભવ કરીને, પવિત્રાદાનને બહાને પોતે પવિત્ર થયો છે, એમ વિચારીને, બે શ્રીફળના દાનને બહાને ચતુર પુરૂષને જાણવા યોગ્ય આલોક અને પરલોકનું દાન મને કર્યું છે. એમ વિચારીને, તથા નવ રૂપિયાના સુંદર દાનને બહાને અવિનાશી અલૌકિક મહાવિધિનું દાન પ્રભુએ કર્યું છે એમ ધારીને 'હું તો બધી રીતે અત્યંત અયોગ્ય છું, છતાં મને શ્રીગોકુલેશ પ્રભુએ આશીર્વાદ પણ આપ્યો છે' એ વિચારીને, જેમાં વિસ્મયના, હર્ષના, લજ્જાના સમૂહથી પશ્ચાતાપ વધી રહ્યો છે, પ્રેમસમુદ્રના હજારો કરોડ તરંગો, ભમરોના ઉછાળાથી જે મનોહર છે. જે પોતાના જન્મની સફળતાના ભાવના વિચારથી સુંદર છે, જે પોતાના ભાગ્યાદિના ધન, શરીર, ઘર, નેત્રના પ્રભુત્વના ગુણો અને ગૌરવાદિથી પોતાની અને અન્યની સઘળી વસ્તુઓને સાર્થક કરે છે. જેમાં રાજની નિર્મર્યાદ, અખંડિત કૃપાસમૂહની વિશેષ ભાવના છે, જેમાં રોમહર્ષ, ધ્યાન, ચિંતન, સ્તંભાદિ અનેક સાત્વિકભાવ ઉપજ્યા છે, જેમાં રાજની સુંદરતા, ઉદારતા, ઉન્નતતા, ગંભીરતા આદિ ભાવના જ વિશેષ સુંદર છે, ચતુરજન પણ જેનો મનથી સ્પર્શ પણ ન કરી શકે, એવી કોઇ અનિર્વચનીય અવસ્થા દેશપતિએ પ્રાપ્ત કરી.

લાંબા સમય પછી તે સમ્રાટ લોકાતીત ભાવ અવસ્થામાંથી જાગ્રત થયો પણ શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખકમલની જે લક્ષ્મી છે, ચંચલ ભ્રુના જે વિલાસ છે ગાલની જે ઉચ્છલિત કાંતિ છે, દંતપંક્તિની નિર્મર્યાદ પ્રસરી રહેલી ચાંદનીના જે સમુદ્ર છે, વિદ્રુમને પણ જીત્યા હોય એવા અધરથી પ્રગટેલા જે સરસ્વતીના પ્રવાહ છે, મણિ જડિત કુંડલમાંથી ઉદિત થઇ રહેલો જે કરોડ સૂર્યનો પ્રકાશ છે, મણિ, મોતી, તુલસીમણિમાલામાંથી પ્રગટેલી જે માધુરી છે, ચક્ર કમલ, શંખ, ગદારૂપ મુદ્રા ઓધારણ કરવામાં જે ચાતુરી અને અષ્ટમીના ચંદ્રની શોભા જાણે જીતી છે એવા શ્રીમસ્તકની કાંતિનો જે સમૂહ છે, કુમકુમ ચંદન લગાડેલા સુંદર ઉર્ધ્વપુંડ્રની જે ઉત્કટ શોભા છે, ભાલ પ્રદેશને શોભાયમાન કરતી અત્યંત સૂક્ષ્મ કાજળ રેખાની જે કોમળતા છે, મનોહરતા છે, ચંચલ કેશની ઉદિત થઇ રહેલી જે યમુનાજીના પ્રવાહસમૂહની શ્યામકાંતિ છે, લોકાતીત વિલાસથી શોભાયમાન સુંદર શ્વેત પાઘના જે કિરણસમૂહ છે.

મુખરૂપ કમલ પર ભ્રમરાની પંક્તિરૂપ મૂછની ઉદિત થઇ રહેલા જે વિલાસસાગર છે, વક્ષ:સ્થલમાં વિલાસવાળા મુક્તાહારમાંથી પ્રગટેલી ગંગાની જે ઉજ્જવલ કાંતિ છે, પદકના મણિમાંથી ઉદિત થઇ રહેલી જે લાલ વર્ણની ટશરો છે, તથા ભુજદંડરૂપ કાચના કળશની અંદર રહેલા ચંચલ વિરરસના કે ધીરતાના સમુદ્રનાં આકાશને સ્પર્શતાં શોભાસમૂહરૂપ મહાખડગથી જાતે જ કલ્પવૃક્ષના નવીન કોમળ સઘળાં પાંદડાં પર અત્યંત વિજય મેળવવાથી, સર્વ પ્રકારથી ઉછળી રહેલા વીરરસના એવા સ્વભાવથી જ અત્યંત મનોહર, ચંચલ, સુંદર મણિ જડિત દિવ્ય આંગળીરૂપ સુંદર કમરપટ્ટાથી જેની કમર બાંધી છે એવો જે વીરરસનો સમુદ્ર અંગુલીરૂપ વીર પ્રબલ છે, એવા શ્રીગોકુલેશ પ્રભુના શ્રીઅંગોથી અત્યંત ઉછળી રહેલા સુંદરતા રૂપ અમૃતના અબજો સમુદ્ર છે. જે અમૃતસમુદ્રના વિજય સંબંધી હર્ષની ભારથી પ્રગટેલી પુષ્ટતાથી શોભાયમાન જે સ્વાભાવિક મનોહર મંદહાસ્ય છે, કલ્પવૃક્ષના પુષ્પોથી જેને ભ્રમરાઓના સમૂહને આકર્ષ્યા છે.

એવા જે શ્રીઅંગાગરાગ, ભૂષણ, વસ્ત્ર, શ્રીમુખરૂપ કમલની સુગંધી છે. તથા કુલાચલ પર્વતોમાંથી મેળવેલી અગણિત દેવોના આચાર્યની બુદ્ધિ સ્ફૂર્તિ અમૃતસમુદ્રના સમૂહને પણ જીતે એવી રસલીલાના કરોડ સમુદ્રથી જે સભર છે, સ્થિર સુંદર મેરુ

પર્વતને પણ વાળથી ઝાલીને (બળજબરીથી તે આ સ્વરૂપના ચરણકમલને શરણે લઇ જઇને), સંભ્રમ હર્ષના ગંભીર, અપાર, અસંખ્ય, અમૃતસમુદ્રની દિનરાત અત્યંત વર્ષા કરીને, ઉદ્ધતસમૂહને ભવાંના વિલાસથી ક્રોધથી કપાળ પર ભવાં ચઢાવીને વેગથી દંડ આપીને તથા સઘળા પુરૂષાર્થના શિર સંબંધી મણિગણના કિરણોથી લાલ થઇને રહેલી ચરણરજની, મંદહાસ્યથી જ પોતાના કૃપાપાત્રને મેરુથી, સત્યલોકથી, તેવા તેવા વૈકુંઠથી પણ અત્યંત ઉત્કૃષ્ટ પદ પ્રાપ્ત કરાવીને સઘળા ચક્રવર્તીઓ શ્રીગોકુલેશ મહાપ્રભુને નમન કરવાને પણ યોગ્ય નથી, આ વિચારીને બ્રહ્માદિને પણ સદા અત્યંત દુર્લભ જે દૃષ્ટિ છે એવી દૃષ્ટિથી જેને મહાશૂરવીરોના સમૂહને તૃણસમ કર્યા છે. જે સર્વત્ર નિરંતર સર્વોપર બિરાજમાન છે એવા સ્વરૂપના પલ્લવમાં નિરંતર ઉછળી રહેલો જે પ્રકાશ છે. જેના હૃદયમાં સઘળા ભુવન બિરાજમાન છે, અત્યંત દુ:ખથી થનારા કાર્યને સિદ્ધ કરવા માટે જેણે કમર દૃઢ કસી છે.

આજ્ઞા પ્રાપ્તિના વિલંબથી જે જે વિલંબ કરે છે, તે તે અનુભાવસમૂહથી જેના ચરણકમળની રજકણિકા સેવાયેલી છે, એવા શ્રીમહાપ્રભુના સ્વરૂપ સંબંધી ક્યાંય પણ ન રોકવામાં આવેલો (નષ્ટ ન થયેલો) અનુભવ છે. શરદઋતુના ચંદ્રમાંની સુંદર, અત્યંત ચંચલ ચાંદનીના ગર્વસમુદ્રને જેણે તૃણ જેવો કર્યો છે, એવા શ્રીગોકુલેશ મહાપ્રભુનો યશ અત્યંત દુષ્ટના હૃદયની મલિનતાને શુભ કરે છે. જેનામાં અત્યંત, અપાર, અગાધ નિર્દોષતાના દ્વીપ છે, જેણે પોતાનામાં સઘળા ભુવન ડૂબાવ્યા છે, એવા શ્રીગોકુલેશ પ્રભુના તે તે ગુણસાગર છે અને શ્રીગોકુલપતિના જમણા શ્રીહસ્તમાં બિરાજમાન, ત્રણેકાળમાં મંગળ કરવાવાળી ત્રણ રેખાનો જે મનોહર સ્વાસ્તિક છે. ગૂઢ રસદાનની કીર્તિને ફેલાવતી જે જવરેખા છે, રસિક સુંદરીઓના તાપને હરનારી, ભક્તોમાં આનંદદાયક જે કમલરેખા છે, ધર્મના ચારે ચરણની સ્થાપના કરી રહેલી ગાયના પગની જે ચાર રેખા છે અને અપરાધસમૂહના છેદનમાં ચતુર એવી જે સુંદર ચક્રરેખા છે, તે તે પાપ સમૂહનું નિવારણ કરતી જે મનોહર દંડરેખા છે તથા શ્રીગોકુલેશ પ્રભુના ડાબા શ્રીહસ્તમાં બિરાજમાન જે લૌકિક રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ નામવાળા વિષયોને બળજબરીથી ખંડન કરનાર મનોહર પંચબાળ રેખા છે. અલૌકિક મધુર, અમ્લ, કટુ, આદિ રૂપ શ્રેષ્ઠ રસોનું દાન કરતી જે ષટકોણ રેખા છે, તથા પોતાના સઘળા ભક્તોની ત્રણે કાળમાં કાલ, કર્મ, સ્વભાવથી બિરાજમાન જે ચતુષ્કોણ રખા છે. લોકાતીત વાંછિત ફલની વર્ષા કરી રહેલી જે કામવલ્લી રેખા છે, તાદશ મોહની વૃદ્ધિ કરનારી જે મોહવલ્લી રેખા છે, શ્રીગોકુલેશ પ્રભુના જેમના ચરણકમળમાં રસવતી સુંદરીઓના તાપને હરનાર તથા સઘળા ભક્તોને અત્યંત શીતલ કરનારું જે કમલનું ચિહ્ન છે.

નિજ જનના પાપરૂપ પર્વતસમૂહને કાપનારી મનોહર જે વજ્રરેખા છે, ભક્તોના અંતરાય રૂપ પર્વતોનું ચૂર્ણ કરનારી જે ગદાની રેખા છે. પોતાના દાસના મંગલ કારણરૂપ જે પતાકાસહિત શ્રેષ્ઠ તોરણ રેખા છે, અને દૂરથી જ ભક્તોના શત્રુના મર્મને બાંધી છેદ કરી રહેલી પરમ શોભાથી મનોહર ગુણસહિત જે ધનુષની રેખા છે. અને રસિક સુંદરીના મનને વશ કરવામાં ચતુર જે નાગવલ્લીની રેખા છે, શ્રીગોકુલેશ પ્રભુના ડાબા ચરણમાં બિરાજમાન, સઘળા સ્વજનોને નિર્ભય કરીને નિવાસ કરાવતી અત્યંત સુંદર, દિવ્ય ધ્વજાની જે રેખા છે, વિષયરૂપ ખાડામાં પડતાં પોતાના ભક્તોના ચત્તિરૂપ હાથીને જબરદસ્તીથી રોકી રહેલું અત્યંત સુંદર અંકુશનું જે ચિહ્ન છે. આઠે દિશામાં રહેતા ભક્તો પ્રતિ અષ્ટ મહાસિદ્ધિનું દાન કરી રહેલા આઠ પાંદડીવાળા મનોહર રસાત્મક કમલની જે રેખા છે. ત્રિલોકવાસી સુંદરવરના વિજય સંબંધી કીર્તિસમૂહને સ્પષ્ટ પ્રગટ કરતું જે જવનું ચિહ્ન છે, તે ભક્તોના શત્રુઓના મસ્તકને કાપવામાં અત્યંત ચતુર બિરાજમાન જે સુદર્શનનું ચિહ્ન છે.

તથા ભક્તોને દાન કરવા માટે લાખો અમૃતસાગરથી નિરંતર પૂર્ણ મનોહર મંગલ કળશનું જે ચિહ્ન છે, ભક્તજનોના ચિત્તમાં પ્રિય પ્રભુને મળવાની અધિક ઉત્કંઠારૂપ લોકાતીત કામને પ્રાપ્ત કરાવતું જે પુરુષનું ચિહ્ન છે પ્રથમ કહેલા શ્રીગોકુલેશ પ્રભુના શ્રીઅંગ સંબંધી સૌંદર્ય, અનુભાવરેખાદિ છે તેનાથી ઉચ્છલિત થઇ રહેલી સર્વોપર બિરાજમાન જ પ્રગલ્ભતા છે તેનાથી સર્વ રીતે અભિભૂત થયેલો તે મ્લેચ્છ ચક્રવર્તી જહાંગીર શ્રીગોકુલેશ મહાપ્રભુની સામે જોવા તો સમર્થ ન થયો, એટલું જ નહિ તેમને પ્રણામ કરવા અને નિવેદન કરવા પણ સમર્થ ન થયો. તો વિશેષ નિવેદન કરવા માટે, આગળ ઉઠવા માટે, હાથ જોડવા માટે કેવી રીતે સમર્થ થઇ શકે ? તેમાં નિર્મર્યાદ કૃપાદષ્ટિની વર્ષા કરી રહેલી શ્રીગોકુલેશ પ્રભુની દષ્ટિથી જે જેણે યોગ્યતા પ્રાપ્ત થઇ છે. એવો તે દેશપતિ ઉચ્છલિત થઇ રહેલા પોતાના ભાવોને છૂપાવતો, મ્લેચ્છાધીશ સંબંધી ભાવને પ્રગટ કરતો, શ્રીગોકુલેશ પ્રભુની કૃપાની ઈચ્છા કરતો ગૂઢ અર્થવાળા શ્લિષ્ટ વચન મહેવા લાગ્યો.

કૃપા પંથ પર ચિત્ત ધરે, કરે ભક્તનકી આશ ।

શ્રીગોકુલનાથ કૃપાલું હૈ, પૂરણ કરે આશ ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો ષષ્ઠદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ સપ્તાદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૭

શ્રીગોકુલપતિનું જહાંગીરની સભામાં પધારવું અને પાદશાહ સાથે સંવાદ

આપ બહુ જલ્દીથી પધાર્યા, એ પ્રમાણે દેશપતિએ કહ્યું ત્યારે તે સાંભળી, શ્રીગોકુલપતિએ શ્લેષથી જવાબ આપ્યો કે, 'અમે સુખપૂર્વક આવ્યા છીએ.' પછી તે પરમ બુદ્ધિમાન જહાંગીરે હર્ષથી છુપાવીને કૃત્રિમ ગુસ્સાથી આ પ્રમાણે કહ્યું કે આપ મારી આજ્ઞા નથી માની; તથા મથુરાદિ નિવાસ કરતા અમારા સઘળા અધિકારીઓ, સેનાપતિ, તથા સાર્વભૌમ યતિની આજ્ઞા આપે માની નથી, ધર્મપરાયણ એવા આપને માટે એ ઉચિત છે કે સંન્યાસીનું વચન માની, તુલસીની માળા આપ ધારણ ન કરો. ભગવાન શ્રીગોકુલપતિએ તો તે દેશપતિનું શ્લેષ વચન સાંભળીને તેના પર ક્રોધ ન કર્યો; પરંતુ કહ્યું કે બીજાના વચનથી, તમારા વચનથી કે દુષ્ટ સંન્યાસીના વચનથી ઉચિત વસ્તુ તો અમે જાતે જ સર્વ માનીશું, શ્રુતિસમૂહને; પુરાણસમૂહને; શ્રેષ્ઠ સ્મૃતિ અને આગમસમૂહને, શાસ્ત્રને, સંહિતાઓને, રામાયણ, ઈતિહાસ આદિ શ્રેષ્ઠ મુખ્ય સનાતન ધર્મના ગ્રંથોની દષ્ટિએ જે અત્યંત અનુચિત લાગે, તે તુલસીમાલાદિનો ત્યાગ તે અતિ દુષ્ટ સંન્યાસીના વચનથી અમે કેવી રીતે કરીએ ?

જે અમારો સર્વ શુભકારી સનાતન ધર્મ છે, તેનો ત્યાગ કેવી રીતે થાય ? કોઇએ પણ તેનો ત્યાગ કર્યો છે ? અત્યંત પતિવ્રતા પત્નીનો ત્યાગ કોઇ શા માટે કરે ? ચતુર્થ સંન્યસ્ત આશ્રમનો અંગીકાર કરતી વખતે સદા ધારણ કરવા યોગ્ય યજ્ઞોપવીતના ત્યાગનો ઉપદેશ શાસ્ત્રમાં કહ્યોં છે, પરંતુ તે તુલસીમાલાનો ત્યાગ કરવાનું કદી પણ કહ્યું નથી. પછી અમૃત પર

વિજય મેળવે તેવા શ્રીગોકુલપતિના શ્રીમુખના વચનામૃતોથી, કૃપારસના સમૂહથી ભરેલી કૃપાદષ્ટિથી અને મંદહાસ્યથી જેની યોગ્યતા વધી છે તેવો નિરંતર આશ્વાસન પામતો; ઘણીવાર અભિષેક કરાયેલો અને અત્યંત પ્રોત્સાહન પામતો, શ્રીગોકુલેશ મહાપ્રભુ દ્વારા લોકોમાં પોતાનો નિગૂઢ આશય સ્પષ્ટ કરવા માટે જેણે તેવી પ્રગલ્ભતા પ્રાપ્ત કરી છે, અને ક્રોધથી જેનું માથું નમી ગયું છે, એવો તે દેશાધિપતિ લજ્જાના ભારથી શ્રીગોકુલપતિને જોવામાં સમર્થ ન થયો અને સદ્‌બુદ્ધિમાન ને અંતરમાં ગૂઢ પ્રેમવાળા તેણે શ્રીગોકુલેશ પ્રભુને વિનંતી કરી કે જો વાત એમ છે, તો અમે મથુરામાં પ્રાર્થના કરી હતી ત્યારે સંન્યાસીનું ધર્મવાળું વચન અમે કદાપિ ઉલ્લંઘન નહિ કરીએ, તેવા અર્થવાળું વચન આપે શા માટે ત્વરિત લખી આપ્યું હતું ?

એ પ્રમાણેનું તે દેશપતિનું ગૂઢ વિનયી વચન સાંભળીને, તેના ગૂઢ આશયને હૃદયમાં ધારણ કરીને શ્રીગોકુલેશ પ્રભુ પ્રસન્ન થયા અને ભાવને ગ્રહણ કરનારા, કૃપાના સાગર, દોષોની ઉપેક્ષા કરનાર શ્રીગોકુલેશ પ્રભુએ જરા પણ ક્રોધ ન કર્યો. નિર્મર્યાદ અમૃતના સાગર વડે તે સઘળી સભાને અંતરમાં તેમજ બહાર આર્દ્ર કરતા. પ્રફુલ્લિત કમલ જેવા મનોહર નયનવાળા પ્રિય શ્રીગોકુલપતિએ જણાવ્યું. કે ત્યારે અમે એવું સમજેલા કે સંન્યાસી તો અમને હંમેશા સર્વ પ્રકારે વિવિધ પ્રકારનો ધર્મનો જ ઉપદેશ કરશે, તેથી તે સંન્યાસી તો ધર્મનો ઉપદેશ નથી આપતો, પરંતુ તુલસી-માલાદિના ધારણરૂપ ભગવદ્ ધર્મના ત્યાગરૂપ પાપનો જ સદા ઉપદેશ કરે છે. તેથી તે સંન્યાસીના અધર્મરૂપ વચનને અમે માન્યુ નથી.

શ્રુતિ, સ્મૃતિ, આગમ, સદાચાર, પુરાણ, ઈતિહાસરૂપ પ્રમાણને અનુકૂલ તેમાં ક્યાં લેશ પણ દોષ છે ? આ પ્રમાણે મ્લેચ્છપતિના વચનને તૃણના ચૂર્ણ જેવું માની શ્રીગોકુલેશ પ્રભુએ સિંહરાજ જેવી ગર્જના કરી ત્યારે હાથી, ઘોડા અને માનવરત્નના સ્વામી, સૂર્યથી પણ પ્રગલ્ભ તેજવાળા, ક્રૂર દંડદાતા, સમસ્ત ભૂમંડલના ઈન્દ્ર જેવા જહાંગીરથી ડરી રહેલા, જે બળ સંપત્તિ આદિથી તે દેશપતિના સમાન તેના પુત્રો, યવન સેનાપતિ, રાજા, રાજપુત્ર તથા તેવા તેના સેવકો, મોટા રાજા અને મોટા સેનાપતિ, તે તે દેશોના પતિ, સેનાસમૂહના સ્વામી શ્રેષ્ઠ મંત્રી, તે તે કાર્યના અધિકારીઓ અને હંમેશા સર્વત્ર તેની નિકટના કૃપાપાત્ર છે. તેઓ તથા અનેક પ્રકારની સેવા કરનારા, તેની પાસેથી પ્રાપ્ત કરેલી અનેક વિભૂતિવાળા, અને તે દેશપતિની સાથે એકાંતમાં વિરાજતી તેની પ્રાણપ્રિય નૂરમહલ તેનો ભાઈ અને તેના પિતા-તેઓ સઘળાં વિસ્મયરૂપ મહાસાગરના સમૂહમાં, બહાર ના નીકળી શકાય તેમ ડૂબવા લાગ્યાં.

તથા તેમનામાં વાત્સલ્યભાવ પ્રગટ થઈ રહ્યો. શ્રીમહાપ્રભુ દેશપતિ સાથે હઠ ન કરે અને મોટેથી ગર્જનાપૂર્વક ન બોલે તેમ કરવા તેમની ઈચ્છા થઈ. પરંતુ પ્રિય ભગવાન કરનારી અનેક પ્રકારની વાતો કરવા લાગ્યા, જે દ્વારા અત્યંત ગૂઢ ભાવવાળો મ્લેચ્છપતિ મનમાં ઘણો જ પ્રસન્ન થયો. નિમગ્ન થઈને શ્રીગોકુલપતિના એવા આદરભાવને પ્રાપ્ત કરી, પોતાના જન્મને સફળ માની, તેને શ્રીગોકુલેશ પ્રભુના ધર્મનો ઘણો આદર કર્યો, એ સમયે મૂર્ખ, અંતરનો દુષ્ટ, કુટિલ, પાપી તથા અસુર સંન્યાસીનો પક્ષપાતી સારંગદેવ નામના રાજાએ શ્રીગોકુલેશ પ્રભુ પ્રત્યે મ્લેચ્છપતિનો ક્રોધ વધારવાની ઈચ્છાથી શ્રીગોકુલપતિને કહ્યું કે મ્લેચ્છપતિની સાથે આવી હઠ કરવી ઉચિત નથી. આ સાંભળીને મહાસેનાપતિ ભક્ત આસફખાને તે પાપી સારંગદેવને ધમકાવતાં કહ્યું કે 'તે દુષ્ટ સંન્યાસીનો નાશ કરી, અત્યંત પ્રિય ધર્મની સ્થાપના કરી રહેલા પુરૂષશ્રેષ્ઠ શ્રીવિઠ્ઠલનંદન શ્રીગોકુલાધીશજીનો આ મ્લેચ્છપતિની સાથે અમૃત પર પણ વિજય મેળવે તેવો, ત્રણે જગતને પાવન કરનાર, સર્વ લોકોનું મંગલકરનાર, પરમ સુખદાયક, કલિયુગ સંબંધી પાપનો નાશ કરનાર મનોહર સંવાદ થઈ રહ્યો છે, તેમાં અત્યંત ક્ષુદ્ર એવા

તારામાં આ પ્રમાણે બોલવાની શી યોગ્યતા છે? તેથી હે અનર્થ, નીચ બુદ્ધિવાળા, દુષ્ટ લોકોની સંગતથી જેનાં સઘળાં મંગલ નષ્ટ થઇ ગયાં છે અને દુષ્ટની સંગતમાં જેનું અંતઃકરણ તત્પર છે, એવો દુષ્ટ પાપી તું આ સ્થાનની બહાર નીકળી જા'.

આ પ્રમાણે તે ભક્ત આસફખાને દુષ્ટ સારંગદેવને મોં પર ધૂળ નાંખી, પછી દૂર્દર્શી એવા તેણે પોતાના ઘરને પહેલા શોભાયમાન કરીને એટલે પોતાને ઘેર પધારીને કરુણાસિંધુ શ્રીગોકુલાધીશ પ્રભુએ યજ્ઞોપવિતથી તુલસીમાલાની જે શ્રેષ્ઠતા સ્થાપન કરી હતી, તે બધી મનોહર વાત યુક્તિથી તે મ્લેચ્છપતિને અને સભાસદોને અને ત્રણે લોકને પાવન કરવા માટે તરત કહી સંભળાવી અને એ પ્રસંગથી તેમ થયું, એટલે બધાં પાવન થયાં, પછી મ્લેચ્છપતિએ હાસ્ય સહિત પ્રભુને કહ્યું કે જો આપશ્રીનો તુલસીકાષ્ઠની માલામાં આવો પક્ષપાત છે, અને આપશ્રી તેનો ત્યાગ નથી કરતા, તો આ તુલસીકાષ્ટની માલા પ્રત્યેનો પક્ષપાત કાઢી નાખી તેવી પણ સુંદર સુવર્ણ, મણિ, મોતીની માલામાં આપ શા માટે પક્ષપાત નથી કરતા? ત્યારે પરમેશ્વર શ્રીગોકુલપતિએ સસ્મિત જહાંગીરને કહ્યું કે શ્રૃંગારના સમયમાં સુવર્ણ, મણિ, મોતીની માળામાં અમારો અત્યંત પક્ષપાત છે, અન્યત્ર નહિ, ધર્મને સિદ્ધ કરતી આ તુલસીકાષ્ઠની માળામાં સદૈવ મારો પક્ષપાત છે.

આ વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા તે યવન ચક્રવર્તીએ પોતાના મહાપ્રભુની ધર્મપરાયણતાને પ્રગટ કરી, શ્રીગોકુલપતિના યશને વધારવા માટે ફરીથી મિથ્યા આગ્રહ કરતાં, શ્રીગોકુલપતિને કહ્યું, 'ધર્મના સાધન માટે જો આપશ્રી તુલસીમાલાનો અત્યંત આદર કરો છો તો ધર્મના સાધન માટે રુદ્રાક્ષની માલાને આપ શા માટે ગ્રહણ કરતા નથી?' ત્યારે ભગવાન શ્રીગોકુલેશે તેને કહ્યું કે ભગવદ્ ધર્મમાં પ્રીતિવાળા, ભગવદ્ ધર્મ સર્વ પ્રકારે પ્રવૃત્ત કરનાર, વૈષ્ણવમાર્ગ પરાયણ અમારે માટે તથા તે વૈષ્ણવમાર્ગની ઈચ્છા કરી રહેલા વૈષ્ણવોને માટે તે રુદ્રાક્ષની માળા ધારણ કરવી ઉચિત નથી. તે રુદ્રાક્ષ તો મહાદેવનું વ્રત ધારણ કરનાર, તેમના અનુયાયીઓ, અને તે તે ક્ષુદ્ર ફળની વાંચ્છના કરનારાઓ માટે ઉચિત છે. તેનો મહિમા કહેવાને અમે સમર્થ નથી. તે બાબત પૂછનારને અમે શ્રીભાગવત અને મહાભારતનો સિદ્ધાંત કહીશું કે 'જે મહાદેવનું વ્રત ધારણ કરે છે, જે તેમના દર્શનને અનુકૂળ વિચારવાળા છે, તે શ્રેષ્ઠ ભગવદ્ શાસ્ત્રથી વિમુખ થાય છે. આ પ્રકારનું સ્પષ્ટ અર્થવાળું વાક્ય છે. '

મારે મન તું એકલો, તારે મન સો લક્ષ ।

બાપીડો પીયુ પીયુ કરે, મેઘ ન જાણે દુઃખ ।।

જીતે કિત્તમહુતરે, સજ્જન ચિત ચઢીયાંજી ।

ચિત્ત મહુત ગયંદ જ્યોં બહોરિ ન ઉતરીયાંજી ।।

શ્રીગોકુલેશ કૃપા તે હોવઇ, નાગર વલ્લભ કુંત ।

સ્નેહપથ નિજ ભક્તકો, સો સેવા વાચ્છલ્યવંત ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો સપ્તાદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ અષ્ટાદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૮

પાદશાહનો માલા-તિલક ત્યાગનો હઠાગ્રહ

આ પ્રમાણે શ્રીગોકુલેશ પ્રભુનું શ્લેષવાળું વચન સાંભળીને તે ભક્તશ્રેષ્ઠ દેશપતિએ શ્રીપ્રાણનાથજીના ધૈર્યને સ્પષ્ટ કરવા માટે વિનંતી કરી કે વિશેષ આગ્રહથી શું? આપ માનયોગ્ય તે સંન્યાસીના વચનથી અથવા અત્યારના અમારા વચનથી, તુલસીમાલાનો ત્યાર કરો. તેના એવા તાત્પર્યને સમજીને, મંદહાસ્યથી પ્રફુલ્લિત શ્રીમુખારવિંદવાળા પ્રિય શ્રીગોકુલેશ પ્રભુએ મેઘ જેવી ગંભીર વાણીથી તે દેશપતિને કહ્યું કે ભગવાનને પ્રસન્ન કરવાની બુદ્ધિથી, વિવિધ પ્રકારની ધર્મબુદ્ધિથી, અનેક પ્રકારના ફલને સિદ્ધ કરવાની તુલસીકાષ્ઠની માલા ધારણ કરે છે, તે લોકો પણ મહાન અને ક્ષુદ્ર એવી અન્ય વ્યક્તિના કહેવાથી તુલસીની માલાનો ત્યાગ કરે છે ખરા? જેઓ ધીરજવાળા છે તેઓ મહાન વિપત્તિમાં પણ તુલસીમાલાનો ત્યાગ નથી કરતા. જે ત્યાગ કરે છે, તે તો અગમનિગમ, પુરાણ, ઈતિહાસ, શ્રેષ્ઠ સંહિતા રૂપ અસંખ્ય શાસ્ત્રોને ન ગણકારી, પાપ સહિત વિશ્રામ કરે છે. જે પરમ ધીરજવાળા છે, તે તો પ્રાણ, ધન, સુખ, સ્ત્રી-પુત્રાદિ અને ઘરની અત્યંત પ્રિય વસ્તુઓનો ધર્મની રક્ષાને માટે ત્યાર કરે છે.

ધર્મને અર્થે કર્ણે ચામડીનો એટલે કે ચામડી સાથે જડેલાં કવચ-કુંડલનો, શિબિરાજાએ પોતાના માંસનો જિમ્તવાહને પોતાના જીવનનો અને દધિચિએ પોતાનાં અસ્થિનો ત્યાગ કર્યો. તેથી જે ધર્મની અભિલાષાવાળા છે, તેમને માટે અત્યાજય શું છે? તેઓ શું ત્યાગ નથી કરતાં? જિમ્તવાહન સર્પભક્ષી ગરૂડથી કોઈ એક નાગની દયાથી રક્ષા કરતાં તે ગરૂડના ભક્ષરૂપ પોતાને બનાવીને, તે નાગને દૂર કરીને, પોતે ત્યાં રહ્યો, જ્યાં આવીને ગરૂડ નાગના ભ્રમથી જીમ્તવાહનનું ભક્ષણ કરતાં અટકી ગયો. ત્યારે ગરૂડને તે પ્રમાણે અટકેલો જોતાં જીમ્તવાહને કહ્યું, 'હજું તો મારી નાડીમાં લોહી વહી રહ્યું છે, હજું મારા દેહમાં માંસ છે. હું જોઉં છું કે તમારી તૃપ્તિ હજું થઈ નથી; તેથી હે ગરૂડરાજ! મારું ભક્ષણ કરતાં તમે કેમ અટક્યાં?' એ વચન સાંભળીને, અત્યંત પશ્ચાતાપ કરતા તે ગરૂડે સ્વર્ગમાં જઈ, ત્યાંથી અમૃત લાવીને તેના પર સિંચન કરી, તે જીમ્તવાહનને પીડા મુક્ત કર્યો. સુંદર, સુખી જીમ્તવાહનને પ્રણામ કરી તે ગરૂડ જેવો આવ્યો હતો તેવો જ ચાલ્યો ગયો. રંતિદેવ નામના રાજાનો યશ આ લોકમાં બધા જ ગાય છે, મુસીબતમાં આવેલા પણ ધીરજવાન, અત્યંત નિર્ધનને દુઃખી થતાં કુટુંબને ધન આપતાં આપતાં તેને ભૂખ્યા રહેવું પડ્યું.

આમ કરતાં અડતાલીસ દિવસ પસાર થયા. ત્યારે જેનું કુટુંબ કષ્ટ પામ્યું છે, જેનામાં સુધા-તૃષાથી કંપ પ્રગટ થયો છે એવો તેને પ્રાતઃકાળે કંઈક ઘી-ખીર ભગવદ્ ઈચ્છાથી પ્રાપ્ત થયાં; ત્યારે તેની પાસે એક અતિથી બ્રાહ્મણ ભોજનની ઈચ્છાથી આવ્યો. તે રૂતિદેવ રાજા સર્વત્ર પ્રભુનાં દર્શન કરતો, શ્રદ્ધાન્વિત હૃદયે અન્નથી તેનો આદર કર્યો. બ્રાહ્મણ ભોજન કરી ચાલ્યો ગયો, પછી ભોજનની ઈચ્છાવાળા તે રાજા પાસે એક ક્ષુદ્ર આવ્યો. તેમાં શ્રીહરિનું સ્મરણ કરી, તે ક્ષુદ્રને પણ અન્ન આપ્યું. તે ક્ષુદ્રના ગયા પછી, બીજો એક અતિથી ઘણાં કૂતરાંની સાથે ત્યાં આવીને કહેવા લાગ્યો કે હે રાજા! આ કૂતરાંના ગણ સાથે હું ભૂખ્યો છું; મને અન્નનું દાન કરો. ત્યારે તે રાજાએ ઘણા માનપૂર્વક આદર દઈ, બાકી રહેલું અન્ન તેને આપીને, તે કૂતરાંને તથા તેમના સ્વામીને તે રાજાએ પ્રણામ કર્યા.

જ્યારે એકજ માણસને તૃપ્ત કરી શકે તેટલું જ પાણી વધ્યું અને જ્યારે તે પીતો હતો, ત્યારે એક ચાંડાલે આવીને કહ્યું કે હું અત્યંત નીચ છું, મને જલ આપો. તેની તે કરૂણ વાણી સાંભળીને તે મોટો ગૃહસ્થી રાજા કૃપાથી અત્યંત સંતપ્ત થયો, અને આવી અમૃતવાણી બોલ્યો કે ઈશ્વર પાસેથી હું આઠ સિદ્ધિવાળી પરમ ગતિની ઈચ્છા રાખતો નથી અને મુક્તિની પણ વાંછના કરતો નથી. પરંતુ સઘળા દેહધારીઓના લોકોના હૃદયમાં રહીને, તેમની પીડાને પ્રાપ્ત કરૂ, જેથી તેઓ દુઃખ રહિત બને; જીવનરૂપ આ જળ જે મેં આપ્યું છે, તેથી જીવનની અભિલાષાવાળા તે દીન જીવોની ક્ષુધા, તૃષા, શ્રમથી થયેલો અંગોનો થાક, દીનતા, વ્યાકુળતા, વિશાદ, મોહ આ સઘળાં દુઃખ નિવૃત્ત થાઓ. આ પ્રમાણે કહીને સ્વયં તૃષાને કારણે મરણ પામતા તે સ્વભાવતઃ દયાળું રાજાએ તે ચાંડાલને પાણી આપ્યું. તે વખતે ફળની અભિલાષાવાળાને ફળ આપતા અને વિષ્ણુની માયાથી નિર્મિત એવા ત્રિભુવનના અધીરા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે ત્યાં આવીને પોતાના સ્વરૂપનાં દર્શન તે રાજાને કરાવ્યાં; ત્યારે અનાસક્ત અને અભિલાષા રહિત તે રાજાએ ત્રણે દેવોને પ્રણામ કરી, વાસુદેવ ભગવાનને, ભક્તિપૂર્વક વિશેષ પ્રણામ કર્યા.

આ પ્રમાણે રંતિદેવના પ્રસંગને કહીને શ્રીગોકુલેશ પ્રભુએ કહ્યું અમે અન્ય કોઇ કારણથી તુલસીમાલા નથી પહેરી, પરંતુ અમારા સ્વભાવથી જ પહેરી છે. તેથી તેનો કદી પણ ત્યાગ નહીં કરીએ. જો સૂર્ય અસ્તાચલથી ઉગે અને ઉદયાચલમાં અસ્ત થાય, જો સમુદ્ર સ્થળ બની જાય અને સ્થળ સમુદ્ર બની જાય, જો પર્વત ધૂળનો કણ બની જાય અને ધૂળનો કણ પર્વત બની જાય અને સૂર્ય ચંદ્ર થઇ જાય, લીમડો કલ્પવૃક્ષ થઇ જાય અને કલ્પવૃક્ષ લીમડો થઇ જાય, કામધેનુ બકરી થઇ જાય અને બકરી કામધેનુ થઇ જાય, સુંદર મણિ પત્થરનો ટુકડો થઇ જાય અને પત્થરનો ટુકડો મણિ થઇ જાય, આકાશ ભૂમિ પર પડી જાય અને સુમેરૂ પર્વત પરમાણુ બની જાય, તો પણ અમે તુલસીમાલાનો ત્યાગ કરીશું નહિ. આ પ્રમાણે મૃગરાજની ગર્જના જેવું શ્રીગોકુલેશ મહાપ્રભુનું વચન સાંભળી, ઘણો જ થોડો અપરાધ કરવાવાળાને અત્યંત ક્રૂર દંડ કરવાવાળો, ક્રૂર સંન્યાસીનો પક્ષપાતી મ્લેચ્છ ચક્રવર્તી જહાંગીર આ શ્રીગોકુલપતિને કંઇક કડવું દુર્વચન કહેશે, મોટી સેનાને હુકમ આપશે, કંઇક અનિષ્ઠ કરશે, એવું વિચારતી આખી સભા ભયથી કંપવા લાગી.

શ્રીમહાપ્રભુના જે ભક્તો સભાની અંદર અને સભાની બહાર હતા, જેમનામાં શ્રીગોકુલેશ પ્રભુનો અસાધારણ સુંદર મહિમા છુપાઇ ગયો હતો, તે સઘળા અત્યંત ડરવા લાગ્યા. પરંતુ હરિદાસે તો તે તે ઉચિત વાત કહીને તે ભક્ોતના હૃદયનું સમાધાન કર્યું. તો પણ જેમનાં વાણી અને કાર્ય અટકી ગયાં છે એવા તેઓ સઘળાં ચિત્રમાં ચીતર્યા હોય તેવા પૂતળાની જેમ બેસી રહ્યાં. તે મ્લેચ્છ ચક્રવર્તી તો શ્રીગોકુલેશ પ્રભુના ક્ષીરસમુદ્રરૂપ શ્રીમુખથી પ્રગટેલાં વચનો રૂપ અમૃતથી જાણે ન્હાયો હોય. રોહણપર્વતથી પ્રગટેલાં સુંદર રત્નોથી અલંકૃત થયો હોય, કલ્પવૃક્ષનાં પુષ્પોથી અત્યંત સુવાસિત થયો હોય, કામધેનુના દૂધથી પુષ્ટ થયો હોય, હાથીના ગંડસ્થળમાંથી પ્રગટેલાં મોતીથી શોભાયમાન થયો હોય, ગંગાના જળથી પવિત્ર થયો હોય, ઉધ્યાચલથી ઉદિત થઇ રહેલા સૂર્યનાં કિરણોથી પ્રકાશિત થયો હોય. તેવો તે સમ્રાટ અત્યંત હર્ષ પામ્યો અને રોમાંચિત થયો. તેમ છતાં આ પ્રમાને તે સમ્રાટે વિચાર્યું, 'આ અત્યંત કોમલ, ઋજુ, સર્વ લોકોનું કલ્યાણ કરનાર, શરણાગત માત્ર જીવનું હિત કરવામાં અત્યંત આસક્ત મનવાળા, પોતાનું હિત વિચારવાનું દૂર કરી, પરહિત કરવામાં તત્પર હૃદયવાળા, અત્યંત સુંદર, ગુણસાગર, સર્વનો આધાર.

મને આ પ્રમાણે જીતીને, અહીંથી જઇને તુલસીમાલા, ઉર્ધ્વપુંડ્ર, તિલકાદિથી શોભાયમાન લાગતા, પોતાના દાસ, સેવક-સમૂહની સાથે પોતાના નિજધામ શ્રીગોકુલમાં બિરાજમાન થશે, ત્યારે હું ઘણો જ દૂર હોવાથી, તે દુરાચારી, શઠ, નીચ,

પાપી, કાર્યાકાર્યના વિચારથી રહિત એવો તે સંન્યાસી સ્વાર્થવશતાને કારણે, વામમાર્ગથી સિદ્ધ કરેલા તુચ્છ મંત્ર, દેવતા, રાક્ષસ, પિશાચ, અને ભૂતથી, મારા ગૂઢ આશયને ન જાણતા મારા અધિકારીઓ, સેનાપતિઓ, અને અત્યંત દુષ્ટ એવા મથુરાવાસીઓ શ્રીગોકુલેશ પ્રભુનો કંઈક અપકાર કરી બેસે તો તે અપકાર મને તેમ જ શ્રીગોકુલેશ પ્રભુના સેવક-સમૂહને પોતાના મૃત્યુથી પણ અધિક દુ:ખી કરશે, તેથી શ્રીગોકુલપતિએ આ દુષ્ટ સંન્યાસીથી કંઈક દૂર બિરાજવું એ યોગ્ય છે. જ્યારે મારું આગમન ત્યાં થશે ત્યારે તે સંન્યાસીની તથઅ મારા અધિકારી લોકોની દુષ્ટતાની નિવારી શ્રીગોકુલેશ પ્રભુના ભક્તિભારથી નિર્ભય તઈ રહેલો હું તે તે કાર્યને લગતા પરમ વિચારવાળા મારા ચતુર અધિકારીઓ દ્વારા શ્રીગોકુલપતિને બોલાવી આદરપૂર્વક ફરી નિવાસ કરાવીશ, આ પ્રમાણે વારંવાર વિચારીને તે મ્લેચ્છાધીશે અત્યંત દુષ્ટ સંન્યાસીના દઢ પક્ષપાતથી ઉછળી રહેલા મિથ્યા ક્રોધથી શ્રીગોકુલેશ પ્રભુને ગોકુલનો ત્યાગ કરાવવાની ઈચ્છા કરી.

તથા શ્રીગોકુલરાજ પરમેશ્વરના પરમ અનુભવવાળા તે તે ભક્તોથી ડરીને, શ્રીગોકુલેશ પ્રભુને દેખવામાં પણ સમર્થ ન હોવાથી, માથું નમાવી લજ્જાના ભારથી જાણે ભૂમિમાં પ્રવેશ કરવાની ઈચ્છા કરતો, આવા આવા વિચાર કરતો મનથી કોઇ નિશ્ચય ન કરી શક્યો, તેમ કરવામાં કંઇ સમર્થ ન થયો. પ્રિય શ્રીગોકુલાધીશને તે અત્યંત તુચ્છ દેશપતિ ઉત્તર આપવામાં કેવી રીતે સમર્થ હોઇ શકે? સરસ્વતી પણ તે તુચ્છ મ્લેચ્છાધીશના મુખમાંથી શ્રીગોકુલેશ પ્રભુને શ્રીગોકુલનો ત્યાગ કરવાનું વચન કહેવામાં ઘણું જ ડરી રહી હતી, ત્યારે તેવા સુંદર સમયે કૃપાશક્તિ એકાંતમાં આવીને, શ્રીગોકુલેશ પ્રભુને પ્રણામ કરીને સ્મરણ કરાવવા લાગીકે શ્રીમદ્ ગોકુલમાં પ્રિય શ્રીયમુનાજીની પ્રાર્થના સાંભળીને, શ્રીયમુનાજીને એવું કહ્યું હતું કે કાશ્મીરથી શ્રીગોકુલમાં આવીને, શ્રીગંગાજીના તીર પર નિવાસ કરીને, શ્રીગંગાજીનો મનોરથ હું પૂર્ણ કરીશ.

આ પ્રમાણે સ્મરણ કરાવીને તથા હાથ જોડીને શ્રીગોકુલેશ પ્રભુની આગળ નિવેદન કરવા લાગી કે હે પ્રાણનાથજી, આ ભક્ત દેશપતિ આપશ્રીમાં ક્ષણે ક્ષણે વધી રહેલા વાત્સલ્યથી, માહાત્મ્યજ્ઞાન રહિત થઈ, આ દુષ્ટ સંન્યાસીથી આપના અનિષ્ટની શંકા કરી, થોડોક સમય શ્રીગોકુલનો ત્યાગ કરાવી, આ દુષ્ટ સંન્યાસીથી દુર આપ વસો એમ ઈચ્છે છે. તેમાં આપશ્રીથી તથા આપના ભક્તોથી અત્યંત ડરીને તેવી વિનંતી કરવામાં સમર્થ નથી. તેથી હે મહાપ્રભુ! તેની વિનંતી આપ સાંભળો અને માનો. અહીંથી શીઘ્ર આપના ઘરે પધારી, ગંગાજીના તીર પર નિવાસ કરીને તેના મનોરથને આપ પૂર્ણ કરો. હે મહાપ્રભુ! આટલાથી જ આપશ્રી આ પ્રમાણે વૈષ્ણવ ધર્મનો આદર કરશો, તો તેનો મહિમા અત્યંત પ્રસિદ્ધ થઈ જશે, કે અત્યંત પ્રિય શ્રીગોકુલેશ પ્રભુ ધર્મની રક્ષા માટે અત્યંત પ્રિય પોતાના ઘરને, ઘર સંબંધી અમિત અને બ્રહ્માશિવાદિકને પણ દુર્લભ છે એવી વિભૂતિનો ત્યાગ કર્યો છે, અને જે દુષ્ટનો ત્યાગ કરી આપશ્રી ગંગાના કિનારા પર બિરાજશો, તેથી સઘળા બુદ્ધિમાન પુરુષો હવે તે દુષ્ટના સંગથી ડરશે.

પુષ્ટ પુષ્ટ અરૂ પુષ્ટકો, માર્ગ સો નાગરદાસ ।

જો સ્નેહમાર્ગ ભક્તનકો, વાચ્છલ્ય સેવા પાસ ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો અષ્ટાદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ નવદશમો શરૂ થાય છે ।।

તરંગ ૧૯

શ્રીગોકુલેશ પ્રભુનું શ્રીમદ્ ગોકુલ ત્યાગ

આવી આપશ્રીના અનન્ય ભક્તોનું નિવેદન સાંભળતાં પ્રિય શ્રીગોકુલપતિ મંદહાસ્ય કરવા લાગ્યા. આપશ્રીના અન્ય સાથે આવેલ અનન્ય ભક્તો તરફ દૃષ્ટિ કરી, અને કૃપાકટાક્ષથી બળ વ્યાપ્ત થયું, અને સર્વ ભક્તોએ આપશ્રીને દંડવત્ પ્રણામ કર્યા. અત્યંત ડરી રહેલા તે દેશપતિના વાત્સલ્યથી મળેલા સુખથી મિથ્યા ક્રોધ કરી ઉછળતી તે વાણીને પ્રવૃત્ત કરવા લાગી, કે જો આપ તુલસીની માલાનો ત્યાગ ન કરો તો આપ અમારી વિનંતીને માની, તે સંન્યાસીના નિવાસની સમીપ રહેલા આપના શ્રીગોકુલ ગામને છોડીને, અન્ય કોઇ સ્થળે બિરાજો. આ પ્રમાણે પોતાના શ્રીમુખમાંથી નીકળેલી વાણીને વિચારીને તે દેશપતિ લજ્જાના ભારથી નમી રહેલા પોતાના શિરને ઘણા યત્નથી ધારણ કરવા લાગ્યો ત્યારે ભગવાન શ્રીગોકુલેશજીએ મંદહાસ્ય કરતાં કહ્યું કે અમે ઘરમાં કે ગામમાં કે વિભૂતિ ઐશ્વર્યમાં અન્ય જેવાં આસક્ત નથી. એક અમારા શુભ ધર્મમાં જ આસક્ત છીએ.

તેનો તો કોઇના વચનથી ત્યાગ નહીં કરીએ, ગામ, ઘર, સંપદાદિનો અમે અત્યંત આગ્રહ નથી કરતા. ગામ, ઘર, સંપદાદિ સ્વયં આવે તો આવે, ને જાય તો જાય; પરંતુ એક ધર્મ ન જાય, જેના જવાથી સર્વસ્વ નષ્ટ થઇ જાય છે. જેના રહેવાથી સર્વસ્વ સ્થિર રહે છે. આ ધર્મ જ અમને અત્યંત પ્રિય છે. જો તમે આ સંન્યાસીને અનુકૂળ થઇને કે કોઇ અન્ય હેતુથી અમારા ગોકુલત્યાગની પ્રાર્થના કરો છો, તેનો અમે સ્વીકાર કરીએ છીએ.ધર્મની સ્થિતિરૂપ અમૃતના સમૂહમાં સદા નિમગ્ન રહીએ છીએ. જે લોકો ધર્મપરાયણ છે, તેમને ગામ, ઘર, સંપદાદિનો ત્યાગ લેશ માત્ર પણ પીડા દેતો નથી. આપદ્ સમયમાં ધૈર્ય રાખીને ચતુરતાથી જે નિરંતર ધર્મની રક્ષા કરે છે, તે જ અત્યંત પ્રસન્ન થઇને પોતાના રક્ષકજનનો ગામ, ઘર, સંપદાદિનો મનોરથ પૂર્ણ કરે છે; અને એટલાથી જ તે અટકતો નથી. પરંતુ સર્વોપરિ બિરાજમાન જેની શ્રીચરણરજ છે, એવા ભગવાનને નિરંતર પ્રયત્ન કરે છે. ભગવાન પ્રસન્ન થવાથી એવું પરમ સુખ થાય છે કે જે ન હોવાથી બધું સુખ ક્યાં છે? જે હોવાથી સઘળું સુખ સ્વયં આવે છે, વધે છે.

શ્રીગોકુલના વૈભવત્યાગના સ્વીકારમાં, જેમનું હાસ્ય ચંદ્ર જેવું મહા ઉજ્જવલ, આનંદદાયક છે, એવા કહી રહેલા વીરાધિવીર શ્રીગોકપતિના વિજયથી જેણે લજ્જા પ્રાપ્ત કરી છે અને જેનું માથું નમી રહ્યું છે, તેવો તે સમ્રાટ કશું પણ કહેવા અસમર્થ બન્યો અને ઉદાસીન થઇ, અત્યંત વિનયશીલતા, ગંભીરતા, સ્થિરતા, ધર્મ તત્પરતા સ્મિત, નયનવિલાસ, કુંડલોની ચમત્કૃતિ ભૂવિલાસ, તેજ પ્રભાવ, ભાગ્યોજ્જવલતા, ક્ષમા તથા પુરુષોત્તમ સમૂહ પર મેળવેલા વિજયથી અને પોતાના તેવા સ્વરૂપ દ્વારા સઘળા જીવોના નયન અને મનને વશ કરી રહેલા એ સ્વરૂપના અત્યંત મનોહર સૌંદર્ય દ્વારા ઉલ્લસિત થઇ રહેલા વાત્સલ્યસમુદ્રમાં ડૂબી ગયો; અને તેમાં કેટલોક સમય તો ચિત્રમાં આલેખી હોય તેવી નિશ્ચેષ્ટ અવસ્થાને પ્રાપ્ત થયો. અહો, આ ધૈર્ય, આશીલ, આવું મનોહર રૂપ, આ ગંભીરતા, આ ક્ષમા, આ કૃપા, એવી ઓજસ્વિતા, આ નિર્મલ સુંદરતા, આ ઉદારતા, આ નિર્લોભ, આવો જ્ઞાનનો મહિમા (આવું જ્ઞાન અને મહિમા), ધર્મનું આવું પાંડિત્ય, ઉત્કૃષ્ટતા (બળ) આવું કોઇએ દેખ્યું છે કે સાંભળ્યું છે? આવું અસીમ અને અન્યાન્ય ઘણું પ્રિય શ્રીગોકુલેશ પ્રભુમાં વિહાર કરી શોભી રહ્યું છે. આ પ્રકારના વિસ્મયરૂપ

સમુદ્રથી તે દેશપતિએ એ સ્વરૂપ સાથે દઢ આલિંગન પ્રાપ્ત કર્યું. પછી તે દુષ્ટ સંન્યાસીના ભયથી, તે દેશપતિ એ જે ભાવ છુપાવ્યા હતો, તે તૃણસમૂહથી છવાયેલો અગ્નિ જેવો હતો.

તેથી તેવા અગ્નિની જેમ બળપૂર્વક પ્રગટ થઇને પોતાના માધુર્યથી પ્રભુને વશ કરીને, તે ભાવે દેશપતિને આપ કહેવા પ્રેર્યો: 'આપ ક્યાં રહેશો ?' ત્યારે શ્રીમહાપ્રભુએ જણાવ્યું કે હું મારા પ્રદેશમાં જ રહીશ. આ સાંભળીને શ્રીગોકુલેશ પ્રભુના પોતાના પ્રદેશ અડેલમાં પધારવામાં રહેલી મોટી મુશ્કેલીનો વિચાર કરી, તે દેશપતિએ કહ્યું કે તે પ્રદેશ તો ઘણો દૂર છે. ત્યાં આપને પધારવું ઉચિત નથી. તેથી અન્ય કોઇ વાંછિત સ્થાનની પસંદગી કરો. ત્યારે તે દેશપતિના પ્રેમથી વિવશ થઇને શ્રીગોકુલેશ પ્રભુએ કહ્યું કે શુભભાગ્યવાળા તમે કહેશો ત્યાં અમે બિરાજીશું, આ સાંભળી તે ભક્ત મ્લેચ્છ સાર્વભૌમે પ્રેમસહિત કહ્યું કે તે તો હું નહીં કહું. આ સાંભળી અત્યંત પ્રેમવાળા શ્રીમહાપ્રભુએ પોતાના મંદહાસ્યરૂપ હીરાથી શ્રીમુખકમલને શોભાયમાન કરતા કહ્યું કે જો આમ છે, તો હું પણ તમને નહિં કહું. ત્યારે જેનામાં ભક્તિ ઉચ્છલિત થઇ રહી છે, એવા તે દેશપતિએ શ્રીગોકુલેશ પતિની વિનંતી કરી કે આપશ્રી પધારીને તે પુરુષોત્તમનું કયું સ્થળ અલંકૃત કરશો ?

ત્યારે શ્રીગોકુલેશ પ્રભુએ જણાવ્યું કે જો તમે ત્યાં કહેશો તો ત્યાં એટલે જ જગન્નાથપુરીમાં વસીશું. આ સાંભળી બુદ્ધિમાન દેશપતિ શ્રીગોકુલેશની જગન્નાથપુરીમાં પધારવામાં રહેલી મોટી મુશ્કેલીનો વિચાર કરી ફરી કહ્યું કે કાશીમાં નિવાસ કરશો ? આ સાંભળી ભક્તવશ શ્રીગોકુલેશ પ્રભુએ તો એકાએક સ્વયં સ્વીકાર કર્યો. ત્યારપછી અસાધારણ ભાગ્યસમૂહને કારણે જે શ્રીગોકુલેશ મહાપ્રભુના દર્શનદાન, સંવાદાદિ દાનરૂપ જે કૃપામૃતની વર્ષા પ્રાપ્ત થઇ, તેનો હવે અંત આવશે, એમ વિચારી તે દેશપતિએ વ્યાકુળતાથી પરાકાષ્ઠા પ્રાપ્ત કરી બહુ વ્યાકુળ બન્યો તેમના વિયોગનો સમય ગુજારવા માટે શ્રીગોકુલપતિના શ્રીહસ્તકમલમાંથી પ્રગટેલા, મહાસુંદર શ્રીગોકુલેશ પ્રભુના સ્વરૂપાત્મક શ્રીઅક્ષરથી શોભાયમાન પત્રનાં દર્શન અને સ્પર્શ કરવાં, તે પત્રને મસ્તક પર ધારણ કરવો, ઘણા જ માનપૂર્વક પોતાના ઘરમાં પધરાવો હૃદય પર ધારણ કરવો, હાથમાં લેવો, વાંચવો, તેને નમન કરવું, તેની સેવા કરવી, તેને સમીપ રાખવો, તેનો આદર કરવો, તેનું દાસ્ય કરવું-વગેરે ઉપાય છે.

પણ તેવો પત્ર ન જોતાં, ગૂઢ પ્રેમ અને વિરહથી સભર તે ભક્તશ્રેષ્ઠ દેશપતિ જાણે મિથ્યા અવિશ્વાસથી કહેવા લાગ્યો કે જો આપશ્રી શ્રીગોકુલ છોડી કાશીમાં રહેશો, તો તેવો પત્ર લખીને આપ અમને આપો, જે જોઇને કરવા યોગ્ય આગળનું સઘળું કાર્ય અમે વેગથી કરીશું. આ પ્રમાણે તે ભક્તનું ભક્તિથી સભર વચન સાંભળી, તેના ગૂઢ ભાવને જાણનારા શ્રીગોકુલેશ પ્રભુ તે દેશપતિ પ્રત્યે ઉચ્છલિત થઇ રહેલા મહાનુગ્રહના ભારથી વિકલ થઇને ઊભા થયા અને લખવા અસમર્થ થઇ ગયા. તેથી કૃપાસમૂહથી શ્રીમુખથી એમ જ કહ્યું, કે હું ઊભો છું માટે લખી શકીશ નહિ ત્યારે એ સાંભળી જેને અત્યંત હર્ષ થયો છે એવો તે ભક્તવર દેશપતિ પોતાના મનમાં ઘણીવાર પ્રણામ કરી. પ્રાણપતિની આગળ વિજ્ઞાપના કરવા લાગ્યો કે આપશ્રી મનોહર આસન પર બિરાજમાન થઇને ઇચ્છાપૂર્વક ધીરે ધીરે લખો. આ સાંભળી પ્રિય શ્રીગોકુલપતિ ત્યાં પધારીને સ્થાનને અત્યંત શોભાયમાન કરવા લાગ્યા. ત્યાં તે દેશપતિએ આદરપૂર્વક મોકલેલો દીપસેવાધિકારી રૂપાના દીપશાખાવાળા દંડદીપકને લાવીને શ્રીગોકુલેશ પ્રભુની સેવા કરવા લાગ્યો, ત્યારે શ્રીગોકુલેશ પ્રભુએ તે દીપકના પ્રકાશમાં આ પ્રકારના અર્થવાળો પત્ર લખ્યો કે સ્વધર્મમાં દઢ એવા અમે ગોકુલનો ત્યાગ કરી કાશીમાં નિવાસ કરીશું.

આ પ્રકારના અર્થવાળો પત્ર જોઈને આ દેશપતિએ વિસ્મય, પ્રેમ, હર્ષ, ઉત્સાહ, લજ્જા, તાપ, ભય, ચિન્તા, પશ્ચાત્તાપ અને ખેદવિશેષવાળી અવસ્થા પ્રાપ્ત કરી. તથા વિસ્મયના ભારથી વ્યાકુળ થયેલા તે સમ્રાટ કહ્યું કે શ્રીગોકુલત્યાગના અર્થવાળો પત્ર આપે સ્વયં કેવી રીતે લખ્યો ? મને તો દુષ્ટ લોકોએ પહેલાં કહ્યું હતું કે શ્રીગોકુલનાથજી સઘળી સંપત્તિના સ્થાન રૂપ પોતાના શ્રીગોકુલનો કદી પણ ત્યાગ નહી કરે. તેમાં વળી કેટલીક કોડીમાં મળતી તુલસીમાલાને માટે જ પોતાની તેવી સંપત્તિવાળા શ્રીગોકુલનો ત્યાગ કરી, કાશીને પોતાના નિવાસથાન તરીકે સ્વીકારી, આપે તો તે દુષ્ટોના તે વચનને વિનાયત્ને જ એકદમ મિથ્યા કરી દીધું છે. ન જાને આ ધર્મે તો સર્વથી વિશેષ એવો કોઈક ધર્મ પ્રગટ કર્યો છે, જેથી આ ધર્મમાં પ્રિય શ્રીગોકુલેશ પ્રભુ અત્યંત પ્રસન્ન રહ્યાં છે. આ પ્રમાણે અપાર ગંભીર વિસ્મય રૂપ મહાસમુદ્રમાં નિમગ્ન થઈ રહેલા અને તેમાંથી વારંવાર ઘણા યત્નથી નીકળી રહેલા તે દેશપતિને કૃતાર્થ કરી. ભક્તજનોથી જેમનો ઉદાર યશ ગવાયો છે, એવા શ્રીગોકુલેશ પ્રભુ પોતાના નિવાસસ્થાને પધાર્યા.

વાચ્છલ્ય સેવા મોક્ષસો, સ્નેહ મારગ કો સત્વ ।

પુષ્ટ પુષ્ટ અરૂ પુષ્ટકો, કૃપાભક્તભાવ સો તત્ત્વ ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો નવદશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ વિસમો શરૂ થાય છે ।।

તરંગ ૨૦

પાદશાહનું મન વ્યાકુલ

બીજી બાજુ, પ્રિય શ્રીગોકુલેશ પ્રભુના વિયોગથી પોતાના મનમાં અત્યંત ક્લેશ પામતા ભક્તવર દેશપતિએ પોતાના અંતઃપુરમાં આવી, પોતાની પટરાણીઓમાં શ્રેષ્ઠ એવી નૂરમહલ નામની પોતાની પ્રિયાને કહ્યું કે અરે, તમે નયનોથી શ્રીગોકુલેશ પ્રભુનાં દર્શન કર્યા છે ? કે જે શ્રીગોકુલેશ પ્રભુ સૌંદર્યના પ્રભાવ, શોભા, શક્તિ, પરાક્રમ, તેજ, ગુણ, યશ, ઉજ્જવલતા, પવિત્રતા, શ્રેષ્ઠ ધર્મ, ધૈર્ય આચાર, ગૌરવ, મહિમા, લક્ષ્મી, વિદ્યા, પ્રગલ્ભતા, ઉત્સાહ, વીરરસ, ઊર્જિતતા, નીતિ, વિનય, મધુરતા, કરુણા, ક્ષમા અને તેવા બીજા તે તે ગુણોના અને નિર્લોભતાના પરમ નિધાન છે. સર્વને પ્રિય છે, સર્વ જીવોનો ઉદ્ધાર કરનારા છે. **વૈકુંઠ પણ જેની ચરણરજને વંદન કરે છે એવા શ્રીગોકુલેશજીએ સઘળી સંપત્તિવાળા ગોકુલનો તુલસીમાળાને માટે ત્યાગ કર્યો છે**, એવા અત્યંત મહાન શ્રીગોકુલેશ પ્રભુને પ્રેમ આદર સહિત શિરથી પ્રણામ નિશદિન કર્યા છે કે નહિં ?

ત્યારે પરમચતુર નૂરમહલે કહ્યું કે એકાંતમાં રહીને પલકરહિત દૃષ્ટિથી મેં શ્રીગોકુલેશ પ્રભુનાં દર્શન કર્યા છે; તેમનાં વચનામૃતનું કર્ણપુરથી અત્યંત પાન કર્યું છે, તથા શ્રીગોકુલેશ પ્રભુની ધર્મૈકપરતાનો અનુભવ કર્યો છે; હૃદયથી અને મસ્તકથી

તેમની આગળ નમન કર્યું છે અને તેથી મારો જન્મ સફળ કર્યો છે. **તેવી સંપત્તિવાળા શ્રીગોકુલનો શ્રીગોકુલેશ પ્રભુએ ત્યાગ કર્યો છે, તેમાં કંઇજ આશ્ચર્યજનક નથી. કારણકે જ્યાં આ પ્રભુ બિરાજશે, ત્યાં જ શ્રીગોકુલ થઇ જશે**. આ પ્રભુ તૃષ્ણા કરી રહેલા લક્ષ્મીનો અત્યંત આદર નહિં કરે, પરંતુ તે પરમ ચતુર લક્ષ્મી જ પ્રિય શ્રીગોકુલેશ પ્રભુની ચરણરજને અનુસરે છે. શ્રીગોકુલેશ મહાપ્રભુ અત્યંત તૃષિત, અથ્યંત દીન આપણાં નયનો પર શું ફરીથી પોતાના શ્રીમુખકમલ સંબંધી શોભાના મધુજલની વર્ષા કરશે ? તે ગુણસાગર આપણાં મુખના આભરણરૂપ કર્ણમાં કૃપાસુવર્ણ વડે, પોતાનાં વચનરૂપ ચિંતામણિ સમૂહથી જટિત કરશે ? આપણું આ રાજકુલ સદૈવ જલરૂપ તીર્થોના અત્યંત અભાવથી નિરંતર મરુભાવને ધારણ કરે છે (રણ જેવું છે), તેથી અહીં પધારી શ્રીગોકુલેશ પ્રભુએ પોતાના ચૅરણરજરૂપી સઘન વાદળોથી નિરંતર ચારેબાજુ જળની અપાર વર્ષા કરી આ રાજકુલને શું જલરૂપ કરશે ?

શ્રીગોકુલેશ પ્રભુના મણિજટિત કુંડલ, મુક્તાહાર તથા હીરાવાળી વીંટીના ઢિરણસમૂહે મારા નયનોમાં એવો વિચિત્ર પ્રતિઘાત ઝગમગાટ રચ્યો છે કે તે શ્રીગોકુલેશ પ્રભુની અનુપસ્થિતિમાં પણ સદૈવ સર્વત્ર તેમનાં દર્શન કરાવે છે, તથા અન્ય પદાર્થના દર્શનનો પ્રૅતરોધ કરે છે, એટલે કે બીજી કોઇ વસ્તુનાં દર્શન તે ઝગમગાટ કરાવતો નથી. તે સ્ત્રીઓ ધન્ય છે કે જે રસસાગર પ્રિયની સાથે હાસ્ય અને પ્રેમપૂર્વક નિરંતર વાતચીત કરે છે. એ પ્રમાણે કહી રહેલી પોતાની પ્રિયાને ત્યાં છોડી, બહાર આવીને, તે દેશપતિએ બનેલી ઘટનાની નોંધ લખતા સૂર્યદ્વિજ બલભદ્ર અને તેના પુત્ર ગોવિંદદાસને આદરપૂર્વક બોલાવ્યા; તે બાદશાહ પ્રિયના વિયોગરૂપી ઝંઝાવતથી અત્યંત બળી રહ્યો હતો; અને બની ગયેલી ઘટનાનો પૂર્વાપર સંબંધ ભૂલી ગયો, તેથી તેણે તેમને પૂછ્યું કે તે વખતે શ્રીગોકુલેશ પ્રભુએ શું કહ્યું હતું અને મેં શું કહ્યું હતું, તે સર્વ ફરી સંભળાવ્યું અને અપરાધથી ડરતા મ્લેચ્છપતિનું સમાધાન કર્યું. ત્યારબાદ તે દેશપતિએ ફરી પૂછ્યું કે કાશીનું નામ મેં પ્રથમ લીધું હતું કે શ્રીગોકુલેશ પ્રભુએ કહ્યું હતું ? ત્યારે તેણે ઉત્તર આપ્યો કે કાશીનું નામ પ્રથમ આપે લીધું હતુ. એ સાંભળી અત્યંત આશ્ચર્યથી તે દેશપતિ વારંવાર કહેવા લાગ્યો કે વૈકુંઠથી પણ મનોહર શ્રીગોકુલ છે, તેનો શ્રીગોકુલેશ પ્રભુએ મારા જેવા પાપી માટે અને પોતાના ધર્મને માટે વિના યત્ને જ ત્યાગ કરી દીધો છે. જે સમર્થ છે તેને માટે કયો દેશ પરદેશ હોય છે ?

જે મહાત્મા પુરૂષ છે, તે કઇ વસ્તુનો ત્યાગ નથી કરી શક્તો ? નીચ માણસ છે, તેને માટે શું અકાર્ય છે ? જે પ્રિય બોલે છે, તેને કોણ પારકું હોય છે ? શું તેઓશ્રી મારા પર નારાજ થઇને પધાર્યા હશે ? પણ જે મહાત્મા છે, દીનબંધુ છે, તેવાઓના મનને ક્રોધ મલિન નથી કરી શક્તો. મારા દોષોનો વિચાર ન કરી, મારા ઉપર તે પ્રસન્ન થાઓ; એવો તેમનો સ્વભાવ છે, તેનો ઘણા મહાપુરુષોએ અનુભવ કર્યો છે. ત્યારે બલભદ્રએ કહ્યું કે તેઓ તો હંમેશા સર્વત્ર અલૌકિક સ્વભાવવાળા છે, તેથી સર્વ પર હમેશાં અત્યંત પ્રસન્ન રહે છે, અને તમારા ઉપર તો શ્રીગોકુલેશ પ્રભુ અત્યંત સંતુષ્ટ છે, તે તો મેં જોયું છે. તમારા હૃદયમાં કોઇ મનોહર છૂપો ગૂઢ ભાવ રહેલો છે, તેથી જ તમારા ઉપર શ્રીગોકુલેશ પ્રભુ અને ભૂતલ પર જ્યાં ત્યાં બિરાજતા આપશ્રીના સઘળાં ભક્તો અત્યંત પ્રસન્ન થયા છે. પછી પ્રિય પ્રભુના વિયોગરૂપ અગ્નિની જ્વાળાઓથી બળતા તે દેશપતિએ શ્રીગોકુલેશ પ્રભુના ડેરામાં જઇને તેમના દર્શન કરવાની અત્યંત અભિલાષા કરી. શ્રીગોકુલપતિના શ્રીમુખની શોભારૂપ મધુમાં જે ડૂબ્યાં છે અને તેવા મધુનું જેમણે પાન કર્યું છે, એવાં તે દેશપતિનાં નયનોએ અન્ય પદાર્થ દેખવામાં શિથિલતા અને અનુત્સાહનો ભાવ ધારણ કર્યો.

પ્રિય પ્રભુનાં તેવાં વચનરૂપ ચિંતામણિસમૂહથી સર્વપ્રકારે પૂર્ણ બનેલા દેશપતિના કાન, તેનાં નયનની જેમ અન્યની વાણી સાંભળવામાં બધિર બની ગયાં. પ્રિય પ્રભુના સદ્ગુણસમૂહથી પૂર્ણ બનેલા તે દેશપતિના હૃદયમાં જાણે અવકાશ ન હોવાથી, હર્ષ, તેમાં સમાઇ શક્યો નહિ. તેવા પ્રીતમના શ્રીઅંગ સંબંધી સુગંધના અમૃતસાગરનું પાન કરનારી દેશપતિની ઘ્રાણેન્દ્રિયને કસ્તુરી, અગરરસ, કપૂર, ચંદન આદિના સુગંધરૂપ ખારા જલમાં અરુચિ પેદા થઇ, તે યોગ્ય છે. દેશપતિનાં નયનરૂપ ચકોર શ્રીગોકુલેશજીના મંદહાસ્ય રૂપ ચંદ્રથી ઉદિત થયેલી કાંતિરૂપ ચાંદનીનું આ કંઠ પાન કરી રહ્યાં છે, તે નયન ગ્રીષ્મઋતુના સૂર્યરૂપ ચંદ્રની ચાંદની રૂપ અત્યંત કડવા ધામસમૂહનું કેવી રીતે પાન કરે ? તેથી તે દેશપતિ શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખચંદ્રનું દર્શન કરવા માટે અને શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણકમલયુગલમાં કેવી રીતે પાન કરે ? તેથી તે દેશપતિ શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખચંદ્રનું દર્શન કરવા માટે અને શ્રીગોકુલેશ પ્રભુના ચરણકમલયુગલમાં પ્રણામ કરવા માટે આકાંક્ષા સેવવા લાગ્યો; પરંતુ મ્લેચ્છનો સંગ અને મ્લેચ્છની સાથેનો વ્યવહાર તથા મ્લેચ્છની વાણી શ્રીમહાપ્રભુને ઘણુંખરું નહિ રુચે, એમ વિચાર કરી, તે શ્રીગોકુલેશ પ્રભુની શિબિરમાં જવા અસમર્થ થયો અને પોતાના ઘરમાં પણ રહેવાને તે અસમર્થ થયો. શ્રીગોકુલેશ પ્રભુના સ્મરણરૂપ પવનથી વિયોગનો અગ્નિ તેને અંધ બનાવી દેતો હતો, તેથી તે દેશપતિ મૃગ્યાને બહાને કાળક્ષેપ કરવા માટે મચ્છીભવન નામના સ્થાન પ્રતિ ગયો.

સમીપ સાંપ્રત સ્વરૂપકો, વાત્સલ્ય સેવા અંગ।

પુષ્ટ પરમ ભક્ત જે તે કરત દીનત્વ સંગ ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો વિસમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ એકવિસમો શરૂ થાય છે ।।

તરંગ ૨૧

શ્રીગોકુલેશ પ્રભુ પોતાના ભક્તો સાથે

મહાપ્રભુ શ્રીગોકુલાધીશજી જ્યારે પોતાના શિબિરમાં પધાર્યા, ત્યારે મ્લેચ્છ ચક્રવર્તીઓના પર શ્રીગોકુલેશ પ્રભુએ મેળવેલા તેવા વિજયથી નારાયણજી, કેશવદાસજી, નાથભાઇ, કૃષ્ણ પારેખ આદિ અન્ય અસંખ્ય ભક્તો સંતુષ્ટ થયા અને તેથી તેઓ ઉત્સાહ વિશેષથી ઉછળી રહ્યાં, આનંદસમુદ્રમાં ન્હાઇ રહ્યા, રોમહર્ષ રૂપ કે ચુક સમૂહ જાણે પહેર્યો હોય તેવા દેખાવા લાગ્યા, તે સમય સંબંધી શોભા તેમણે ધારણ કરી, જાણે કે નૃત્ય કરવા લાગ્યા, હર્ષથી આળોટવા લાગ્યા, અત્યંત હસવા લાગ્યા; અને તેમણે ગાન, ભેટ, મંગલ નૃત્ય, વસ્ત્રાભૂષણ આદિ અનેક પ્રકારની નોંછાવરીવાળો મહોત્સવ કર્યો. તેવા ઉત્સવ વખતે પણ જેની ચરણપીઠ સંબંધી ભૂમિ મ્લેચ્છસમૂહથી સેવાઇ છે, જેણે સઘળા ભૂમંડલ પર વિજય પ્રાપ્ત કર્યો છે એવા દેશપતિના જે જે ગુણ છે, ગૂઢ વિનયવાળા ભાવ છે, મધુરતા છે, શ્લેષ વચનો, નિવેદનના પ્રકાર અને સુંદર ગુઢ વાત્સલ્ય છે, શ્રીહસ્તાક્ષરના

આદરસહિત સંગ્રહણના મનોહર, લોકવિચારાતીત મહામધુર પ્રકાર છે તથા પોતાના નિકટવર્તી સેવકો દ્વારા રૂપાના દંડદીપકની સેવા સંકોચ, ભય, લજ્જા, પ્રણય, મસ્તક દ્વારા નમન તથા તેવી અત્યંત પ્રતિષ્ઠિત પોતાના વિજય સંબંધી મનોહર યશસમૂહની જે ભેટ છે, ગૂઢ પ્રશ્નાત્તાપસમૂહનો હર્ષ, અત્યંત ગૂઢ, નર્મ, કોમલ, મંદહાસ્ય છે, તેવા વિયોગની વ્યાકુળતા છે, જે સુદૃઢ, મનોહર, અત્યંત ગંભીર ભક્તિથી સભર છે.

તે સર્વ કૃપાસાગર સર્વજ્ઞ શિરોમણિ શ્રીગોકુલેશ પ્રભુના હૃદયથી દૂર ન હતું, પરંતુ તે સર્વ હૃદયમાં જ અચલ થઇને હંમેશાં નિવાસ કરવા લાગ્યું. પ્રાતઃસમયે પોતાના શ્રીમુખકમલના દર્શન અર્થે અત્યંત ઉત્સાહી પ્રિય આસફખાનના ઘરમાં ભગવાન શ્રીગોકુલેશ પ્રભુ પધારીને અત્યંત નમ્ર આસફખાનના મનોરથને પૂર્ણ કર્યો. ત્યાં, તે તે નિજભક્તો શ્રીગોકુલેશ પ્રભુના કાશી નિવાસને ઇચ્છતા નહોતા, કેમકે કાશીમાં જવાની ઇચ્છા તે અસુર યતિ સાથે ફરીથી શ્રીગોકુલેશ પ્રભુના સુદુસ્તર વિરોધદુઃખની સંભાવના તેમના મનમાં ઉપસ્થિત થઇ હતી; એટલે તે તે સમૂહને અનુકૂળ થઇને, તેમના પ્રેમથી વશ થયેલા શ્રીગોકુલેશ પ્રભુએ શૂકર નામના ક્ષેત્ર મધ્યે નિવાસ કરી રહેલા વરાહદેવનો સ્વલીલાનાં દર્શન સંબંધી મનોરથ પૂર્ણ કરવાને માટે ઇચ્છા કરી અને ત્યાંના નિવાસી ભક્તોનાં પ્રબળ ભાગ્યથી કે ભક્તિથી અત્યંત આકર્ષાયેલા પ્રિય શ્રીગોકુલેશ પ્રભુએ અમૃતના હજારો સમુદ્રમાં આસફખાનને સ્નાન કરાવતા હોય તેમ તેને કહ્યું કે અમારી શૂકર નિવાસ કરવાની છે.

ત્યારે આસફખાને શ્રીગોકુલેશ પ્રભુના અનુગ્રહ વચનને દીનતા સહિત, નમી રહેલા મસ્તકથી બન્ને કાનથી, અંતઃકરણથી આદરસહિત નમન કરી હૃદયમાં ધારણ કર્યું, અને હાથ જોડી તેણે કહ્યું, હે પ્રભુ! ભલુ એમ કરો. આપ જ્યાં નિવાસ કરવાની ઇચ્છા રાખો છો, ત્યાં જ નિવાસ કરો અને ચક્રવર્તીની નિરંતર ઇચ્છા છે તે અત્યંત બુદ્ધિમાન, આપમાં ગૂઢ, સુંદર, ભક્તિવાળો દેશપતિ આવું વચન મને અને અન્ય લોકોને વારંવાર કહે છે.

તેથી સદાય મંગલ કરનાર હે પ્રભુ! શૂકર ક્ષેત્રમાં પધારી આપના નિવાસથી તેને અલંકૃત કરવાની, ત્યાંના ભક્તોના ભાગ્યને સફળ કરવાની આપની ઇચ્છાને અનુસરો. થોડાક દિવસોમાં જ યવનાધીશનો પત્ર આપશ્રીને મળશે અને આ પ્રકારનો યવનાધીશનો જે અભિપ્રાય છે તે આપ સ્પષ્ટ રીતે જોઇ શકશો. પછી ભગવાન શ્રીગોકુલપતિ તે આસફખાનને ઘણા પ્રકારે આદરથી જોઇ અને આશ્વાસન આપી, પોતાની શિબિરમાં પધાર્યા. પછી તેમણે આસો માસની વદ ત્રીજની અમૃત ઘડીએ અહીંથી પ્રસ્થાન કરવાનો નિર્ધાર કર્યો. પણ જ્યોતિષશાસ્ત્રને જાણનારા શ્રીગોકુલેશ પ્રભુના ભક્ત પરમાનંદ જાનીએ શ્રીગોકુલેશ પ્રભુએ ત્યાંથી નીકળવાનું નક્કી કર્યું. શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખચંદ્રથી ઉછળી રહેલા નિર્મર્યાદ શોભામૃતના સમુદ્રસમૂહનું પાન કરવા માટે ક્ષણે ક્ષણે ત્યાં આવતા યવનપતિના સેવકો, નગરવાસીજનો, રાજાઓ, રાજપુરુષો, ભક્તશ્રેષ્ઠ તથા તે તે સ્ત્રીગણ અત્યંત આનંદિત થયાં.

રાજદ્વારે હરિવંશી નામથી પ્રસિદ્ધ એવા શ્રીગોકુલેશ પ્રભુનો ભક્ત મધુર દુર્ગાદાસ હતો. તે કૃપાસાગર શ્રીગોકુલપતિને સદૈવ અનુકૂળ બનતો. તે કહેવા લાગ્યો કે પહેલાં અજ્ઞાનથી મૂર્ખ એવા મેં જેમને સદ્ગુરૂ માનેલા, તેમણે તો સંન્યાસીના ભયથી તુલસીમાલાનો ત્યાગ કર્યો છે; તેથી મેં તેમનો ત્યાગ કર્યો છે. આપશ્રી તો સુદૃઢ પૂર્ણવ્રતવાળા છો. આપશ્રી તો પરમેશ્વર,

જગદ્‌ગુરૂ છો, સત્ય પ્રતિજ્ઞાવાળા છો, તેથી મેં હવે આપનો જ આશ્રય કર્યો છે. કાશ્મીરવાસી સઘળા લોકો, કવિઓ અને શાસ્ત્રજ્ઞો, વૈયાકરણો, વૈદ્યો, જ્યોતિષીઓ, ગુણીજનો સર્વ શ્રીગોકુલેશ પ્રભુની સમક્ષ આવ્યા અને ભેટ ધરી તે સર્વનો શ્રીગોકુલેશ પ્રભુએ યથોચિત આદર કર્યો અને અમૃતના સમુદ્રની વર્ષા કરતી પોતાની વાણીથી તેમને પાવન કર્યા અને કૃતાર્થ કર્યા. તે કાશ્મીરમાં જગદીશ્વર શ્રીગોકુલેશ પ્રભુએ લોકોના ઉપકારને અર્થે વ્યાકરણનો અને પ્રખ્યાત વિષ્ણુધર્મોત્તરનો અંગીકાર કર્યો.

દેશપતિની સેવામાં તત્પર એવા કોઇ એક શ્રીગોકુલેશ પ્રભુના દાસ ભાગ્યવાન સુથારે સુંદર આસન, બે સુંદર પાદુકા તથા સુંદર લાકડાનાં પુસ્તક માટેનાં પૂઠાં અર્પણ કર્યાં. દીનબન્ધુ શ્રીગોકુલેશ પ્રભુએ કૃપાની પૂર્ણતાથી તેનો અંગીકાર કર્યો. પછી પ્રિય શ્રીગોકુલપતિ પોતાના ભક્ત રાઘવદાસને વિનંતીને માની, તેને ઘેર પધાર્યા. તે ભક્તશ્રેષ્ઠ રાઘવદાસે શ્રીગોકુલેશ પ્રભુને સોનાજરીના વસ્ત્રોની મખમલ નામના ઇન્દ્રગોપ જેવાં લાલ રંગવાળા અન્ય દેશનાં વસ્ત્રોની અને બીજી ઉત્તમ પ્રકારની વિવિધ ભેટો પ્રેમથી સમર્પી, અને ત્યાં આવેલા રાજાઓ, રાજપુત્રો, તેમના સેવકો, અસંખ્ય પ્રિયજનો વગેરેએ પણ પોતપોતાના મનોરથ પ્રમાણે વિવિધ પ્રકારની ભેટો પ્રેમથી અર્પણ કરી. હંમેશાં આસફખાનની નિકટ રહેનારા જે મુકુંદદાસ હતા તેમણે ત્યાં આવીને ભક્તિથી શ્રીગોકુલેશ પ્રભુની આગળ પ્રણામ કર્યા અને કૃતકૃત્યતા અનુભવી.

શેઠ વહોરાના ઘરમાં ઘણા વખત ભગવદીઓ ઉતર્યા હતા, તેમની તે શેઠ વહોરાએ અત્યંત પ્રેમથી સેવા કરી હતી. પછી નોમને દિવસે શેઠ વહોરાની વિનંતીને માની, શ્રીગોકુલપતિએ તેમના ઘરને પાવન કર્યું. તે શેઠે ઘણા પ્રકારની વસ્ત્ર ભેટો અને ઘણું ધન અર્પણ કર્યું. રાત્રે શ્રીગોકુલેશ પ્રભુએ કૃપાથી તેમના ઘરમાં શયન કર્યું. દશમી રાત્રે હરિદાસ તોવરના ઘરે પધારી શ્રીગોકુલેશ પ્રભુએ તેમના ઘરને અલંકૃત કર્યું, અત્યંત પાવન કર્યું અને તેમને કૃતકૃત્ય કર્યા.

વિવેક જૂત મન રાખીયે, નાગર વલ્લભ ચર્ણ ।

શ્રીગોકુલેશ સ્વરૂપ વિનુ, ઔર ન અંતઃકર્ણ ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો એકવિશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ બાવીશમો શરૂ થાય છે ।।

તરંગ ૨૨

શ્રીગોકુલેશ પ્રભુનું પ્રસ્થાન

એકાદશીના દિવસે શ્રીગોકુલેશ પ્રભુ પ્રાતઃકાલના સઘળાં કાર્યો પતાવી તથા બીડાં, વસ્ત્ર, પ્રિય વચન, દર્શન આદિથી ત્યાંના જીવોનો અત્યંત આદર કરીને ઉત્તમ ઘોડા પર સવાર થયા. અત્યંત દૂર સુધી વળાવવા આવી રહેલા ત્યાંના નિવાસી ભક્તોને પોતાને ઘેર જવાની શ્રીગોકુલેશ પ્રભુએ આજ્ઞા કરી અને જેમનાં નયનકમલ શ્રીગોકુલેશ પ્રભુના દર્શન કરતાં તૃપ્ત નથી થયાં એવા તે ભક્તો વડે વારંવાર દર્શન કરાતા કૃપાનિધિ શ્રીગોકુલેશ પ્રભુએ ત્યાંથી પ્રસ્થાન કર્યું. માર્ગમાં મહાભાગ્યવાળા એક દેવદારના મોટા વૃક્ષને શ્રીગોકુલેશ પ્રભુએ આશ્ચર્ય તથા હર્ષ સહિત જોવા લાગ્યા; તે વૃક્ષના મૂળની બખોલમાં એક મોટી ખાટ બિછાવેલી હતી અને ત્યાં એક બકરી બાંધેલી હતી, તથા ત્યાં વસ્ત્ર તેમજ પાત્ર પ્રસારીને બિરાજવાથી 'રામૂકી સરાય' નામથી પ્રસિદ્ધ ગામને શોભાયમાન કર્યું. બારસને દિવસે હીરપુરમાં બિરાજી, તેરસને દિવસે અરાડીભરાડી ગામને શોભાયમાન કર્યું. તે દિવસે માર્ગમાં અત્યંત વિષમ ઘાટી પર આવી રહેલા પોતાના ભાઇ શ્રીવિઠ્ઠલેશ પંચમકુમાર શ્રીરઘુનાથજીના આત્મજ શ્રીગોપાલલાલજીને શ્રીગોકુલેશ પ્રભુએ જોયા, ત્યારે પ્રેમથી સ્વયં કરૂણાસાગર શ્રીગોકુલેશ પ્રભુ આ બાજુની ઘાટીથી ઉતર્યા અને નિજ ચરણોમાં દંડવત્ પ્રણામ કરી રહેલા તે શ્રીગોપાલલાલજીને ભેટ્યા.

આર્દ્ર હૃદયવાળા થઇ શ્રીગોકુલેશ પ્રભુ રૂદન કરી રહેલા તે શ્રીગોપાલલાલજીને સમાચાર પૂછયા કે અમારા શ્રીમદ્ગોકુલમાં શ્રીગિરિધરજી આનંદિત છે? અન્ય ગોકુલવાસી સુખી છે? ત્યારે શ્રીગોપાલલાલજીએ શ્રીગોકુલના વૃત્તાંતને ક્રમશઃ કહી સંભળાવ્યો. અને કહ્યું કે સંન્યાસીની પ્રસન્નતા અર્થે સંબંધીઓએ વેદવાળી જન્માષ્ટમી કરી. એ સાંભળીને શ્રીગોકુલેશ પ્રભુએ ક્રોધ સહિત તેમની બુદ્ધિની નિંદા કરી. તે દિવસે શીતવર્ષા અધિક હતી; તો પણ અત્યંત ધૈર્યવાળા જગદીશ શ્રીગોકુલેશ પ્રભુએ સઘળાં નિત્યકર્મ કર્યા. પ્રિય શ્રીગોકુલેશ પ્રભુએ પોતાના શ્રીગોકુલમાં પ્રેમાદર સહિત કર્ણપુટ પસારી પોતાના વચનનું પાન કરી રહેલા ભક્તરાજ મોહનભાઇજી આદિ સઘળાં ભક્ત રાજોને અહીંની એક વાત કહી હતી. આ અત્યત દુર્ગમ વિષમઘાટીમાં રાજાધિરાજાએ પણ ઘણી સાવધાનીથી પગે જ ચાલીને ઘણા યત્નથી જેમ તેમ કરી અત્યંત વિષમ માર્ગ ઓળંગવો પડે છે.

તેમની વિશેષ વાત કહેવાથી શું? મ્લેચ્છ ચક્રવર્તીની પ્રાણથી પણ અધિક પ્રિય, સર્વાંગ મનોહર, મૃગનયની, ચંદ્રવદની, સૂર્યને પણ ન જોનારી એટલે પરદામાં રહેનારી એવી બેગમોને પણ તે અથ્યંત વિષમ માર્ગમાં હાથી, રથ, સુખપાલ આદિનો ઉપયોગ કરવાનો અવસર ન હોવાથી, સ્વયં લાકડી હાથમાં લઇને કોમળ પગે ચાલવું પડ્યું હતું. તેમનાં વસ્ત્રાભૂષણો ખસી ગયાં હતાં, પડદા દૂર થઇ ગયેલા દાસ ચાકરો છૂટા પડી ગયા હતા. અત્યંત થાકી ગઇ હતી; વારંવાર પડતી, ફરી ફરી ઊઠીને ચાલતી હતી, સારાસાર વિચાર ત્યજી ગમે તેવા પાપી પુરુષના હાથનો આશ્ચર્ય લેવા ઇચ્છા કરતી હતી; પોતાની રક્ષાને માટે તેના અવલંબનની યાચના કરતી, પણ ઉપેક્ષા થતાં હાહાકાર કરતી તેઓ ઘણી જ દુઃખી થતી હતી. તેમાંની કેટલીક બેગમોને અમારા સેવકો કૃપાવિશેષથી હાથ પકડીને ઘણા યત્યથી ઘાટીની પાર ઉતારતા હતા. આ પ્રસંગ કહી કલ્યાણ ભટ્ટજી કહે છે કે પ્રીતમ

શ્રીગોકુલેશ પ્રભુએ પ્રકાશ કરેલો રસનો મહાસાગર અમે સર્વ સુહૃદો ભક્તો પીતા હતા. તેમાં ડૂબતા, તરતા, ફરીથી ડૂબતા, બહાર નીકળતા હતા.

પછી આ પ્રમાણે ઘાટીનો પ્રસંગ કહીને હવે પહેલાંનો પ્રસંગ આગળ ચલાવે છે. અહીંથી શ્રીપ્રાણનાથજી મહમદકુલી લઢી પહોંચી, પીરપંજાલ ઉતરીને, ચૌદશને દિવસે પોસાન નામના ગામમાં પધાર્યા. અમાવસ્યાને દિવસે બ્રહ્મગલામાં બીરાજ્યાં. અહીંથી આગળ જતાં શ્રીગોકુલપતિને એ માર્ગમાં સેનાધિપતિ આજમખાન મળ્યો; તેણે મિત્ર તુલ્ય શ્રીગોકુલેશ પ્રભુના ધર્મપરાયણ ભાવની અત્યંત પ્રશંસા કરી અને બુદ્ધિશાળીઓમાં શ્રેષ્ઠ એવા દુષ્ટ સંન્યાસીની નિંદા કરી. ઉચ્છલિત કરુણાવાળા ભગવાનએ તેને આશીર્વાદ આપ્યા. પડવાને દિવસે શ્રીગોકુલેશ પ્રભુ થાના ગામમાં પધાર્યા; ત્યાં પ્રિય પ્રભુએ રાત્રે સ્વપ્નમાં સઘળાં લોકોમાં ગઢવી શબ્દથી પ્રસિદ્ધ એવા અતિ ઉજ્જવલ વિષ્ણુદાસ નામના શ્રેષ્ઠ ભક્તને જોયો. તેથી અત્યંત પ્રસન્ન થઇને પોતાના ભક્તોમાં સ્વપ્નની વાત પ્રગટ કરી. ત્યારે તે ભક્તજનોએ કહ્યું કે ભંભરની ઘાટીમાં મ્લેચ્છોએ તેને રોકી લીધો હતો, તેથી ત્યાંથી આપશ્રીની સાથે ચાલવામાં તે સમર્થ ન હતો, આપનાં આવાં દર્શન વિના તે ક્લેશ પામતો, તેથી હે પ્રભુ! કરૂણા કરીને વિનિદ્રા (એટલે કે ઊંઘ ન આવવી તે) એ આપને સ્વપ્નમાં વિષ્ણુદાસને દેખાડ્યો, કે જેથી સર્વ પુરુષાર્થો સિદ્ધ કરનારી આપની કૃપા તેના પર થાય.

એ સાંભળી હાસ્યથી શોભાયમાન શ્રીમુખવાળા શ્રીગોકુલેશ પ્રભુએ તેમને અત્યંત આનંદ આપ્યો અને તે ભક્તોએ પણ પોતાના પ્રાણરૂપ શ્રીગોકુલેશ પ્રભુને પ્રસન્ન કર્યા, બીજને દિવસે શ્રીપ્રભુ થાના ગામથી રાજોર નામના ગામમાં પધાર્યા. ત્રીજને દિવસે ચિંગિસ નામના ગામમાં પધાર્યા. ચોથને દિવસે નોહસરા ગામમાં અને પાંચમને દિવસે ભંભર ગામમાં પધાર્યા. તે જગાએ હર્ષથી વારંવાર મહારાજ, મહારાજ, વલ્લભદેવ, વલ્લભદેવ, જળહળતા બ્રહ્મદેવ-એવું વારંવાર ઉચ્ચારતા, શ્રીગોકુલપતિની સ્તુતિ કરતાં, ઉત્કંઠિત હૃદયવાળા તથા ચિરકાળ વિયોગથી કૃશ થયેલા ભક્ત વિષ્ણુદાસ ગઢવીએ પ્રિય શ્રીગોકુલેશ પ્રભુની આગળ આવી પ્રણામ કર્યા. કૃપાસિંધુ પ્રિય શ્રીગોકુલેશજી પોતાના તે ભક્તને જોઇ અત્યંત પ્રસન્ન થયા. ચતુરોમાં શ્રેષ્ઠ પ્રીતમ શ્રીગોકુલનાથજીએ થાકી ગયેલા પોતાના ભક્તોના વિશ્રામસુખને માટે બીજે દિવસે પણ ત્યાંજ ભંભર ગામમાં નિવાસ કર્યો. સાતમને દિવસે શ્રીપ્રભુએ દોલતનગરની પાસે પહોંચતાં તાપીપુર નિવાસી ભક્તોએ પાઠવેલા પત્રને લાવનાર કાસદને જોયો. તેના હાથમાંથી તે સુંદર પત્ર લઇ, તે તાપીપુરમાં ખાનિખાન નામનો સેનાપતિ રહે છે, તેણે પોતાના લોકોની આગળ કહ્યું હતું કે શ્રીગોકુલનાથજી તુલસીમાલાદિના ધારણાદિરૂપ ધર્મને મ્લેચ્છપતિની સભામાં દઢ કરવા માટે કાશ્મીર પધાર્યા છે.

તેના મુખથી અધિકારીઓમાં મુખ્ય સુંદરદાસે એ વાત સાંભળી અને તારાચંદને કહ્યું, અને તારાચંદે આપના ભક્તોને કહ્યું. ત્યારે અત્યંત ચિંતાતુર થઇ રહેલા આપના તે સઘળા ભક્તોએ સત્વરે મને પત્ર આપીને મોકલ્યો છે. તેથી હે પ્રભુ! હવે આપશ્રી પાસેથી તેમને માટે કૃપાપત્રની અભિલાષા કરું છું. ત્યારે શ્રીગોકુલેશ પ્રભુએ ત્યાં જ તેને પોતાનો કૃપાપત્ર આપ્યો. પછી શ્રીગોકુલેશ પ્રભુ ગુજરાતના ગામમાં પધાર્યા. ત્યાં આઠમને દિવસે 'ચીમાગખંડ'માં પધાર્યા. નોમને દિવસે ત્યારથી ઇમનાબાદ ગામમાં પધાર્યા. ત્યાં ગોપાલદાસની વિનંતીને માની તેના ઘરને પાવન કર્યું. તથા ગોપાલદાસે ભેટ કરેલી શય્યા અને

પહેરામણીનો શ્રીગોકુલેશ પ્રભુએ અંગીકાર કર્યો, તે ગામના તળાવ પર શ્રીગોકુલેશ પ્રભુએ ભોજનલીલા કરી. દશમને દિવસે ભગવાન સહાદર (શાહદશ) ગામમાં પહોંચ્યા. એકાદશીને દિવસે ગોકુલાધીશ લાહોર પહોંચ્યા. અહીંથી ભક્તશ્રેષ્ઠ તારાચંદજી પોતાના પ્રેમથી પ્રેરાયેલા, શ્રીગોકુલેશ પ્રભુની પ્રસન્નતા અર્થે, સ્વમનોરથ અનુસાર ઘરમાં તે તે કાર્યોને કરવા માટે આગળથી ચાલવા લાગ્યા. બારસને દિવસે શ્રીગોકુલેશ પ્રભુ ભગવાનદાસના ઘરમાં પારણાં કરી, ત્યાંથી પ્રસ્થાન કરી, થોડેક દૂર આવેલા પટ્ટી ગામમાં તેરસને દિવસે નિવાસ કર્યો. ત્યાં ભગવાનદાસ અને તેમની પત્નીએ પ્રથમથી પણ અધિક આદરથી શ્રીગોકુલેશ પ્રભુની સેવા-ટહેલ કરી. પછી ત્યાંથી ચૌદશને દિવસે પ્રિય શ્રીગોકુલપતિ સુલતાનપુરમાં પધાર્યા, તથા પૂર્ણિમાને દિવસે તલવણ ગામમાં પધાર્યા. અહીં પરમાનંદદાસના ઘરમાં નિવાસ કર્યો. તેમણે શ્રીગોકુલેશ પ્રભુની અત્યંત સેવા કરી.

અહીંથી આગળ ચાલતાં શ્રીગોકુલેશ પ્રભુ પડવાને દિવસે નૂરમહલ ગામમાં પધાર્યા. ત્યાંથી બીજને દિવસે શ્રીગોકુલેશ પ્રભુ ઈતમાદ્દૌલા ગામમાં પહોંચ્યા. ત્રીજને દિવસે સિંહનંદ ગામમાં, ચોથને દિવસે અંબાલા ગામમાં અને પાંચમને દિવસે કુરુક્ષેત્રમાં પધાર્યા. છઠ્ઠને દિવસે કર્ણાવલી ગામમાં, સાતમે ગુન્નોર પધાર્યા. શ્રીગોકુલેશ પ્રભુ માર્ગમાં નરેશ ગામથી શ્રીગોકુલવાસી સઘળા ભક્તોને પોતાના આગમનનો તથા વિજયનો વૃત્તાંત પહોંચાડવા માટે જેતા નામના શ્રેષ્ઠ પહેરગીરને પોતાનો પત્ર આપી શ્રીગોકુલ તરફ રવાના કર્યો. અહીંથી આઠમને દિવસે શ્રીગોકુલેશ પ્રભુએ સઘળા પંડિતોને જેને ઈન્દ્રપ્રસ્થ કહે છે તે દિલ્હી ગામને શોભાયમાન કર્યું. કાશ્મીરમાં મુકુંદદાસે પોતાના દિલ્હીવાળા ઘરને પાવન કરવા માટે ઘણા પ્રકારે શ્રીગોકુલેશ પ્રભુને વિનંતી કરી હતી, તેથી શ્રીગોકુલેશ પ્રભુ તેમના ઘરમાં બિરાજ્યા ત્યાં નિગમબોધ નામના શ્રેષ્ઠ તીર્થમાં સ્નાન કરી, પાછા વળતાં પ્રિય શ્રીગોકુલેશ પ્રભુએ કૃપાથી કાશ્મીર સંબંધી બધી વાત કહી સંભળાવી.

પછી ઘણા પ્રકારના મનોરથવાળા ભક્ત તારાચંદે વિનંતી કરી, શ્રીગોકુલેશ પ્રભુને પોતાના ઘરમાં પધરાવ્યા અને મનોરથને અનુરૂપ સેવા કરી. તેમના ઘરમાં શ્રીગોકુલેશ પ્રભુ તથા તેમનાં ભક્તોએ સુંદર, સિદ્ધ થયેલી, મધુર, કોમળ, મનોહર જલેબીને ભક્ત તારાચંદના પ્રેમને કારણે આરોગી, પછી મુકુંદદાસના ઘરમાં પધારી, શ્રીગોકુલેશ પ્રભુના શરણે આવેલી તેની સ્ત્રીને નામ સંભળાવી, કૃતાર્થ કરી; અને ત્યાં ભોજન કરી હર્ષથી ત્યાં વિશ્રામ કર્યો. નોમને દિવસે શ્રીગોકુલપતિ પરવર ગામને શોભાયમાન કર્યું. ત્યાંથી આગળ પધારી શ્રીગોકુલેશ પ્રભુએ માર્ગમાં આવેલા હોઠિલ નામના ગામના મનોહર તલાવમાં ઘોડાને સ્વચ્છ જળ પીવડાવ્યું. ત્યાં ભગવાનદાસે શ્રીગોકુલથી આવી સંકોચ સહિત દંડવત્ પ્રણામ કર્યા. તેઓ સુલતાનપુર આગળ પ્રભુને છોડીને પાધા આવ્યા હતા અને તેથી શરમાઈને ઝાંખા પડી ગયા હતા. શ્રીગોકુલેશ પ્રભુએ તેમના કુશળ સમાચાર પૂછ્યા અને તેમનો આદર કર્યો. અહીંથી કાર્ગિક વદ દશમને દિવસે પરાત્પર પરમ પ્રિય પ્રાણનાથ નંદીશ્વર ગામમાં બિરાજ્યાં. ત્યાં ઉચ્છલિત ભક્તિથી નંદસુત ભગવાનનાં તથા નંદયશોદાનાં પોતે દર્શન કર્યાં. ત્યાં પાવન નામના તળાવમાં સ્નાન કરી, સઘળું કાર્ય કરી, ભોજન કરી રાત્રિ સમયે નિંદ્રાલીલા કરી.

આ દશમને દિવસે જ, જેતા નામનો શ્રેષ્ઠ પહેરગીર શ્રીગોકુલમાં પહોંચ્યો અને તેણે પ્રભુનો પત્ર આપી, મ્લેચ્છપતિ પર મેળવેલા વિજયના સમાચાર કહ્યાં; તેથી સભામાં તુલસીમાલાદિનું ધારણ જેમાં પ્રમુખ છે, તેવા સઘળાં ધર્મની સ્થાપનાની વાત કરી, પ્રાણનાથના કીર્તિપ્રતાપની વૃદ્ધિ વિષે કહ્યું, કુશલ સમાચાર કહ્યા અને નોકર તથા ભક્તો સહિત શ્રીગોકુલેશ પ્રભુ આવી

રહ્યાં છે એવા સમાચાર કહ્યાં; અને એ પ્રમાણે શ્રીગોપાલલાલજી (શ્રીવિઠ્ઠલેશ પંચમકુમાર શ્રીરઘુનાથજીના આત્મજ) આદિ સર્વને મહાહર્ષથી પ્રફુલ્લિત કર્યા. તે સર્વે શ્રીગોકુલેશ પ્રભુના તે તે અનેક પ્રકારના પ્રતાપ વિષે પૂછી, તે વિષે સાંભળી આનંદિત થયા; અને તે બધા ભક્તો તથા ભક્તસુંદરીઓએ વિવિધ પ્રકારના વસ્ત્રાભૂષણાદિથી તે જેતા પહેરગીરને અત્યંત પ્રસન્ન કર્યો.

અનુભવ કીનો ભક્તને, અપને નેનનિ સંગ ।

નિરખ્યો નખશિખ સ્વરૂપને વલ્લભહો સો રંગ ।।

રૂઢ પંથ નહિ રાખીયે, રાખીએ ગૂઢ વિચાર ।

શ્રીગોકુલેશ સ્વરૂપ મહી નાગર ઉર નિરધાર ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો બાવીશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ ત્રેવીશમો શરૂ થાય છે ।।

તરંગ ૨૩

શ્રીગોકુલેશ પ્રભુનું શ્રીગિરિરાજ પધારવું

શ્રીગિરિરાજધરણના શ્રીમુખકમલ સંબંધી રસસમુદ્ર નવનથી પાન કરવા માટે હૃદયઉત્કંઠીત થવાથી, ભગવાન શ્રીગોકુલેશ પ્રભુએ એકાદશીને દિવસે પ્રાતઃકાળમાં વહેલા ઉઠી, તે નંદીશ્વર ગામથી શીઘ્ર પ્રસ્થાન કર્યું. વિશ્રામ જલધરીઓ તો શ્રીગોકુલેશ પ્રભુની પણ પહેલાં શ્રીગિરિરાજમાં પહોંચી, આનંદિત થઇ શ્રીગોકુલેશ પ્રભુના પ્રખ્યાત શ્રેષ્ઠ ભક્ત સાયા ગઢવીને કહ્યું કે તમારા મહાભાગ્યથી પ્રાણનાથના પધારવાની તમને વધાઇ આપું છું. આ સાંભળી તે ગઢવી અત્યંત હર્ષથી વિહ્વલ બની ગયા અને વારંવાર પૂછવા લાગ્યા કે પ્રિયતમ ક્યાં સુધી આવ્યા છે? ક્યારે તેમનાં શ્રીમુખચંદ્રનાં દર્શન કરીશ? આ પ્રમાણે અત્યંત હર્ષની ઘટના સંભળાવનાર તે વિશ્રામને મણિ-મોતીથી જડેલી સોનાની રસના (જીભ) સિદ્ધ કરીશ અને અનેક પ્રકારના વસ્ત્રાભૂષણ આપીશ, એવી તેમણે પ્રતિજ્ઞા કરી અને પ્રભુની સન્મુખ ગયા.

સમીપ પહોંચી તે ગઢવીએ પ્રભુનાં દર્શન કરી વારંવાર પ્રેમથી દંડવત્ પ્રણામ કર્યા, અને પ્રેમપૂર્વક નીલઘોડાને ભેટ ધર્યો. શ્રીગોકુલેશ પ્રભુએ પોતાના ઘોડાને રોકી, કુશળતાના પ્રશ્ન આદિથી તેનું સમાધાન કર્યું. આ પ્રમાણે અન્ય સઘળાં ભક્તો, સેવકો, અનુયાયીઓ, વૈષ્ણવો અને ભીતરિયાઓ, શ્રીગોવર્ધનધારીજીની સેવા કરવાવાળા સર્વે હર્ષથી દોડી આવીને શ્રીગોકુલેશ પ્રભુના દર્શન કરી, પ્રણામ કરીને મહાસુખી થયા. ગિરિરાજ પર પ્રયાણ કર્યું અને પોતાનાં ચરણકમળના ન્યાસથી તે ગિરિરાજને

આનંદિત કર્યો, આર્દ્ર, સુગંધિત અને અલંકૃત કર્યો. પાવન કર્યો, રોમાંચિત, અત્યંત પ્રફુલ્લિત અને શીતલ કર્યો. ત્યારે લક્ષ્મીદાસ ભીતરિયાએ લાડણને કહ્યું કે શ્રીવલ્લભજી પધાર્યા છે, તેથી શ્રીગોવર્ધનનાથજીને જગાડવા તમે શંખનાદ કરો; ત્યારે લાડણ મૂર્ખે કહ્યું કે શ્રીગોવર્ધનનાથજીના જાગવાનો સમય હજુ થયો નથી તેથી કેવી રીતે શંખનાદ કરું ?

ત્યારે લક્ષ્મીદાસ ભીતરિયાએ ગુસ્સે થઇ કહ્યું કે અરે મૂર્ખ, તું કંઇ પણ રહસ્ય જાણતો નથી. અન્ય દિવસોમાં જ્યારે શ્રીવલ્લભજી સ્વયં શ્રીનાથજી પ્રભુના દર્શન માટે પ્રેમથી પધારે છે, ત્યારે શ્રીનાથજી પ્રભુ પોતાના મંદિરેથી પ્રેમથી શ્રીગોકુલેશ પ્રભુ સન્મુખ જાય છે, અને અત્યારે તો શ્રીવલ્લભજી મ્લેચ્છપતિ પર વિજય મેળવી, તેની સભામાં બળથી તુલસીમાલા-તિલક ધારણાદિ જેમાં મુખ્ય છે એવા સઘળાં વૈષ્ણવ ધર્મની સ્થાપના કરી પધારી રહ્યાં છે. શું હવે તેમની આગળ શ્રીગોવર્ધનનાથજી એકાંતમાં જરૂર પધાર્યા છે. આગળ પધારી આલિંગન દઇ, દર્શન કરી, સર્વથી પ્રથમ અલૌકિક પ્રકારથી અહીં પધારી, બિરાજ્યા છે. તેથી હું તને લૌકિક રીતિથી કહું છું કે તુ શંખનાદ કર. તેનો વિલંબ કરવો યોગ્ય નથી; નહિ તો શ્રીનાથજી પ્રભુના અપરાધી થઇશ.

શ્રીગોકુલેશ પ્રભુનું શ્રીગોકુલ પ્રસ્થાન

આ સાંભળી લાડણે શંખનાદ કર્યો. પછી શ્રીગોકુલેશ પ્રભુ ભીતર પધારી, શ્રીનાથજીના શ્રીમુખચંદ્રને નીરખી અત્યંત આનંદિત થયા, અને સર્વજ્ઞ એવા બન્ને પ્રિય વિવિધ પ્રકારના જનસમૂહને જોઇ સંકોચ અનુભવી, નયનોથી આપસમાં તે વૃત્તાંત પૂછ્યું અને કહ્યું. શ્રીપ્રાણનાથજીએ તો થોડોક સમય ત્યાં વિલંબ કરવાની ઇચ્છા કરી, ત્યારે સમયને ઓળખનાર શ્રીનાથજીની પ્રેરણાથી પોતાના ભક્તસમૂહને, બંધુ સમૂહને, કુટુંબીજનોને તથા શ્રીમદ્ ગોકુલને અત્યંત આનંદિત કરવા શ્રેષ્ઠ ગુણસાગર શ્રીગોકુલપતિ વેગથી શ્રીગોકુલ પ્રતિ પધાર્યા. ત્યાં રહેતા મોટાભાઇ ઘોડા પર સવાર થઇ, તેને નચાવતા, પ્રેમથી 'હું પ્રથમ દર્શન કરું' એ ભાવથી ચારે બાજુ દોડી રહેલા અસંખ્ય ભક્તોને મળીને વેગથી આગળ પધાર્યા. ચિરકાલના વિયોગથી ક્લેશ પ્રાપ્ત થયો હોવાથી પ્રિય શ્રીગોકુલેશ પ્રભુના શ્રીમુખચંદ્રના દર્શનના ઉત્સાહવાળા વૈષ્ણવો, બાંધવો, જ્ઞાતિજનો, સુહૃદો શ્રીગોકુલથી ચાલવા લાગ્યા. તેમાં કેટલાક જણ તો રાજમાર્ગમાં અને અન્યસ્થાનમાં, અન્ય જણ ખરીકમાં પધારી રહેલા પ્રિયનાં દર્શન કરી તેમના શ્રીચરણકમલમાં પ્રણામ કર્યા.

દર્શનમાં અત્યંત ઉત્સાહિત આપશ્રીના આત્મજ શ્રીગોપાલજી અને શ્રીવિઠ્ઠલરાયજી બન્નેએ ત્યાં સામા પધારી પોતાના પિતૃચરણને પ્રણામ કર્યા. ત્યારે પ્રિય શ્રીગોકુલપતિએ પોતાના બન્ને બાળકોને પ્રેમપૂર્વક દૃઢ આલિંગન દીધું. ખીરક અને શ્રીયમુનાજીના બન્ને તટ સ્નેહથી, ધર્મસમૂહથી, સૌંદર્યથી, નમસ્કાર તથા સૌભાગ્યથી, પવિત્રતાથી, મંગલમણિથી સુવર્ણનાં આભૂષણોથી, ચિત્રિત અમૂલ્ય વસ્ત્રોથી જયશબ્દોથી મંગલ જયનાદથી, આભરણોની ઝંકારથી, તેના તેનના સમૂહથી, હાસ્યથી, મંદસ્મિતથી, દૃઢ આલિંગનથી, ગીતથી, મનોહર નૃત્યથી, પોતપોતાના વૃત્તાંત કથનથી અત્યંત પૂરૂણ પ્રકાશમાન થયા. પ્રેમસહિત, મંદહાસ્યપૂર્વક ઉત્તમ શ્રીયમુનાજીને નીરખી શ્રીગોકુલેશ પ્રભુ નાવ પર સવાર થઇ સામે કિનારે પધાર્યા, ત્યારે યમુના નામની અહીરણીએ દહીંનું ભરેલું મંગલ પાત્ર લાવી ધર્યું. શ્રીગોકુલેશ પ્રભુએ શ્રીહસ્તથી સ્વયં તેનો સ્પર્શ કરી તેનો સ્વીકાર

કર્યો. પછી પ્રણામ કરી રહેલા પ્રિય નાનાભાઇ ઘનશ્યામજીને પ્રિય ભગવાન શ્રીગોકુલેશ પ્રભુએ દૃઢ આલિંગન આપી અત્યંત પ્રસન્ન કર્યા.

પૂર્ણ ચંદ્ર જવું જેનું મુખ છે, ચંચલ જેનું નયનરૂપ છે એવા શ્રેષ્ઠ ભક્તો પ્રેમથી માથે ધારણ કરેલા મંગલ કળશને જોઇ, પ્રિય શ્રીગોકુલેશ પ્રભુ પોતાના સેવ્ય શ્રીપ્રભુના મંદિરમાં પધારી ત્યાં યથાયોગ્ય કાર્ય કર્યું; પછી સ્વજનો, પુત્રીઓ, બંધુઓ, પુત્રવધૂઓ, આદિને કુશળસમાચાર પૂછી. આશ્વાસન આપી તથા સત્કાર કરી કમલનયન પ્રિયતમ શ્રીબેઠકમાં મોટા સુંદર તકિયાવાળી મહોનર રૂ વાળી મોટી ગાદી પર બિરાજ્યા અને ભક્તમંડળ, સ્વજનો, બાંધવો અને સર્વ આતુર ભક્તોને સુખદાન કર્યું. ત્યારબાદ મ્લેચ્છપતિએ જે કહ્યું અને તેના પ્રતિ શ્રીગોકુલેશ પ્રભુએ સ્વયં શું કહ્યું, આસફખાને જે કહ્યું અને આપશ્રીએ તેને શું કહ્યું હતું, તથા કાશ્મીરમાં બનેલા અન્ય વૃત્તાંત ક્રમપૂર્વક પ્રેમહર્ષ સહિત કહ્યોં; તે માટે ભક્તજનોએ સર્વદા સેવ્ય શ્રીગોકુલપતિને અભિનંદન આપ્યાં. પછી શ્રીગોકુલેશ પ્રભુ ઊઠ્યા; અને સ્નાન કરી, શંખનાદ કરી શ્રીપ્રભુના ઉત્થાપન કરાવ્યાં. શ્રીપ્રભુના શ્રીમુખકમળને પ્રેમપૂર્વક નિરખી પરમ આનંદ પ્રાપ્ત કર્યો. ત્યાં યથાયોગ્ય બીજાં કાર્ય કરી, પોતાના સઘળાં પરિવારજનો સાથે ફળાહાર કર્યો.

પછી અસંખ્ય સંબંધીઓ, ભક્તો, સ્વજનોથી વીંટળાયેલા મહાયશસ્વી, તેજસ્વી ભગવાન શ્રીગોકુલેશ પ્રભુએ નિજ બેઠકને શોભાયમાન કરી. તે વખતે જેમનામાં પ્રેમ-ભક્તિ ઉછળી રહ્યાં છે, એવા ભક્તોની સુંદર વસ્ત્રોથી રચાયેલી મનોહર પહેરામણીનો, ન્યોછાવર કરાયેલાં, સુવર્ણ, મણિ, મોતી જડેલાં આભરણોનો, વિવિધ પ્રકારની ભેટોનો જગન્નાથ શ્રીગોકુલેશ પ્રભુએ અંગીકાર કર્યો. શ્રીગોકુલાધીશે કાર્તક સુદ એકમે શ્રીગોવર્ધન પર્વત પર ન જતાં શ્રીગોકુલમાં જ અનુગ્રહ કરી શ્રીગોકુલેશ પ્રભુનો મહિમા વધારવા માટે મહાઉત્સાહપૂર્વક ઘણી સામગ્રી વડે અન્નકૂટ ઉત્સવ કર્યો.

ચલીયે અનન્ય ભક્તનકે પંથમેં, ધરીયે વિસેષ વિચાર ।

ભક્તચર્ણ ચિત્ત રાખીયે, નાગર અનન્ય પ્રકાર ।।

અનુભવ કીનો ભક્તનને, અપને નેનનિ સંગ ।

નિરખ્યો નખશિખ સ્વરૂપને વલ્લભહો સોરંગ ।।

।। આ પ્રમાણે શ્રીમદ્ ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલનો ત્રેવીશમો તરંગ પૂરો થયો ।।

।। હવે તરંગ ચોવીશમો શરૂ થાય છે ।।

તરંગ ૨૪

કલ્લોલ ૮નું ઉપસંહાર

આ સાર્વભૌમ વિજય નામના આઠમા કલ્લોલના પ્રથમ તરંગ કૃપાશક્તિની વિજ્ઞાપના, તેમના પ્રતિ શ્રીગોકુલેશ પ્રભુનો ઉત્તર તથા અંતરંગ ભક્તની વિનંતી કહી છે. બીજા તરંગમાં સંન્યાસીએ જે પત્ર લખ્યો, તે બાદશાહને મોકલ્યો, તેનો ઉલ્લેખ કર્યો છે. પછી પાદશાહના મન સંબંધી હર્ષ અને મિથ્યા ક્રોધનો અભિનય, શ્રીગોકુલેશ પ્રભુને બોલાવવાનો આદેશ તથા મ્લેછપતિની આગળ પ્રભુના ભક્ત આસફખાનનો પ્રભુને આદર સહિત કાશ્મીરમાં લઈ આવે તેવા પત્રને લશ્કરખાન પાસે લખાવવાનો વિચાર, મ્લેચ્છપતિએ એ વિચારને આનંદથી અનુમોદન આપ્યું, ત્યારે શ્રીગોકુલેશ પ્રભુને કાશ્મીરમાં પધારવા માટે લખેલો પત્ર સિંહજી વૈધ પ્રભુની પાસે સત્વરે લાવ્યા, તે તથા પત્રને જોઈ શ્રીગોકુલેશ પ્રભુના ચિત્તની પ્રસન્નતા વર્ણવી છે. ત્રીજા તરંગમાં શ્રીગોકુલેશ પ્રભુની આગળ શ્રીયમુનાજીની વિનંતી પછી શ્રીગોકુલેશ પ્રભુનું પ્રસ્થાન અને આગ્રાનગરમાં લશ્કરખાન સાથે સંવાદ, ત્યાંથી શ્રીગોકુલેશ પ્રભુનું આગળ પધારવું, ઘણાં લોકોનો ઉદ્ધાર તથા આમલખેડા ગામમાં તેમનું પધારવું, વગેરે વર્ણવેલું છે.

ચોથા તરંગમાં જલસેરમાં શ્રીગોકુલેશ પ્રભુનો નિવાસ, રાજબાઈ આદિ ભક્તો પર કૃપા અને મંદિરના અધિકારી આદિની વિદાય, મહાવજીભાઈ આદિ ભક્તોનો પાધા ન જવાનો અને પ્રભુની સાથે ચાલવાનો દઢ નિશ્ચય, હીરાભાઈ નામના પ્રસિદ્ધ ભક્ત પર કૃપા, તપાનામ નામના તપસ્વી પર કરુણાની વર્ષા, દિલ્હીમાં ભક્ત તારાચંદનું સ્મરણ, નરેરા ગામમાંથી ગાંગુ પહેરગીરને આસફખાન પાસે કાશ્મીરમાં મોકલ્યો, ગુન્નોર ગામમાં શ્રીગોકુલથી બીજા વાંકા માર્ગોથી કેશવદાસ આદિ ભક્તો આવ્યા તેનું વર્ણન કર્યું છે. પછી પાંચમા તરંગમાં પુરુષોત્તમદાસ મેહરાએ કરેલો દહીં-કાદવનો વિહાર અને કુરુક્ષેત્રમાં પ્રભુનું પધારવું, કાટકછુવા ગામમાં કોઈક વ્યાપારીની પ્રભુમાં વિશેષ ભક્તિ, અંબાલા નગરમાં નિજ ભક્તસુંદરીઓ પર કૃપા, સિંહનંદમાં પવિત્રાંનો ઉત્સવ તથા દુરાહ નામના ગામમાં વિકૃત નેત્રવાળા ભક્ત કલ્યાણદાસ પાક માટે ઈન્દ્રવારુણીનાં ફળો લાવ્યા, તેથી થયેલો હાસ્યવિલાસ, પછી ફુલ્લોર નામના ગામમાં ચતુરનાગાદિ વિરક્તોનું આગમન વગેરે વર્ણવ્યું છે. તરંગ છઠ્ઠામાં સૈયદ જાતિના મ્લેચ્છ વિશેષ પર પ્રભુની કૃપા અને તેનો ભાવ, ગિરિધરદાસ આદિ નિજ ભક્તો પર કરુણાની વર્ષા અને શ્રીગોકુલેશ પ્રભુનો આનંદ, પટ્ટી ગામમાં ભગવાનદાસની સ્ત્રી કેસરદે એ કરેલો મહોત્સવ સમૂહ તથા પ્રાતઃકાલના દધિકાદવના ઉત્સવનું વર્ણન કર્યું છે. પછી સાતમાં તરંગમાં પટ્ટી ગામથી પ્રાણનાથ પ્રસ્થાન, વીરપાલાદિનો ચિંતાથી જ્વર વિશેષ અને હંમેશા શ્રીગોકુલપતિની સાથે શ્રીગોવર્ધનધારીજીનું પધારવું, નવસહરાદિમાં પધારવું, લાહોરમાં નિજ ભક્તો પર અનુગ્રહ, ઘનશ્યામદાસના ઘરમાં પ્રેમથી પધારવું, ત્યાં બિરાજવું, તે ઘનશ્યામદાસે સુખપાલજી અર્પણ કરી તે, તથા ફજિલાબાદ આદિ ગામને પાવન કરવું, ચીમાંગખંડનાં ઉપેક્ષા કરાયેલા તળાવને ઘણા પ્રકારે પાવન કર્યું, કોઈ દરિદ્ર બ્રાહ્મણ પર શ્રીગોકુલેશ પ્રભુની કરુણા તથા તેને ભેટ કરેલી મિશરીનો શ્રીગોકુલેશ પ્રભુએ કરેલો અંગીકાર, ગુજરાત નામના ગામમાં નિહાલચંદ નામના ભક્તની સાથે શ્રીગોકુલેશ પ્રભુએ કરેલી હાસ્ય ગોષ્ઠી વર્ણવી છે.

આઠમા તરંગમાં હરુના જમાઇ પાપી છીતરની સાથે દુષ્ટ સંન્યાસીનો સંવાદ અને તે સંન્યાસીનું દુષ્ટ પત્ર બનાવવાનું દુષ્કર્મ-કે શ્રીગોકુલનાથજીએ સંન્યાસીને મારવા માટે દુષ્ટ ગામવાસીઓને ઘણું જ ધન આપ્યું છે. આ પ્રમાણેના પત્રનું લખાણ અને તેના ઉપર કતર્દી નામના મુદ્રાધિકારીએ એ 'આ સાચુ છે' એમ ન લખ્યું અને મુદ્રા ન કરી એ કહ્યું છે. તે પત્ર પાદશાહને કાશ્મીરમાં મોકલવો, 'આ પત્ર મિથ્યા છે', એવી જહાંગીર બાદશાહની બુદ્ધિ તથા વચન, તે પર ભક્ત ઇતબારખાનનું તથઅ પરમ ચતુર આસફખાનનું એવું કથન, અને તેથી દેશપતિનો હર્ષ, ચોરોના શસ્ત્રસમૂહથી છીતરનું મરણ વર્ણવ્યું છે. પછી નવમા તરંગમાં પ્રાણનાથનું ભંભર ગામમાં આગમન, ઘાટી પાર કરી, સંદોહ આદિ ઘાટીમાં પધારી ચિંગિસ નામના ગામમાં જલમાં ઘઉં પીસવાના યંત્રનું અવલોકન, રતનપંજાલ નામની દુર્ગમ ઘાટી કે જે પાર કરવામાં કઠિન તેથી ત્યાં કેટલાક લોકોનો અંતરંગ ભક્તને ઉપાલંભ, અત્યંત કઠિન ઘાટી પીરપંજાલનું ઉતરાણ, મહમદકુલી નામની મ્લેચ્છની લાઢી (મઢી)માં પધારવું. તેમાં સ્વતંત્ર પ્રભુની તે મ્લેચ્છ પર કૃપા, હીરપુરમાં તે ભક્તોની ચિંતા-ક્લેશનું કરુણાસાગર પ્રાણેશ્વરએ કરેલું સમાધાન, બારસને દિવસે શ્રીગોકુલેશ પ્રભુએ રાકૂકી સરાય ગામને પોતાના બિરાજવાથી શોભાયમાન કર્યું, તે તથા કાશ્મીરવાસી ભક્તોનું ત્યાં આગમન, આસફખાનનો ત્યાં ન આવવાનો હેતુ અને રામરાયના બગીચામાં શ્રીગોકુલેશ પ્રભુનું નિજ શિબીરમાં બીરાજવું, ત્યાં જ ભોજન લીલા તથા નીદ્રાલીલાનો આદર, સર્વ પ્રતિ પ્રભુનો અનુરાગ આ સર્વ વર્ણવેલું છે.

દશમા તરંગમાં પોતાના અંતરંગ સાથે શ્રીગોકુલેશ પ્રભુનો સંવાદ, રાઘવદાસના વચનથી ચૌદ લોકના સ્વામી શ્રીગોકુલેશ પ્રભુનું દિલાવરખાનના ઘરમાં સ્વયં પધારવું, મુકુંદદાસના ઘરમાં શ્રીગોકુલેશ પ્રભુનું બિરાજવું અને પછી ઇતબારખાનને ઘેર પધારવું, બીજે દિવસે પોતાના રસનાને અત્યંત કૃતાર્થ કરી તે અને ભાગ્યવાન ભક્તરાજ આસફખાને કરેલી પ્રાણનાથ શ્રીગોકુલપતિની સ્તુતિ-એ બધું વર્ણવ્યું છે. એકાદશ તરંગમાં આસફખાનો શ્રીગોકુલેશ પ્રભુને પ્રશ્ન અને પ્રિય શ્રીગોકુલેશ પ્રભુનો યજ્ઞોપવીતથી પણ તુલસીમાલાનો ઉત્કર્ષ પ્રગટ કરનારો ઉત્તર, ફરીથી તેની વિનંતી અને શ્રીગોકુલેશ પ્રભુનો ધર્મમય ઉત્તર-ભગવાને જે કહ્યું, તે સર્વ પોતાના હાથથી પ્રેમપૂર્વક આસફખાને પત્રમાં લખી રાખ્યું, અને આ પ્રમાણે તેના ઉપર અનુગ્રહ કરી શ્રીગોકુલેશ પ્રભુ નિજ શિબીરમાં પધાર્યા તે વર્ણવ્યું છે.

દ્વાદશમાં તરંગમાં ઉચ્છલિત ભક્તિવાળા દેશપતિને શ્રીગોકુલેશ પ્રભુમાં રસપુષ્ટ વિચાર સ્ફૂર્યા તે કહ્યું. ત્રયોદશમા તરંગમાં આસફખાનને દેશપતિનો મધુર પ્રશ્ન તથા પ્રાણપતિના આશ્રયે તેણે આપેલો ઉત્તર કહ્યો છે. ચતુરદશમાં તરંગમાં મ્લેચ્છાદિ અધમ જીવોના ઉદ્ધાર માટે કૃપાસમૂહથી વિજય ઘોડા પર શ્રીગોકુલેશ પ્રભુનું સવાર થવું અને શુભ પ્રસ્થાન કરવું, શ્રીગોકુલેશ પ્રભુ તથઅ આપશ્રીના ભક્તોનું જે પરાક્રમ થયું તે વર્ણવ્યું છે. પંચદશમા તરંગમાં પ્રિયતમને તાદશભક્તોનો પ્રેમપૂર્વક હિતોપદેશ કે આપશ્રી મ્લેચ્છપતિની આગળ 'આ પ્રમાણે કહેશો, અન્ય પ્રકારે નહિ', તથા પ્રાણેશ્વર તે ભક્તોનું કરેલું સમાધાન, હરિદાસ તોવરાદિનો એવો ચિંતાવિચાર અને સ્વરૂપનૈષ્ઠિક આસફખાનનું ત્યાં ત્વરિત આગમન, ગુપ્ત કર્ય માટે ગુપ્ત હર્ષ અને પાદશાહના મહેલમાં ગમન, તેના દ્વારપાલાદિના પ્રબલ દોષો દૂર કરવા માટે માનવલીલાધારી કૃપાસાગર શ્રીગોકુલેશ પ્રભુએ તેના દ્વાર પાસે કંઇક વિલંબ કર્યો, પછી તેના મહેલમાં પોતાના ભાણેજ મધુસૂદનની સાથે શ્રીગોકુલેશ પ્રભુએ પ્રવેશ કર્યો, તે વાત કહી છે.

પછી ષોડશમાં તરંગમાં શ્રીગોકુલેશ પ્રભુએ મ્લેચ્છપતિને પવિત્રાદિનું દાન કર્યું, પછી શ્રીગોકુલેશ પ્રભુના સૌંદર્યાદિથી તે દેશપતિને લોકાતીત અવસ્થાનો અનુભવ થયો તે કહ્યું છે. સપ્તદશમા તરંગમાં પ્રિય શ્રીગોકુલેશ પ્રભુનો દેશપતિ સાથે સંવાદ, પાદશાહની પુત્રાદિની અવજ્ઞા, તેનો ગુપ્ત હર્ષ, તેના પ્રેમનો સમુલ્લાસ, મહા અસુર તે સંન્યાસીમાં અનુરાગવાળા દુષ્ટ ભાગ્યવાળા રાજા સારંગદેવની દુર્બુદ્ધિ અને આસફખાને કરેલો તેનો અત્યંત તિરસ્કાર, આસફખાનના ઘરમાં પ્રથમ શ્રીગોકુલપતિએ યજ્ઞોપવીથથી તુલસીમાળાની મુખ્યતા સ્થાપિત કરતો જે સંવાદ કર્યો હતો, તે દેશપતિને પ્રસન્ન કરનારો બન્યો, તે અને શૈવોનું રુદ્રાક્ષમાલાનું ખંડન કર્યું તે વર્ણવ્યું છે. અષ્ટાદશમાં તરંગમાં દેશપતિની સાથે શ્રીગોકુલેશ પ્રભુનો સંવાદ, તેમાં સભાનું કંપવું, ભક્તોની ભારે ચિંતા અને ભય તથા ભગવદ્ભક્તિથી પ્રકાશમાન દેશપતિનો શ્રીગોકુલેશ પ્રભુના શ્રીગોકુલત્યાગનો વિચાર, ચર્ચા, સમર્થન, સરસ્વતીનો ભય અને નિજભક્તોનું નિવેદન વર્ણવ્યું છે.

ઓગણીશમા તરંગમાં મ્લેચ્છપતિએ જે શ્રીગોકુલત્યાગ કહ્યો, તેનો શ્રીગોકુલેશ પ્રભુએ સ્વીકાર કરેલો, તેમનો વિજય, તેનું ગંભીર વિસ્મયરૂપ સમુદ્રમાં ડૂબવું, ગૂઢ કૃપાભક્તિથી મળેલી મધુર કથા, વિયોગની ક્ષણોને ગુજારવા માટે ગૂઢ ભક્તિથી દેશપતિએ જે યુક્તિથી શ્રીહસ્તાક્ષરથી શોભાયમાન પત્રની પ્રાર્થના કરી, તેમાં શ્રીગોકુલેશ પ્રભુની વિલ્વલતા, અને બિરાજીને તે દેશપતિએ કહ્યા પ્રમાણે આદર થાય, રુચે તે રીતે, ચાંદીના દીપદંડના વિસ્તૃત પ્રકાશમાં ગોકુલના ત્યાગ સંબંધી પત્રનું લખવું, ફરીથી મ્લેચ્છપતિને વિસ્મયરૂપ સમુદ્રમાં ડૂબાડી, કૃતાર્થ કરી, શ્રીગોકુલેશ પ્રભુ નિજ શિબિરમાં પધારવું, એ બધી વાત કહી છે. વીસમા તરંગમાં પાદશાહનો પોતાની સ્ત્રીની સાથે વિસ્મયોદેક સહિત સંવાદ તથા તે બલભદ્ર કાનવીસે સુંદર રીતે યાદ કરેલા અતિ મનોહર સંવાદના તત્ત્વથી પાદશાહનું કરેલું સમાધાન, પ્રિય શ્રીગોકુલેશ પ્રભુના વિયોગથી ઉદ્ભવેલા ઉદ્વેગથી મૃગયાને બહાને દેશપતિનું મચ્છીભવનમાં વેગથી જવું, તે કહ્યું છે. એકવીસમા તરંગમાં શ્રીગોકુલેશ પ્રભુના ચિત્તમાં દેશપતિનો પ્રવેશ, આસફખાનના ઘરમાં કૃપાથી પધારવું, ત્યાં શૂકરક્ષેત્રમાં પધારવાનો સુંદર નિર્ણય, મહાન જ્યોતિષરાય પરમાનંદજાનીએ કરેલો યાત્રાના મુહૂર્તમાં નિર્ણય તથા લોકોની ઘણી ભીડાભીડ, આપશ્રીનું દુર્ગાદાસે સ્વીકારેલું શરણ, કલ્પવ્યાકરણાદિનો અંગીકાર, રાઘવદાસના ઘરમાં, મુકુંદદાસના ઘરમાં, વહોરા શેઠને ઘેર અને હરિદાસ તોવરને ઘેર શ્રીગોકુલેશ પ્રભુનું કૃપા કરીને પધારવું કહ્યું છે.

બાવીસમા તરંગમાં શ્રીગોકુલપતિએ કાશ્મીરથી પ્રસ્થાન કર્યું તે, માર્ગમાં દેવદારનું વૃક્ષ જોવું કે જેના મૂલથી બખોલમાં એક મોટો ખાટલો બિછાવેલો, એક બકરી બાંધેલી, એક પુરુષ સઘળા વસ્ત્ર અને પાત્ર પ્રસારી રસોઇ કરી રહ્યો હતો એવા દેવદારના વૃક્ષ જોયું. શ્રીગુસાંઈજીના પંચમકુમાર શ્રીરઘુનાથજીના આત્મજ શ્રીગોપાલલાલજીને જોઇ શ્રીગોકુલપતિ દ્વારા પોતાના સેવ્યના કુશળસમાચાર પૂછવા, શ્રીગોકુલનો વૃત્તાંત પૂછવો, સંબંધીઓ પર શ્રીગોકુલેશ પ્રભુનો ક્રોધ, માર્ગમાં મ્લેચ્છપતિની ભાર્યાની લજ્જાનો નાશ આદિ વૃત્તાંત, તથા ત્યારબાદ સ્વપ્નમાં વિષ્ણુદાસ ગઢવીને જોયા તે, ભંભર ગામમાં તેમનું મળવું. દોલતનગરની સમીપ તાપીપુરવાસી ભક્તોએ મોકલેલો પત્ર શ્રીગોકુલેશ પ્રભુને મળ્યો, તેમના ઉપર શ્રીગોકુલેશ પ્રભુએ પત્ર લખ્યો, ગુજરાતાદિ ગામમાં શ્રીગોકુલેશ પ્રભુનું પધારવું, નંદીશ્વરમાં બિરાજવું, શ્રીગોકુલમાં જેતા પહેરગીરને મોકલવો કે જેથી પોતાના આત્મજ શ્રીગોપાલજી આદિનો, ભક્તોનો આનંદ વધે તે વાત વર્ણવી છે.

ત્રેવીસમાં તરંગમાં શ્રીગોવર્ધનમાં પ્રસન્ન થયેલા ભક્ત ગઢવીનું પ્રભુની સન્મુખ આવવું તેવી રીતે અન્ય ભક્તોનું પણ સન્મુખ આવવું, શ્રીગોકુલેશ પ્રભુએ જે કૃપાદષ્ટિથી તેમના ઉપર અનુગરહ કર્યો છે, તે તથા શ્રીગિરિરાજી પર પધારવું, તથા શ્રીગોવર્ધનનાથજીને જગાડવા માટે લક્ષ્મીદાસ ભીતરિયાએ લાડણને કહ્યું કે શંખનાદ કરો તે મતલબનો સંવાદ, શ્રીગોકુલેશ પ્રભુએ શ્રીનાથજીનાં દર્શન કર્યાં તે, પછી મોટાભાઇનો આદર કરવા ગયા, શ્રીગોકુલેશ પ્રભુનું ત્યાંથી પ્રસ્થાન, શ્રીગોકુલથી સઘળા ભક્તોનું પ્રેમથી પ્રભુનું સામૈયું કરવું, ખીરકમાં શ્રીગોકુલેશ પ્રભુનું પોતાના આત્મજોને મળવું, શ્રીયમુનાજી પાર કરી શ્રીગોકુલમાં પ્રેમથી, આતુરતાથી પ્રવેશ, પોતાનાં પરિવારજનો અને ભક્તો સમક્ષ કાશ્મીરના વૃત્તાંતનું કથન, સ્વસેવ્યના શ્રીમુખારવિંદનું દર્શન, એનો આનંદ, એકાદશીને દિવસે ફળાહાર કરવો, નિજ સદન શ્રીબેઠકમાં ભક્તસમૂહે કરેલી પહેરામણી, કારતક સુદ એકમે શ્રીગોકુલમાં અન્નકુટ ઉત્સવ કર્યો તે વાત કહી છે. ત્યાર પછીના ચોવીસમાં તરંગમાં સઘળા તરંગોની વિગત ટૂંકમાં કહી છે. શ્રીગોકુલેશ પ્રભુની પ્રાપ્તિને સિદ્ધ કરનાર, ને મધુર ફળરૂપ સઘળા ભક્તોને સઘળા મનોરથનું દાન કરનાર, સઘળા ભક્તોનું સર્વ અનિષ્ટ દૂર કરનાર આ આઠમા કલ્લોલના એ બધા પ્રસંગોને પ્રેમપૂર્ણ ચિત્તમાં ધારણ કરનાર હે રસિકભક્તો હવે કહેવામાં આવનાર નવમા કલ્લોલનું આપણે સૌ શ્રીગોકુલેશ પ્રભુના અનન્યજનો સૌ કાનરૂપ હાથથી પાન કરીએ.

।। શ્રીગોકુલનાથકી જય જયતિ ।।


।। આ પ્રમાણે શ્રીમદ્‌ગોકુલેશલીલા સુધાસિંધુમાં સાર્વભૌમ વિજય નામનો આઠમો કલ્લોલનો ચોવીસમો તરંગ પૂરો થયો ।।

શ્રીગોકુલેશ લીલા સુધા સિંધુ

અંતર્ગત સાર્વભૌમ વિજય નામનો

કલ્લોલ આઠમો સંપૂર્ણો થયો.

આઠમા કલ્લોલના કુલ શ્લોક ૧૫૧૫૧/૨



॥ શ્રીગોકુલેશો જયતિ ॥

કલ્લોલ ૮ (તરંગ ૩ થી ૯)



સં.૧૬૭૬માં શ્રીગોકુલનાથજીએ શ્રીમાલા–તિલક માટે કાશ્મીર–પ્રવાસની રૂપરેખા શ્રીગોકુલ થી કાશ્મીર

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

કલ્લોલ ૮ (તરંગ ૨૨, ૨૩)




સં.૧૬૭૬માં શ્રીગોકુલનાથજીએ શ્રીમાલા–તિલક માટે કાશ્મીર–પ્રવાસની રૂપરેખા કાશ્મીર થી શ્રીગોકુલ

શ્રીગોકુલેશ પાઠશાળા - વિશેષ અંક

શ્રીમાલા-તિલક ઉદ્ધાર પ્રસંગ

કલ્લોલ ૮



વ્રજ કાર્તિક કૃષ્ણ પક્ષ ૫. ૨૦૬૭
ગુર્જર આસો વદ ૫. ૨૦૬૬

માલા પ્રસંગનું પદ

राग सारंग

जयति श्रीगोकुलनाथ प्रानपति, जिननके मालमुद्रा धर्म सबन दीने ।।
वे शंका खाय संन्यास दंडियको, भूप दिल्लीश घर दंड़ कीने ।।१।।
सकल भुवन-मंड़लाधीशचूड़ा नम्यौ, जान माहात्म्य गुन शरन आयो ।।
जान अपवाद जीय मूढ़ निज वेशको, आत्मवंचक कपटि दूर धायो ।।२।।
जयति जय देव तिहुंलोकमें धुन भइ कीरति विख्यात जगमें ज छाई ।।
सरस रंगी प्रभु ईशके ईशकी, शरण कीये महासिद्धि पाई ।।३।।